# ચૌદમી ગુજરાત વિધાનસભા

## પાંચમુ સત્ર, ૨૦૧૯

## તારાંકિત પ્રશ્નોત્તરી

### મંગળવાર, ૧૦મી ડિસેમ્બર, ૨૦૧૯

**જવાબ આપનાર મંત્રીશ્રીઓઃ**

| | | |
|---|---|---|
| **(૧) માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** | **:** | **નાણા, માર્ગ અને મકાન, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, નર્મદા, કલ્પસર, પાટનગર યોજના** |
| **(૨) માનનીય મંત્રીશ્રી** | **:** | **શિક્ષણ(પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, કાયદો અને ન્યાયતંત્ર, વૈધાનિક અને સંસદીય બાબતો, મીઠા ઉદ્યોગ, ગૌ-સંવર્ધન, નાગરિક ઉડ્ડયન** |
| **(૩) માનનીય મંત્રીશ્રી** | **:** | **ઊર્જા** |
| **(૪) માનનીય મંત્રીશ્રી** | **:** | **આદિજાતિ વિકાસ, વન, મહિલા અને બાળ કલ્યાણ** |
| **(૫) માનનીય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)** | **:** | **પંચાયત, પર્યાવરણ** |

# ૧

**લીલીયા અને સાવરકુંડલા તાલુકાના રસ્તાના કામો**

* ૨૦૯૩૫ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના લીલીયા અને સાવરકુંડલા તાલુકાના (૧) ભોરીંગડા-ક્રાંકચ રોડ, (૨) થોરડી-ભંડારીયા-ભાક્ષી રોડ, (૩) મેકડા-ઇંગોરાળા રોડ, (૪) નાના ભમોદ્રા-સીમરણ રોડ, (૫)ખડસલી એપ્રોચ રોડ, (૬) ડેડકડી એપ્રોચ રોડ નોન-પ્લાન કાચા રસ્તા અને દશ વર્ષથી રીસરફેસીંગ ન થયા હોય તેવા (નોન-પ્લાન) સાવરકુંડલા તાલુકાના (૧) નાના-ભમોદ્રાથી ખડકા રોડ, (૨) મોટા જીજુડાથી ખોડીયાર પરા રોડ કે જેને તા.૦૬-૦૨-૨૦૧૯ ના રોજ જોબ નંબર આપેલ છે તે રસ્તાના કામ તા.૧૫-૧૧-૨૦૧૯ ની સ્થિતિએ પૂર્ણ થયેલ નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા તો ઉક્ત રસ્તાના કામો ઉક્ત સ્થિતિએ પૂર્ણ ન થવાના શા કારણો છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

ઉક્ત સ્થિતિએ આ કામો તાંત્રિક મંજુરી/ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી વર્કઓર્ડર આપી સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

# ૨

## સૌની યોજના હેઠળ ડેમો ભરવા બાબત

* ૨૦૧૧૯ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર સૌની યોજના હેઠળ ડેમો ભરવા કેટલું પાણી નર્મદા યોજનામાંથી આપવામાં આવ્યું?

**જવાબ**

તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા યોજના માંથી સૌની યોજના હેઠળ ડેમો ભરવા માટે માસવાર આપવામાં આવેલ પાણીની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | માસ | આપવામાં આવેલ પાણીનો જથ્થો (મીલીયન ઘન મીટર) |
|---|---|---|
| ૧ | નવેમ્બર–૨૦૧૭ | ૦. |
| ૨ | ડીસેમ્બર–૨૦૧૭ | ૦. |
| ૩ | જાન્યુઆરી–૨૦૧૮ | ૦. |
| ૪ | ફેબ્રુઆરી–૨૦૧૮ | ૦. |
| ૫ | માર્ચ–૨૦૧૮ | ૧૪.૭૧ |
| ૬ | એપ્રિલ–૨૦૧૮ | ૮.૪૮ |
| ૭ | મે–૨૦૧૮ | ૧.૨૩ |
| ૮ | જુન–૨૦૧૮ | ૦. |
| ૯ | જુલાઇ–૨૦૧૮ | ૦. |
| ૧૦ | ઓગસ્ટ–૨૦૧૮ | ૦. |
| ૧૧ | સપ્ટેમ્બર–૨૦૧૮ | ૨૧.૩૧ |
| ૧૨ | ઓક્ટોબર–૨૦૧૮ | ૫૦.૨૭ |
| ૧૩ | નવેમ્બર–૨૦૧૮ | ૦. |
| ૧૪ | ડીસેમ્બર–૨૦૧૮ | ૧૬.૨૩ |
| ૧૫ | જાન્યુઆરી–૨૦૧૯ | ૫૦.૩૯ |
| ૧૬ | ફેબ્રુઆરી ૨૦૧૯ | ૧૮.૦૫ |
| ૧૭ | માર્ચ ૨૦૧૯ | ૪૩.૮૬ |
| ૧૮ | એપ્રિલ ૨૦૧૯ | ૨૦.૭૨ |
| ૧૯ | મે ૨૦૧૯ | ૨૬.૯૭ |
| ૨૦ | જુન ૨૦૧૯ | ૨૩.૧૧ |
| ૨૧ | જુલાઇ–૨૦૧૯ | ૩૦.૮૯ |
| ૨૨ | ઓગસ્ટ–૨૦૧૯ | ૨૫.૮ |
| ૨૩ | સપ્ટેમ્બર–૨૦૧૯ | ૧૧.૬૧ |
| ૨૪ | ઓક્ટોબર–૨૦૧૯ | ૦.૪૮ |
|  | **કુલ** | **૩૬૪.૧૧** |

---------

# ૩

## સુરત જિલ્લામાં માનવ ગરિમા યોજનાનો લાભ

* ૧૯૮૫૨ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત પશ્ચિમ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના ઇસમો માટેની માનવ ગરિમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૦–૯–૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૫૬૪૨ |
| ૨ | ૨૦૧૯–૨૦ | ૦ |

(૨)

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ |
|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | રૂ.૮૭.૧૯ લાખ |
| ૨ | ૨૦૧૯–૨૦ | ૦ |

---------

# ૪

## આણંદ જિલ્લાની શાળામાં કોમ્પ્યુટર લેબની સુવિધા

* ૨૦૫૬૯ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા ઉપલબ્ધ છે અને કેટલામાં નથી,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબ કયા કારણોસર બંધ હાલતમાં છે, અને

(૩) આ બંધ પડેલ કોમ્પ્યુટર લેબ ક્યાં સુધીમાં ચાલુ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ૬૯૯ પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા ઉપલબ્ધ છે અને ૩૪૧ પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા ઉપલબ્ધ નથી.

(૨) ૩૪ પ્રાથમિક શાળાઓમાં ટેકનીકલ કારણોસર કોમ્પ્યુટર લેબ બંધ હાલતમાં છે.

(૩) આ બંધ પડેલ કોમ્પ્યુટર લેબ ચાલુ થઇ શકે તેમ નથી.

---------

# ૫

## મહેસાણા તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૯૮૫૩ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ માં તા.૩૦–૦૯–૨૦૧૯ ની સ્થિતિએ કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા (લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૦.૬૩ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૦૯–૨૦૧૯ ની સ્થિતિએ) | ૦.૩૫ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૪૭.૫૫ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૦૯–૨૦૧૯ ની સ્થિતિએ) | ૧૭.૧૪ |

---------

# ૬

## અમદાવાદ શહેર અને જિલ્લામાં મેલેરિયા, ડેન્ગ્યુ, કોંગો ફીવરના નોંધાયેલ કેસો

* ૨૦૨૫૨ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૯–૧૧–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં મેલેરિયા, ડેન્ગ્યુ અને કોંગોફિવરના કેટલા કેસો વર્ષ વાર નોંધાયા,

**જવાબ**

(૧) ૧૯–૧૧–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં મેલેરિયા, ડેન્ગ્યુ અને કોંગો ફિવરના નોંધાયેલ કેસો વર્ષ વાર નીચે મુજબ છે.

| વર્ષ | અમદાવાદ જિલ્લા | | | અમદાવાદ શહેર | | |
|---|---|---|---|---|---|---|
| | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગો ફીવર | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગો ફીવર |
| ૨૦/૧૧/૧૭ થી ૧૯/૧૧/૧૮ | ૧૨૯ | ૫૪ | ૦ | ૭૩૨૧ | ૨૬૯૬ | ૦ |
| ૨૦/૧૧/૧૮ થી ૧૯/૧૧/૧૯ | ૫૭ | ૧૪૨ | ૦ | ૪૪૫૭ | ૨૯૯૧ | ૦ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, રોગવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, રોગવાર દર્દીઓના નોંધાયેલ મૃત્યુની વિગતો નીચે મુજબ છે.

**અમદાવાદ જિલ્લો–**

| તાલુકાનું નામ | ૨૦–૧૧–૧૭ થી ૧૯–૧૧–૧૮ | | | ૨૦–૧૧–૧૮ થી ૧૯–૧૧–૧૯ | | |
|---|---|---|---|---|---|---|
| | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગો ફીવર | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગો ફીવર |
| દસક્રોઇ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ધોળકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બાવળા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સાણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| દેત્રોજ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| માંડલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વિરમગામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ધોલેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ધંધુકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** | **૦** |

**અમદાવાદ શહેર–**

| ઝોન | ૨૦–૧૧–૧૭ થી ૧૯–૧૧–૧૮ | | | ૨૦–૧૧–૧૮ થી ૧૯–૧૧–૧૯ | | |
|---|---|---|---|---|---|---|
| | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગો ફીવર | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગો ફીવર |
| ઉત્તર ઝોન | ૧ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ |
| દક્ષિણ ઝોન | ૧ | ૪ | ૦ | ૦ | ૪ | ૦ |
| પૂર્વ ઝોન | ૦ | ૧ | ૦ | ૦ | ૨ | ૦ |
| પશ્ચિમ ઝોન | ૦ | ૦ | ૦ | ૧ | ૧ | ૦ |
| મધ્ય ઝોન | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| નવો પશ્ચિમ ઝોન | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| **કુલ** | **૨** | **૫** | **૦** | **૨** | **૧૦** | **૦** |

(૩) આવો રોગચાળો ફેલાતો અટકાવવા સરકારે શું પગલા લીધા ?

(૩)

- અમદાવાદ જિલ્લામાં ઉક્ત રોગોને કાબુમાં રાખવા ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ કામગીરી, ફોગીંગ કામગીરી, જંતુનાશક દવાનો છંટકાવ, જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીના ઉપયોગ અને આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે.
- અમદાવાદ શહેરમાં ઉક્ત રોગોને કાબુમાં રાખવા ડોર ટુ ડોર ફીવર સર્વેલન્સ, એન્ટોમોલોજીકલ કામગીરી, પોરાનાશક કામગીરી, જંતુનાશક દવા છંટકાવ કામગીરી, ઈન્ડોર ફોગીંગ કામગીરી, બી.પી.એમ.સી એક્ટ મુજબ કાર્યવાહી અને આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ જેવી વિવધ કામગીરી હાથ ધરવામાં આવે છે.

---------

# ૭

## પંચમહાલ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૧૯૮૬૧ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) પંતમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦માં તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૧૪૦.૦૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૦૯–૨૦૧૯ સુધીમાં) | ૧૦૨.૦૦ |

(૨) ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૮૪.૨૬ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૦૯–૨૦૧૯ સુધીમાં) | ૨૯.૧૪ |

---------

# ૮

## રાજકોટ જિલ્લામાં કાર્યરત આંગણવાડી કેન્દ્રો

* ૧૯૮૨૭ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ કુલ કેટલા આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, અને

(૨) તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રોમાં ઉક્ત સ્થિતિએ શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ ૧૩૭૩ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે.

(૨) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કુલ ૧૩૭૩ આંગણવાડી કેન્દ્રો પૈકી ૧૩૬૧ કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ છે. અને ૧૨ કેન્દ્રોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

# ૯

## જામનગર ખાતે જી.જી. હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૦૫૩૪ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ જામનગર ખાતે આવેલ જી.જી.હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલુ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ કેટલી છે અને ખાલી જગ્યાઓ કેટલી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ જામનગર ખાતે જી.જી.હોસ્પિટલમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | મંજુર |
|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૨ |
| ૨ | વર્ગ–૨ | ૨૫ |
| ૩ | વહીવટી વર્ગ–૩ | ૪૬ |
| ૪ | પેરામેડીકલ વર્ગ–૩ | ૮૫ |
| ૫ | નર્સિંગ વર્ગ–૩ | ૭૦૩ |
| ૬ | વર્ગ–૪ | ૩૭૮ |
| | **કુલ** | **૧૨૩૯** |

(૨) ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર ભરાયેલ જગ્યાઓ અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સંવર્ગ | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૧ | ૧ |
| ૨ | વર્ગ–૨ | ૧૨ | ૧૩ |
| ૩ | વહીવટી વર્ગ–૩ | ૪૩ | ૩ |
| ૪ | પેરામેડીકલ વર્ગ–૩ | ૬૩ | ૨૨ |
| ૫ | નર્સિંગ વર્ગ–૩ | ૫૫૯ | ૧૪૪ |
| ૬ | વર્ગ–૪ | ૩૭૮ | ૦ |
| | **કુલ** | **૧૦૫૬** | **૧૮૩** |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉકટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉકટરો ઉપલબ્ધ થયેથી તૃર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજુર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

---------

# ૧૦

## સંતરામપુર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૯૮૫૭ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ માં તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૧૪૨.૦૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ) | ૭૩.૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૨૭.૩૨ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ) | ૧૨.૬૫ |

---------

# ૧૧

## જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે મેનપાવર પુરો પાડવા બાબત

* ૨૦૧૩૧ **શ્રી ભીખાભાઈ જોષી** (જૂનાગઢ) : **માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, જુનાગઢ ખાતે મેનપાવર પુરો પાડવા કઈ આઉટસોર્સીંગ એજન્સીને કામગીરી સોંપવામાં આવેલ છે,

(૨) ઉક્ત કામગીરી સોપવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાયેલ છે કે કેમ, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમય માટે આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) ૧. મેસર્સ ડી. જી. નાકરાણી
૨. મેસર્સ એમ. જે. સોલંકી

(૨) હા.

(૩) પાંચ(૫) વર્ષ માટે.

---------

# ૧૨

## માણસા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ હેઠળ રોપાનું વાવેતર

* ૨૦૪૨૨ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦માં તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૫૦.૦૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૯–૨૦૧૯ સુધીમાં) | ૫૩.૦૦ |

(૨) તે અન્વયે ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૩૩.૨૨ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૦-૯-૨૦૧૯ સુધીમાં) | ૨૪.૨૯ |

---------

# ૧૩

## રાજકોટ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૧૯૮૪૪ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ-દક્ષિણ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૩૬૬૦૧ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૫૫૬૯૬.૦૪ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૪

## બનાસકાંઠા જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૧૯૮૪૩ **શ્રી શશીકાંત પંડ્યા** (ડીસા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૧૫૨૪ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૨૩૨૪.૨૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૫

## આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ બનાવવા બાબત

* ૨૦૫૭૩ **શ્રી કાંતિભાઈ સોઢા પરમાર** (આણંદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ બનાવવા માટે કઈ જગ્યા પસંદ કરવામાં આવેલ છે, | (૧) જીલ્લા સિવિલ હોસ્પિટલ બનાવવા માટે સાર્વજનિક વ્યાયામ મંદિર પૈકીની ૧ હેક્ટર જમીન ફાળવવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ હોસ્પિટલનું બાંધકામ ક્યારે શરૂ કરવામાં આવશે, અને | (૨) આણંદ જિલ્લામાં સિવિલ હોસ્પિટલ બનાવવા માટે ફાળવવામાં આવેલ વ્યાયામ મંદિર પૈકીની ૧ હેક્ટર જમીન અપુરતી હોઈ વધુ જમીન મળેથી બાંધકામ શરૂ કરવામાં આવશે. |
| (૩) ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે ? | (૩) જમીન મળેથી જરૂરી નકશા, ટેન્ડર વગેરે પ્રક્રિયા સહિત હોસ્પિટલનું બાંધકામ રૂ.૭૨૦૦/- લાખના ખર્ચે બનતી ત્વરાએ પુર્ણ કરવામાં આવશે. |

---------

# ૧૬

## સુરેન્દ્રનગર જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવા બાબત

* ૨૦૪૪૨ **શ્રી ધનજીભાઈ પટેલ** (વઢવાણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા, | (૧) કુલ – ૫૪,૦૯૦ |
| (૨) ઉક્ત જિલ્લામાં લાભાર્થી કુટુંબોને આ કાર્ડ મળી રહે તે માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે, | (૨) ઉક્ત જિલ્લામાં લાભાર્થી કુટુંબોને આ કાર્ડ મળી રહે તે માટે કુલ– ૧૧ (અગિયાર) કિઓસ્ક કાર્યરત છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, અને | (૩) કુલ – ૩૯,૨૫૯ દાવાઓ |
| (૪) ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી છે? | (૪) કુલ – ૩.૬૪,૨૪,૨૧,૭૭૭/– |

---------

# ૧૭

## ૧૮૧ ''અભયમ્'' મહિલા હેલ્પલાઈન શરૂ કરવા બાબત

* ૨૦૦૬૦ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ૧૮૧ ''અભયમ્'' મહિલા હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત હેલ્પલાઈન ક્યારથી શરૂ કરવામાં આવેલ છે, | (૨) તા.૦૪–૦૨–૨૦૧૪ થી. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ફરીયાદો હેલ્પલાઈન પર મળી, અને | (૩) |

| વર્ષ | મળેલ ફરીયાદો |
|---|---|
| ૦૧–૧૧–૨૦૧૭ થી ૩૧–૧૦–૨૦૧૮ | ૧,૫૬,૩૯૨ |
| ૦૧–૧૧–૨૦૧૮ થી ૩૧–૧૦–૨૦૧૯ | ૧,૬૯,૮૩૧ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૪) હેલ્પલાઈન માટે ઉક્ત વર્ષવાર વાહનો માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો? | (૪) |

| વર્ષ | ખર્ચ (રૂ.) |
|---|---|
| ૦૧–૧૧–૨૦૧૭ થી ૩૧–૧૦–૨૦૧૮ | ૨,૨૯,૬૩,૨૩૬ |
| ૦૧–૧૧–૨૦૧૮ થી ૩૧–૧૦–૨૦૧૯ | ૩,૦૬,૨૨,૭૧૨ |

---------

# ૧૮

## ભાવનગર જિલ્લામાં ઘરવપરાશના લાભાર્થીઓને વીજજોડાણ

* ૧૯૮૬૪ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ભાવનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૫૧૮૬ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો? (૨) રૂ. ૧૮૪.૨૩ લાખનો ખર્ચ થયો.

---------

# ૧૯

## સુરત જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૧૯૮૪૧ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૫૪૭૩ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

(૨) રૂ. ૯૦૩૦.૧૬ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૦

## છોટાઉદેપુર જિલ્લામાં ભારે વરસાદથી થયેલ નુકશાન

* ૧૯૭૪૮ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૦૧-૧૧-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં અતિભારે વરસાદથી તાલુકાવાર (પંચાયત અને સ્ટેટના) કેટલા રસ્તા, પુલ, કોઝવે અને નાળાને ભારે નુકશાન થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ નુકશાન થયેલ પુલ, રસ્તા, કોઝવે અને નાળાના મરામત માટે કેટલી રકમના ખર્ચનો અંદાજ છે, અને

(૩) ઉક્ત કામ ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧) ઉકત સ્થિતિએ અતિભારે વરસાદના કારણે નુકશાન પામેલ તમામ રસ્તા, પુલ, કોઝવે અને નાળાને મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે. જે રસ્તા, પુલ, કોઝવેને નુકશાન થયેલ તે નીચે મુજબ છે.

| તાલુકો | રસ્તા | પુલ | કોઝવે/ નાળા |
|---|---|---|---|
| ક્વાંટ | ૨ | - | ૮ |
| છોટાઉદેપુર | ૧ | - | ૧ |
| નસવાડી | ૨ | - | ૯ |
| સંખેડા | - | - | ૧ |
| જેતપુરપાવી | - | - | ૧ |
| બોડેલી | ૧ | ૧ | ૧ |
| **કુલ** | **૬** | **૧** | **૨૧** |

(૨) અને (૩) જરૂરીયાત મુજબ ૧ રસ્તાનું, ૧ પુલનું અને ૧ નાળાનું રૂ.૧૨૬૦.૦૦ લાખનું પુનઃ બાંધકામ મંજુર કરાવેલ છે જે બનતી ત્વરાએ, બાકીના કામો તાંત્રિક જરૂરીયાત અનુસાર.

---------

# ૨૧

## રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાઓ માટે અરજી

* ૨૦૪૧૨ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાઓ મંજૂર કરવા અંગેની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી શાળાઓ મંજુર અને નામંજુર કરવામાં આવી, અને

(૩) નામંજુર કરવાના મુખ્યત્વે શાં કારણો હતાં?

**જવાબ**

(૧) ૨૦૭૦

(૨)

| મંજુર | નામંજુર |
|---|---|
| ૧૩૧૮ | ૭૫૨ |

(૩) શાળા મંજુરી માટેના નિયત માપદંડો સંતોષતા ના હોવાથી.

---------

# ૨૨

## વાંકાનેર ખાતે સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલનું સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૦૫૩૦ **શ્રી મહમદજાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાંકાનેર ખાતે સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ સને ૨૦૧૫માં મંજૂર કરવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૨) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત હોસ્પિટલમાં સંવર્ગવાર મંજૂર મહેકમ કેટલુ છે,

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને

(૪) ખાલી જગ્યાઓ ક્યા સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સરકારી હોસ્પિટલ વાંકાનેરમાં સંવર્ગવાર મહેકમની વિગત

| સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|
| વર્ગ–૧ | ૭ |
| વર્ગ–૨ | ૫ |
| વર્ગ–૩ | ૩૨ |
| વર્ગ–૪ | ૨૦ |

(૩) સરકારી હોસ્પિટલ વાંકાનેરમાં સંવર્ગવાર ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત

| સંવર્ગ | મંજૂર | ભરેલી | ખાલી |
|---|---|---|---|
| વર્ગ–૧ | ૭ | ૨ | ૫ |
| વર્ગ–૨ | ૫ | ૩ | ૨ |
| વર્ગ–૩ | ૩૨ | ૨૧ | ૧૧ |
| વર્ગ–૪ | ૨૦ | ૨૦ | ૦ |

(૪)

- હોસ્પિટલ ખાતે વર્ગ–૧ તજજ્ઞોની જગ્યા ભરવા માટે દરરોજ વોક ઈન ઈન્ટરવ્યુ અને તબીબી અધિકારી વર્ગ–૨ ની જગ્યાઓ ભરવા માટે દર મંગળવારે વોક ઈન ઈન્ટરવ્યુ રાખવામાં આવે છે.
- વર્ગ–૩ ની નર્સીંગ, પેરા મેડીકલ, ટેકનિકલ તેમજ અન્ય વહીવટી સંવર્ગની જગ્યાઓ સીધી ભરતી/બઢતીથી ભરવામાં આવે છે.
- પેરા મેડીકલ સંવર્ગની વર્ગ–૩ની જગ્યાઓ ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓ લઈ ભરવામાં આવે છે.
- ડ્રાઇવર વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી જગ્યાઓ ઉપર જરૂર જણાય ત્યા આઉટ સોર્સીંગથી કામગીરી લેવામાં આવે છે.

---------

# ૨૩

## નવસારી જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન સહાય

* ૧૯૮૫૦ **શ્રી નરેશભાઇ પટેલ** (ગણદેવી) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

નવસારી જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અંતર્ગત તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ?

**જવાબ**

| ક્રમ | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૧૧૯૯ |
| ૨ | ૨૦૧૯–૨૦ | ૨૬૮ |
| | **કુલ** | **૧૪૬૭** |

---------

# ૨૪

## નવસારી જિલ્લામાં કુટિર જ્યોતિ યોજનાના લાભાર્થીઓ

* ૧૯૮૨૪ **શ્રી પિયુષભાઇ દેસાઇ** (નવસારી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ નવસારી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) કુલ ૧૮૩૮ વીજ જોડાણ આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ.૬૮.૭૮ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૨૫

## જામનગર શહેરમાં આનુષાંગિક ખર્ચની ચૂકવણી સહાય યોજના હેઠળ સહાય

* ૨૦૪૦૦ **શ્રી રાઘવજીભાઇ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર શહેરમાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીઓના અભ્યાસને લગતા આનુષાંગિક ખર્ચની ચૂકવણી સહાય યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૧–૦૮–૨૦૧૯ સુધીમાં જામનગર શહેરમાં કેટલા વિદ્યાથીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૨) ૩૯૩૫ |
| (૩) વિદ્યાર્થીદીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) વિદ્યાથીદીઠ વાર્ષિક રૂ.૩૦૦૦/– લેખે રૂ.૧૧૮.૦૫ લાખની સહાય ચુકવવામાં આવી. |

---------

# ૨૬

## સુરત જિલ્લામાં ઘરવપરાશના લાભાર્થીઓને વીજજોડાણ

* ૧૯૮૨૦ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) કુલ ૯૮૬ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ.૩૪.૮૪/– લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૨૭

## વિસનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૯૮૫૪ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦માં તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા વિસ્તારમાં રોપાનું વાવતેર કરેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૫૨.૦૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૯–૨૦૧૯ની સ્થિતિએ) | ૪૪.૦૦ |

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૧૮.૯૪ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૯–૨૦૧૯ની સ્થિતિએ) | ૧૭.૮૯ |

---------

# ૨૮

## ભાવનગર જિલ્લાના ધોળા જંક્શન ખાતે રેલ્વે ઓવરબ્રીજ બનાવવા બાબત

* ૨૦૧૬૬ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ભાવનગર જિલ્લાનાં ધોળા જંક્શન ખાતે રેલ્વે ઓવરબ્રીજ (ROB)બનાવવાનું કામ ક્યા તબક્કે છે,

(૨) ઘણા લાંબા સમયથી આ કામગીરી લંબિત હોય તેના શા કારણો છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) ધોળા જંક્શન પાસે ધોળા–રંઘોળા રોડ પર મંજુર થયેલ રેલ્વે ઓવરબ્રીજની કામગીરી સ્થળ ફેરફાર કરી ધોળા બાયપાસ પર રેલ્વે ઓવરબ્રીજ બનાવવાની મંજુરીની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે.

---------

# ૨૯

## અમદાવાદ શહેરમાં ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ સહાય

* ૨૦૪૧૩ **શ્રી રાકેશભાઇ શાહ** (એલીસબ્રીજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેરમાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાથીઓ માટે ફી પરત ચુકવણી સહાય યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૧–૦૮–૨૦૧૯ સુધીમાં અમદાવાદ શહેરમાં કેટલા વિદ્યાથીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૩) વિદ્યાર્થીદીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા.

(૨) ૪૧૨૧૦

(૩) તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ વિદ્યાથીદીઠ ફી પરત ચુકવણી રકમની સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

# ૩૦

## મહીસાગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા ભરવા બાબત

* ૨૦૦૧૩ **શ્રી જીજ્ઞેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજુર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ ૬(છ) જગ્યા મંજુર થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૫(પાંચ) જગ્યાઓ ભરાયેલ છે અને ૧(એક) જગ્યા ખાલી છે.

(૩) તાલુકા વિકાસ અધિકારીઓની ઉપલબ્ધતા ધ્યાને લઈ, સીધી ભરતીથી તેમજ બઢતીથી મહત્તમ જગ્યાઓ ભરવામાં આવેલ છે.

---------

# ૩૧

## ઝાલોદ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડાયાલીસીસ તથા કેન્સર નિદાન સેન્ટરની સુવિધા

* ૨૦૫૯૨ **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ઝાલોદ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડાયાલીસીસ સેન્ટર તથા કેન્સર નિદાન સેન્ટરની સુવિધા ઉપલબ્ધ નથી તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત સુવિધાઓ ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે ? | (૨) હાલ આયોજન નથી. |

---------

# ૩૨

## વડોદરા જિલ્લામાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજનાના કાર્ડ આપવા બાબત

* ૨૦૪૪૧ **શ્રી કેતન ઈનામદાર** (સાવલી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ કેટલા કાર્ડ કાઢવામાં આવ્યા, | (૧) કુલ – ૯૭,૭૨૩ |
| (૨) ઉક્ત જિલ્લામાં લાભાર્થી કુટુંબોને આ કાર્ડ મળી રહે તે માટે કેટલા કેન્દ્રો કાર્યરત છે. | (૨) ઉક્ત જિલ્લામાં લાભાર્થી કુટુંબોને આ કાર્ડ મળી રહે તે માટે કુલ– ૨૧ (એકવીસ) કિઓસ્ક કાર્યરત છે. |
| (૩) ઉક્ત જિલ્લામાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, અને | (૩) કુલ – ૧,૦૬,૭૩૨ દાવાઓ |
| (૪) ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી છે? | (૪) કુલ – રૂ.૧,૪૮,૬૭,૨૦,૬૭૧/– |

---------

# ૩૩

## રાજ્યમાં ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સીલની બેઠક

* ૨૦૧૮૦ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૧૦–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સીલનો એક્ટ ક્યારે અમલમાં આવ્યો, | (૧) ગુજરાત સ્ટેટ હાયર એજ્યુકેશન કાઉન્સીલ એક્ટ–૨૦૧૬ (એક્ટ નં.૧/૨૦૧૭) તા.૦૧/૦૨/૨૦૧૭ના રોજ અમલમાં આવ્યો. |
| (૨) ઉક્ત કાઉન્સીલના ચેરમેન અને સભ્યો કોણ-કોણ છે, અને | (૨) કાઉન્સીલના અધ્યક્ષ અને સભ્યોની યાદી આ સાથે સામેલ પત્રક મુજબ છે. |
| (૩) ઉક્ત કાઉન્સીલની બેઠક ઉક્ત સ્થિતિએ છેલ્લે ક્યારે મળેલ ? | (૩) મળેલ નથી. |

**પત્રક**

| **અ. હોદ્દાની રૂએ સભ્યોઃ–** | | |
|---|---|---|
| ૧ | માન.મુખ્યમંત્રીશ્રી | પ્રેસીડેન્ટ |
| ૨ | માન.શિક્ષણ મંત્રીશ્રી | વાઇસ–પ્રેસીડેન્ટ |
| ૩ | માન.રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી | કો–વાઇસ–પ્રેસીડેન્ટ |
| ૪ | એકઝીક્યુટીવ કમિટીના ચેરપર્સન | સભ્ય |
| ૫ | શિક્ષણ વિભાગના સચિવશ્રી | સભ્ય |

| | | |
|---|---|---|
| ૬ | નાણા વિભાગના સચિવશ્રી | સભ્ય |
| ૭ | વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સચિવશ્રી | સભ્ય |
| ૮ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સચિવશ્રી | સભ્ય |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગના સચિવશ્રી | સભ્ય |
| ૧૦ | શ્રમ અને રોજગાર વિભાગના સચિવશ્રી | સભ્ય |
| ૧૧ | રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના સચિવશ્રી | સભ્ય |
| ૧૨ | કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણ | સભ્ય |
| ૧૩ | કમિશનરશ્રી, ટેકનિકલ શિક્ષણ | સભ્ય |
| ૧૪ | કમિશનરશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન | સભ્ય |
| ૧૫ | યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દીલ્હીના ચેરમેન અથવા સંયુક્ત સચિવથી નીચેના હોદ્દાથી ઉતરતા નહીં તેવા તેમના દ્વારા નિયુકત. | સભ્ય |

**બ. અન્ય સભ્યોઃ–**

૧. રાજ્ય સરકાર દ્વારા જોઈન્ટ બોર્ડ ઓફ વાઈસ–ચાન્સેલર (JBVC) સાથે પરામર્શ કર્યા બાદ નિયુક્ત થયેલ યુનિવર્સિટીના વાઈસ– ચાન્સેલર, જેમની સંખ્યા ૫ (પાંચ) કરતા વધારે ન હોય.

૨. રાજ્ય સરકાર દ્વારા ખાનગી યુનિવર્સિટીના ફોરમ સાથે પરામર્શ કર્યા બાદ નિયુક્ત થયેલ ખાનગી યુનિવર્સિટીના ૧ (એક) પ્રોવોસ્ટ.

૩. રાજ્યમાં આવેલી રાષ્ટ્રીય મહત્વના સંસ્થાનોમાંથી રાજ્ય સરકાર દ્વારા નિયુકત ૨ (બે) કરતા વધારે નહીં તેવા શિક્ષણવિદ્દો.

૪. આર્ટ્સ, વિજ્ઞાન, વાણિજ્ય, કાયદો, ઈજનેરી, મેનેજમેન્ટ, તબીબી, પત્રકારિતા, ફિલ્મ અને ટેલીવિઝન, થીયેટર, રમત–ગમત, જાહેર વહીવટ, ફાયનાન્સ વગેરે ક્ષેત્રે ખ્યાતનામ અને રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત થયેલ ૫ (પાંચ) કરતા વધારે નહીં તેવા સભ્યો.

૫. યુનિવર્સિટીઓ અથવા સંલગ્ન કોલેજોમાં ૧૫ (પંદર) વર્ષ કરતા વધારે સેવા પૂર્ણ કરી હોય તેવા રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત ૩ ખ્યાતનામ શિક્ષણવિદ્દો.

૬. રાજ્ય સરકાર દ્વારા નિમાયેલ સભ્ય સચિવ.

---------

# ૩૪

## કચ્છ જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ

* ૨૦૬૩૧ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૨) આ દબાણો ક્યા પ્રકારના છે,

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ (૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ગામોમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભૂજ | ૪ |
| ૨ | માંડવી | ૬ |
| ૩ | ગાંધીધામ | ૩ |
| ૪ | રાપર | ૧ |
| ૫ | અબડાસા | ૨ |
| ૬ | લખપત | ૨ |
| | **કુલ** | **૧૮** |

(૨) આ દબાણો ખેતીવિષયક અને કાચા–પાકા રહેણાંક પ્રકારનાં છે.

(૩) અને (૪) ન્યાયિક પ્રક્રિયા પડતર તથા જમીન માપણીની કાર્યવાહી પડતર હોવાને કારણે, આ કાર્યવાહી પૂર્ણ થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૩૫

## અમરેલી જિલ્લામાં બિસ્માર રસ્તાઓ

* ૨૦૧૫૬ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં પંચાયત હસ્તકનાં રસ્તા ખૂબ જ બિસ્માર થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જંગલ કટીંગ તેમજ પેચવર્ક કરવા માટે સરકારનું શું આયોજન છે, અને

(૩) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ જંગલ કટીંગ તથા પેચવર્કની જરૂરીયાત મુજબની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

---------

# ૩૬

## તાપી જિલ્લામાં વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ

* ૨૦૪૩૬ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૯ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવા માટે કોઈ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ ધોરણ–૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની કેટલી વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તાપી જિલ્લામાં વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ ધોરણ–૯ માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની કુલ–૨૬૪૩ વિદ્યાર્થીનીઓને સાયકલ ભેટ આપવામાં આવી છે.

---------

# ૩૭

## પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતના નવા ઘર બનાવવા માટેની મંજૂરી

* ૨૦૦૦૭ **શ્રી સી.કે.રાઉલજી** (ગોધરા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલી નવી ગ્રામ પંચાયતના ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૫૨ (બાવન).

(૨) ૩.૭૫૬/– લાખ.

---------

# ૩૮

## વડોદરા જિલ્લામાં ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદુષણ ફેલાવવા અંગેની ફરિયાદ

* ૨૦૬૦૦ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદુષણ ફેલાવાતું હોવાની કેટલી ફરિયાદ સરકારને મળી, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદૂષણ ફેલાવાતું હોવાની વર્ષ ૨૦૧૭–૧૮ માં ૭૨ તથા વર્ષ ૨૦૧૮–૧૯માં ૭૩ ફરિયાદો મળેલ છે.

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ક્યા ઔદ્યોગિક એકમ સામે શી કાર્યવાહી કરવામાં આવી ? — (૨) *બિડાણ–૧ મુજબ.

(*બિડાણ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

# ૩૯

## મોરબી જિલ્લાના સુરવદર–દેવળીયા–ચરાડવા રોડને પહોળો કરવાનું આયોજન

* ૨૦૮૯૧ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ મોરબી જિલ્લાના સુરવદર–દેવળીયા–ચરાડવા રોડને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમની મંજૂરી આપવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૫૯૮.૦૦ લાખ. |

---------

# ૪૦

## વલ્લભીપુર–બરવાળા રાજ્ય ધોરી માર્ગ બાબત

* ૨૦૧૦૫ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ વલ્લભીપુર–બરવાળા રાજ્ય ધોરીમાર્ગ ખૂબ જ ખરાબ છે તે હકીકત સાચી છે, અને | (૧) અને (૨) રસ્તાને વાહન વ્યવહાર યોગ્ય રાખેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ રસ્તાનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવાનું સરકારનું આયોજન છે ? | |

---------

# ૪૧

## કામરેજ તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૯૮૫૬ **શ્રી વી.ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સુરત જિલ્લાના કામરેજ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ માં તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૧૮.૦૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૯–૨૦૧૯ની સ્થિતિએ | ૨૬.૦૦ |

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૧૩.૫૫ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૯–૨૦૧૯ની સ્થિતિએ | ૨૦.૮૩ |

---------

# ૪૨

## મધ્યાહન ભોજન યોજનાનું ખાનગીકરણ બાબત

* ૨૦૦૭૩ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ મધ્યાહન ભોજન યોજનાનું ખાનગીકરણ કરવાની પ્રક્રિયા ચાલુ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ યોજનાનું ખાનગીકરણ કરવાના મુખ્ય કારણો શા છે, અને

(૩) આ યોજનાનું ખાનગીકરણ ન કરવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ફરિયાદો સરાકારને મળી?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)

| ક્રમ | વર્ષ | મળેલ ફરિયાદ |
|---|---|---|
| ૧ | ૨૦૧૮ | ૧૦ |
| ૨ | ૨૦૧૯ | ૨૮ |
| કુલ મળેલ ફરિયાદો | | ૩૮ |

---------

# ૪૩

## નવસારી જિલ્લામાં પ્રાથમિક શાળાઓ બંધ તેમજ મર્જ કરવા બાબત

* ૨૦૬૦૯ **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ મર્જ/બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો,

(૨) ઉક્ત સ્થિતિએ મર્જ કરવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત શાળાઓ મર્જ કરવાથી, ઉક્ત શાળાઓમાં ભણતા બાળકો માટે શિક્ષણની શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧)

| | તા.૧૬–૧૧–૧૭ થી તા.૧૫–૧૧–૧૮ | | તા.૧૬–૧૧–૧૮ થી તા.૧૫–૧૧–૧૯ | |
|---|---|---|---|---|
| તાલુકો | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| નવસારી | ૦ | ૦ | ૦ | ૨ |
| જલાલપોર | ૦ | ૦ | ૦ | ૬ |
| ગણદેવી | ૦ | ૦ | ૦ | ૬ |
| ચીખલી | ૦ | ૦ | ૦ | ૨ |
| ખેરગામ | ૦ | ૦ | ૦ | ૦ |
| વાસંદા | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) વિદ્યાર્થીની સંખ્યા ઓછી હોવાના કારણે.

(૩) નજીકની શાળામાં પ્રવેશ આપેલ છે.

---------

# ૪૪

## નર્મદા જિલ્લામાં ચિરંજીવી યોજનાના લાભાર્થીઓ

* ૨૦૪૪૦ **શ્રીમતી સીમાબેન મોહિલે** (અકોટા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્યમાં ચાલતી ચિરંજીવી યોજના હેઠળ નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓએ લાભ લીધેલ છે?

**જવાબ**

૮૧૯ લાભાર્થીઓએ લાભ લીધેલ છે.

---------

# ૪૫

## અદાણી સંચાલિત હોસ્પિટલમાં ખુલ્લામાં ઓપીડી શરૂ કરવા બાબત

* ૨૦૫૨૩ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવેમ્બર–૨૦૧૯માં ભૂજ ખાતે અદાણી સંચાલિત હોસ્પિટલમાં રેસીડન્ટ અને એમબીબીએસ તબીબો દ્વારા હોસ્પિટલ પ્રાંગણમાં ખુલ્લામાં ઓપીડી શરૂ કરવામાં આવેલ છે તે હકીકત તા:૧૮–૧૧–૨૦૧૯ની સ્થિતિએ સાચી છે,

(૨) જો, હા તો તેના કારણો શા છે, અને

(૩) ખુલ્લામાં ઓપીડી ન થાય તે માટે ઉક્ત સ્થિતિએ હોસ્પિટલ સત્તાવાળાઓ સામે શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) ના, જી.
હોસ્પિટલના રેસીડન્ટ તબીબો દ્વારા અમુક માંગણીઓ માટે હડતાળ દરમ્યાન અને ઘરણાંના દેખાવ રૂપે માત્ર ૨–૩ કલાક માટે હોસ્પિટલની સામે રેસીડન્ટ તબીબો દ્વારા ટેબલ ખુરશી રાખવામાં આવ્યા હતા.
આ સમય દરમ્યાન હોસ્પિટલની રાબેતા મુજબ ચાલતી ઓપીડી નિષ્ણાત તબીબો દ્વારા ચાલુ હતી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૪૬

## ખેડા જિલ્લામાં ઘરવપરાશના લાભાર્થીઓને વીજજોડાણ

* ૧૯૮૧૭ **શ્રી કેસરસિંહ સોલંકી** (માતર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) કુલ ૭૦૬૯ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

(૨) કુલ રૂ.૫૬૧.૯૧/– લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૪૭

## સાબરકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજના

* ૧૯૮૪૮ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ ક્યારથી થયો, અને

(૨) દૂધ સંજીવની યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે અને કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો?

**જવાબ**

(૧) તા.૧૮–૦૯–૨૦૧૪ થી

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ | બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૯–૨૦ | રૂ.૨૭૫.૨૮ લાખ | ૬૪,૩૦૯ |

---------

# ૪૮

## અરવલ્લી જીલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૦૦૮૫ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જીલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧)

| મંજુર મહેકમ | | | | કુલ |
|---|---|---|---|---|
| વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | |
| ૧૪ | ૧૪ | ૧૦૫ | ૨૩ | ૧૫૬ |

(૨) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને સંવર્ગવાર કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે, અને

(૨)

| ભરાયેલ જગ્યાઓ | | | | કુલ |
|---|---|---|---|---|
| વર્ગ–૧ | વર્ગ–૨ | વર્ગ–૩ | વર્ગ–૪ | |
| ૯ | ૮ | ૩૬ | ૧ | ૫૪ |

| ક્રમ | સંવર્ગ | ખાલી જગ્યાઓનો સમયગાળો | | | |
|---|---|---|---|---|---|
| | | ૧ વર્ષ | ૧ વર્ષથી ૩ | ૩ વર્ષ | કુલ |
| ૧ | વર્ગ–૧ | ૦ | ૧ | ૪ | ૫ |
| ૨ | વર્ગ–૨ | ૦ | ૧ | ૫ | ૬ |
| ૩ | વર્ગ–૩ | ૩ | ૮ | ૫૮ | ૬૯ |
| ૪ | વર્ગ–૪ | ૦ | ૧ | ૨૧ | ૨૨ |
| | કુલ | ૩ | ૧૧ | ૮૮ | ૧૦૨ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) વર્ગ–૧ થી વર્ગ–૩ની ખાલી જગ્યાઓ વહીવટી અનુકુળતા મુજબ ભરવામાં આવશે. વર્ગ–૪ની ખાલી જગ્યાઓ સામે આઉટસોર્સથી સેવાઓ લેવામાં આવે છે.

---------

# ૪૯

## કોડીનાર, ગીર ગઢડા અને ઉના તાલુકામાં ખેડૂતોને દિવસે વીજ પુરવઠો આપવા બાબત

* ૨૦૬૨૭ **શ્રી મોહનલાલ વાળા** (કોડીનાર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ કોડીનાર, ગીર ગઢડા અને ઉના તાલુકામાં ગીર બોર્ડર વિસ્તારમાં ખેતી કરતા ખેડૂતોને રાત્રીના સમયે ખેતી વિષયક વિજ પુરવઠો આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ કોડીનાર, ગીરગઢડા અને ઉના તાલુકામાં ૭૩ ખેતીવિષયક વીજફિડરો આવેલા છે, જેના પર ૩૨૧ મેગાવોટ ખેતીવિષયક વીજભાર જોડાયલ છે. આ તમામ વીજફિડરોને દિવસ –રાત્રી દરમિયાન વારાફરતી દરરોજ સરેરાશ ૮ કલાક થ્રી ફેઇઝ ગુણવત્તાસભર વીજ પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે.

વિજળીની માંગ અને પુરવઠાની સમતુલા જળવાઇ રહે અને સીસ્ટમ ઉપર એકી સાથે વીજભારણ ન આવે, સીસ્ટમનું સારી રીતે નિયમન થઇ શકે, તેમજ ગ્રીડ સિક્યુરીટીને તથા વિવિધ સ્તરેથી અવાનવાર થતી રજુઆતોને ધ્યાનમાં લઇ પીજીવીસીએલ ના બધાંજ ખેતીવાડી ફીડરોને કુલ ૬૪ ગ્રુપમાં વિભાજીત કરવામાં આવેલ છે. સમગ્ર રાજ્યના વીજ માળખાની, વીજ ભારણની સમતુલાને ધ્યાનમાં રાખી, રાજ્ય ભાર પ્રેષણ કેન્દ્ર (SLDC) ના માર્ગદર્શન મુજબ, આ ખેતીવાડી ગ્રુપનાં અઠવાડીક સમયપત્રકને એ રીતે મહિના દરમ્યાન જુદા જુદા ૪ (ચાર) સમયગાળામાં વિભાજીત કરવામાં આવેલ છે કે જેથી, દરેક ખેતીવાડી ગ્રુપને મહિનામાં એક અઠવાડિયુ સંપુર્ણ દિવસ દરમ્યાન તેમજ ત્યારબાદ, એક અઠવાડીયા બાદના અઠવાડિયા દરમિયાન મહ્દઅંશે દિવસ દરમ્યાન થ્રી ફેઇઝ વીજ પુરવઠો ઉપલબ્ધ થાય એ રીતે મહિનામાં વારાફરતી બે અઠવાડિયા દિવસ દરમિયાન રોટેશન પદ્ધતિથી દરરોજ સરેરાશ ૮ કલાક થ્રી ફેઇઝ વીજ પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે. કોડીનાર, ગીરગઢડા અને ઉના તાલુકામાં ખેતીવિષયક વીજફિડરો ખેડૂતોને થ્રી ફેઇઝ વીજપ્રવાહ પૂરો પાડવામાં આવે છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ગીર બોર્ડરમાં આવેલ જંગલીરાની પશુઓના કારણે વીજપુરવઠો દિવસે આપવા માટે સરકારનું શું આયોજન છે?

(૨) વિવિધ સ્તરેથી આ અંગે અવાનવાર થતી રજુઆતોને ધ્યાનમાં લઈને દરેક ખેતીવાડી ગ્રુપને મહિનામાં એક અઠવાડિયુ સંપુર્ણ દિવસ દરમ્યાન તેમજ ત્યારબાદ, એક અઠવાડીયા બાદના અઠવાડિયા દરમિયાન મહદઅંશે દિવસ દરમ્યાન થ્રી ફેઈઝ વીજ પુરવઠો ઉપલબ્ધ થાય એ રીતે મહિનામાં વારાફરતી બે અઠવાડિયા દિવસ દરમિયાન રોટેશન પધ્ધતિથી દરરોજ સરેરાશ ૮ કલાક થ્રી ફેઈઝ ગુણવત્તાસભર વીજ પુરવઠો મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવેલ છે.

---------

# ૫૦

## બનાસકાંઠા જિલ્લામાં ઘરવપરાશના લાભાર્થીઓ

* ૧૯૮૧૪ **શ્રી કિર્તિસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) કુલ ૨૯૬૩ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

(૨) કુલ રૂ.૧૩૬.૪૪/– લાખનો ખર્ચ થયો.

---------

# ૫૧

## પોલીટિકનીક કોલેજ ભરૂચ ખાતે ચલાવવા બાબત

* ૨૦૨૩૨ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા જિલ્લાના રાજપીપળા શહેર ખાતે મંજૂર થયેલ પોલીટિકનીક કોલેજ ભરૂચ ખાતે ચાલે છે તે હકીકત સાચી, અને

(૨) જો હા, તો કોલેજ ભરૂચ ખાતે લઈ જવાના શા કારણો છે?

**જવાબ**

(૧) હા, જી

(૨) નર્મદા જિલ્લાના રાજપીપળા શહેર ખાતે જમીન ફાળવણી કરી નવા કેમ્પસનું બાંધકામ પૂર્ણ ન થાય ત્યાં સુધી વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે હાલ ભરૂચ ખાતેની સરકારી પોલીટિકનીકના કેમ્પસ ખાતે કાર્યરત છે.

---------

# ૫૨

## વેરાવળથી વાપીની ડીપ–સી ડીસ્ચાર્જ પાઈપલાઈનની ફીઝીકલ સ્ટડી

* ૨૦૫૩૨ **શ્રી લલિત વસોયા** (ધોરાજી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વેરાવળથી વાપીની વચ્ચે આવેલ અમદાવાદ, વડોદરા અને જેતપુરના ઔદ્યોગિક એકમોના પ્રદૂષણ દૂર કરવા માટે રૂ.૨૨૭૫ કરોડના અંદાજીત ખર્ચે ડીપ–સી ડીસ્ચાર્જ પાઈપલાઈનની યોજના માટે ફીઝીકલ સ્ટડી કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ઉક્ત સ્ટડી ક્યારે, કઈ એજન્સી દ્વારા કરવામાં આવેલ, અને

(૩) તે અન્વયે કઈ એજન્સીને કેટલી રકમ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે ચૂકવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

**જવાબ**

(૧) આ વિભાગ દ્વારા સ્ટડી કરાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૫૩

**અરવલ્લી જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ બોન્ડ**

* ૨૦૪૦૮ **શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ કન્યાઓ માટે વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તે અન્વયે વર્ષ ૨૦૧૯–૨૦માં ઉક્ત સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કેટલી કન્યાઓને આવરી લેવામાં આવી, | (૨) ૧૦૧૩ (એક હજાર તેર) |
| (૩) તે માટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૩) રૂ. ૨૦,૨૬,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ છવ્વીસ હજાર પુરા) |
| (૪) કન્યાદીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવ્યા? | (૪) રૂ. ૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) |

---------

# ૫૪

**રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાઓ મંજૂર અંગેની અરજી**

* ૨૦૮૫૧ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ખાનગી શાળાઓ મંજૂર કરવા અંગેની કેટલી અરજી મળી, | (૧) ૨૦૭૦ |
| (૨) તે અંગે કેટલી શાળાઓ મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૨) |

| મંજુર | નામંજુર |
|---|---|
| ૧૩૧૮ | ૭૫૨ |

| | |
|---|---|
| (૩) આ શાળાઓ નામંજૂર કરવાના મુખ્યત્વે કારણો શા હતા ? | (૩) શાળા મંજુરી માટેના નિયત માપદંડો સંતોષતા ના હોવાથી. |

---------

# ૫૫

**ગાંધીનગર જિલ્લામાં ઘરવપરાશના લાભાર્થીઓને વિજ જોડાણ**

* ૧૯૮૧૫ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) કુલ ૧૭૩૮ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ. ૭૪.૨૨ લાખનો ખર્ચ થયો. |

---------

# ૫૬

## વડોદરા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા ભરવા બાબત

* ૨૦૦૦૯ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજુર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ– ૮(આઠ) જગ્યા મંજુર થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૭(સાત) જગ્યાઓ ભરાયેલ છે અને ૧(એક) જગ્યા ખાલી છે.

(૩) તાલુકા વિકાસ અધિકારીઓની ઉપલબ્ધતા ધ્યાને લઈ, સીધી ભરતીથી તેમજ બઢતીથી મહત્તમ જગ્યાઓ ભરવામાં આવેલ છે.

---------

# ૫૭

## છોટા ઉદેપુર જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ

* ૨૦૭૩૧ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૨) આ દબાણો કયા પ્રકારના છે,

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫(૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો કયાં સુધીમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં નીચેની વિગતે તાલુકાવાર ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૨ |
| ૨ | કવાંટ | ૨ |
| ૩ | સંખેડા | ૩ |
| ૪ | બોડેલી | ૨ |
| ૫ | જેતપુર–પાવી | ૮ |
| | **કુલ** | **૧૭** |

(૨) આ દબાણો સીજનલ પાક વાવેતર પ્રકારના છે.

(૩) અને (૪) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ ૧૦૫ અન્વયે ગ્રામ પંચાયત દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે.

---------

# ૫૮

## ગીરસોમનાથ તથા જુનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાઓ બંધ તથા મર્જ કરવા બાબત

* ૨૦૫૫૦ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી મર્જ કરવામાં આવી, અને

(૨) ઉક્ત શાળાઓ બંધ કરવાના શા કારણો છે?

**જવાબ**

(૧)

| | તા.૦૧–૧૧–૧૭ થી તા.૩૧–૧૦–૧૮ | | તા.૦૧–૧૧–૧૮ થી તા.૩૧–૧૦–૧૯ | |
|---|---|---|---|---|
| જિલ્લો | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| ગીર સોમનાથ | ૦ | ૦ | ૨ | ૦ |
| જુનાગઢ | ૦ | ૨ | ૦ | ૮ |

(૨) વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે

---------

# ૫૯

## મહેસાણા જિલ્લાના ઉનાવા–ઐઠોર રોડને પહોળો કરવા બાબત

* ૨૦૩૯૮ ડો. આશાબેન પટેલ (ઉંઝા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના ઉનાવા–ઐઠોર રોડને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂા. ૪૭૯.૦૦ લાખ

---------

# ૬૦

## દાહોદ શહેર અને તાલુકામાં ડેન્ગ્યુ, મેલેરિયા, કોંગો ફીવરના નોંધાયેલ કેસો

* ૨૦૨૬૧ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર મેલેરિયા, ડેન્ગ્યુ અને કોંગો ફીવરના કેટકેટલા કેસો વર્ષ વાર નોંધાયા,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, રોગવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) આવો રોગચાળો ફેલાતો અટકાવવા સરકારે શું પગલા લીધા?

**જવાબ**

(૧) તા.૩૦–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ શહેર અને જિલ્લામાં તાલુકાવાર મેલેરિયા, ડેન્ગ્યુ અને કોંગો ફીવરના વર્ષ વાર નોંધાયેલ કેસો નીચે મુજબ છે.

| શહેર/તાલુકાનું નામ | ૧–૧૧–૧૭ થી ૩૧–૧૦–૧૮ | | | ૧–૧૧–૧૮ થી ૩૦–૧૦–૧૯ | | |
|---|---|---|---|---|---|---|
| | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગો ફીવર | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગો ફીવર |
| દાહોદ | ૧૭૪ | ૩૫ | ૦ | ૫૮ | ૯૫ | ૦ |
| દેવગઢબારીયા | ૪૯ | ૨ | ૦ | ૨૫ | ૧૪ | ૦ |
| ધાનપુર | ૬૩ | ૧ | ૦ | ૩૪ | ૨ | ૦ |
| ફતેપુરા | ૫૮ | ૦ | ૦ | ૭૨ | ૩ | ૦ |
| ગરબડા | ૭૮ | ૧૦ | ૦ | ૪૩ | ૧૮ | ૦ |
| લીમખેડા | ૬૨ | ૨ | ૦ | ૨૪ | ૨૨ | ૦ |
| સંજેલી | ૨૯ | ૦ | ૦ | ૧૮ | ૭ | ૦ |
| ઝાલોદ | ૧૨૫ | ૧૨ | ૦ | ૮૦ | ૨૯ | ૦ |
| દાહોદ શહેર | ૨૫ | ૮૮ | ૦ | ૧૪ | ૧૯૫ | ૦ |
| **કુલ** | **૬૩૩** | **૧૫૦** | **૦** | **૩૬૮** | **૩૮૫** | **૦** |

(૨) ઉક્ત સ્થિતિએ મેલેરિયા, ડેન્ગ્યુ, કોંગીફીવરથી એક પણ મૃત્યુ થયેલ નથી.

(૩) દાહોદ જિલ્લામાં ઉક્ત રોગોને કાબુમાં રાખવા ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ કામગીરી, ફોગીંગ કામગીરી, જંતુનાશક દવાનો છંટકાવ, જંતુનાશક દવાયુકત મચ્છરદાનીના ઉપયોગ અને આરોગ્ય શિક્ષણ પ્રવૃતિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે.

---------

# ૬૧

## નડીયાદ તાલુકાના ચકલાસી–રામપુર રોડ ને રીસરફેસ કરવાનું આયોજન

* ૨૦૪૨૯ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ખેડા જિલ્લાના નડીયાદ તાલુકાના ચકલાસી–રામપુર–કાળામાતા નોન પ્લાન રોડને રીસરફેસ કરવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ માટે કેટલી લંબાઇ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી

(૨) ૭,૦૦ કી.મી. માટે રૂા. ૧૨૫.૦૦ લાખ

---------

# ૬૨

## વેરાવળથી વાપીની ડીપી–સી ડીસ્ચાર્જ પાઈપલાઇનની યોજના માટે સી.આર.ઝેડ ક્લીયરન્સ

* ૨૦૫૨૮ **શ્રી લલીતભાઇ કગથરા** (ટંકારા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વેરાવળથી વાપીની વચ્ચે આવેલ અમદાવાદ, વડોદરા, અને જેતપુરના ઔદ્યોગિક એકમોના પ્રદૂષણ દૂર કરવા માટે રૂ.૨૨૭૫ કરોડના અંદાજિત ખર્ચે ડીપ–સી ડીસ્ચાર્જ પાઈપલાઇનની યોજના માટે સી.આર.ઝેડ ક્લીયરન્સ લેવાનું થાય છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, |
| (૨) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સીઆરઝેડ ક્લીયરન્સ મેળવવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે કે કેમ ? | (૨) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સીઆરઝેડ ક્લીયરન્સ માટે હાલ કોઇ અરજી મળેલ નથી. |

---------

# ૬૩

## ભિલોડા અને મેઘરજ તાલુકામાં ગામ–ફળિયા અને પાકા રસ્તાથી જોડવા બાબત

* ૨૦૪૫૮ **ડૉ. અનિલભાઇ જોષીયારા** (ભિલોડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાના આદિવાસી વિસ્તારના ૫૦૦થી વધુ વસ્તી ધરાવતા કેટલા ગામ ફળીયાઓને બારમાસી પાકા રસ્તાથી જોડવાના બાકી છે, અને<br>(૨) ઉક્ત સ્થિતિએ આ બાબતે રાજ્ય સરકારને કેટલી રજુઆતો મળી ? | (૧) અને (૨) ભિલોડા અને મેઘરજ તાલુકામાં ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા તમામ ગામ ફળીયાઓ પાકા રસ્તાથી જોડાયેલ છે. |

---------

# ૬૪

## સુરત જિલ્લામાં આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવા બાબત

* ૨૦૪૪૮ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા લોકોને "આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) કુલ – ૫,૩૭,૧૮૬ |
| (૨) ઉક્ત જિલ્લામાં તમામ લાયક લાભાર્થીને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે ? | (૨) તમામ સરકારી હોસ્પિટલ, પ્રાઇવેટ એમ્પેનલ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઇ–ગ્રામ સેન્ટરો અને કોમન સર્વીસ સેન્ટર પર ગોલ્ડન કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

---------

# ૬૫

## કચ્છ જિલ્લામાં કુવાઓનું વિજળીકરણ

* ૧૯૮૪૫ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૫૭૦૪ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૨) રૂ.૧૨૦૧૧.૯૪ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૬૬

## એસ્સાર પાવર ગુજરાત તથા અદાણી પાવર લિ. સાથે વીજ ખરીદીના કરાર

* ૨૦૧૪૮ **શ્રી પુંજાભાઇ વંશ** (ઉના) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ એસ્સાર પાવર ગુજરાત, અદાની પાવર લિ. સાથે સન ૨૦૦૬ અને સને ૨૦૦૭માં વીજ ખરીદીના કરારો પચીસ વર્ષ માટે થયેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કઈ કંપની સાથે ૨૫ વર્ષ માટે કયા દરે વીજ ખરીદીના કરારો થયેલ,

**જવાબ**

(૧) અને (૨) હાજી. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા વર્ષ ૨૦૦૭માં એસ્સાર પાવર ગુજરાત અને અદાણી પાવર લિ. સાથે સ્પર્ધાત્મક બીડીંગ પ્રક્રિયા થકી પસંદગી પામેલ હોવાથી ૨૫ વર્ષ માટે થયેલ લાંબાગાળાના વીજ ખરીદી કરારની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | પ્રોજેક્ટ | કરારની તારીખ | લેવલાઇઝડ દર (રૂ.યુનિટ) |
|---|---|---|---|
| ૧ | એસ્સાર પાવર ગુજરાત લિ | ૨૬.૦૨.૨૦૦૭ | ૨.૪૦ |
| ૨ | અદાણી પાવર લિ. બીડ ૧ | ૦૬.૦૨.૨૦૦૭ | ૨.૮૯ |
| ૩ | અદાણી પાવર લિ. બીડ ૨ | ૦૨.૦૨.૨૦૦૭ | ૨.૩૫ |

અત્રે ઉલ્લીખનીય છે કે લેવલાઇઝડ દર એટલે બીડ દરમ્યાન બીડર દ્વારા વર્ષવાર દર્શાવવામાં આવેલ ૨૫ વર્ષના ટેરીફની બીડ મૂલ્યાંકન સમયની નેટ પ્રેઝન્ટ વેલ્યુ (Net Present Value) પ્રમાણેની ગણતરીના દર છે જે માત્ર બીડ મૂલ્યાંકન માટે ધ્યાનમાં લેવામાં આવે છે અને સૌથી ઓછો લેવલાઇઝડ દર ધરાવતી કંપની પસંદગી પામે છે. જયારે પ્રોજેક્ટ કાર્યરત થયા પછી વીજ ખરીદી પૈકી ચુકવવા પાત્ર થતા વીજ દરની ગણતરી કરારમાં વર્ષવાર દર્શાવેલ ટેરીફ પ્રમાણે કરવામાં આવે છે.

વધુમાં, વીજ ખરીદ કરારમાં વીજ ઉત્પાદક દ્વારા દર્શાવેલ વીજ દર ''ચેન્જ ઈન લૉ'' મુજબ વિવિધ પરિબળો જેવા કે ટેક્સ, કલીન એનર્જી સેસ, કસ્ટમ ડ્યુટી, GST વિગેરેના ફેરફારના કારણે થતા વધારા/ઘટાડા ને આધીન હોય છે જે માનનીય વીજ નિયમન આયોગની મંજૂરી બાદ ગણતરીમાં લેવામાં આવે છે. વધુમાં પ્રોજેક્ટ ડેવલપર દ્વારા બીડમાં જે પરિબળોના ભાવ US ડોલરમાં ભર્યા છે, તે પરિબળોની ગણતરી US ડોલરના રેટમાં થતા ફેરફાર પ્રમાણે થાય છે અને તે પ્રમાણે વીજ દરની ચુકવણી કરવામાં આવે છે. આ કારણોસર, દર વર્ષે થતી ચુકવણીના દર અલગ હોય છે.

(૩) ઉક્ત કઈ સ્થિતિએ કરારો બાદ વીજ ખરીદીનાં દરોમાં છેલ્લાં બે વર્ષમાં વધારો કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૩) અને (૪) હાજી. ઉપરોક્ત વીજ પ્રોજેક્ટ આયાતી કોલસા આધારિત હોઈ, વર્ષ ૨૦૧૧ પછી ઈન્ડોનેશિયામાંથી મેળવવામાં આવતા કોલસાના ભાવમાં અનિર્ધારિત વધારો

(૪) ઉક્ત કઇ કંપનીનાં કેટલા દરોનો વધારો કરવામાં આવ્યો, વીજ ખરીદીના કરાર બાદ યુનિટના દર વધારવાના કારણો શા છે ?

થવાના કારણોસર ઉક્ત વીજ મથકો દ્વારા પૂર્ણપણે વીજ ઉત્પાદન કરવામાં આવતું ન હતું. આ સમસ્યાના નિરાકરણ માટે રાજ્ય સરકાર દ્વારા નિમણૂક કરવામાં આવેલ હાઇ પાવર કમિટીની ભલામણના આધારે અને રાજ્યને સસ્તી વીજળી ઉપલબ્ધ કરવાના હેતુથી, ગુજરાત સરકાર દ્વારા તા.૧.૧૨.૨૦૧૮ના ઠરાવથી નીતિ વિષયક નિર્ણય દ્વારા આયાતી કોલસા આધારિત વીજ મથકો જેવા કે કોસ્ટલ ગુજરાત પાવર લિ., એસ્સાર પાવર ગુજરાત લિ અને અદાણી મુન્દ્રા પ્રોજેક્ટને તા.૧૫.૧૦.૨૦૧૮થી વીજ ખરીદ કરારના બાકીના સમયગાળા માટે હકીકતમાં થયેલ બળતણ ખર્ચની ચુકવણી માટે કરારમાં જરૂરી સુધારો કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

ઉપરોક્ત નિર્દેશ અનુસાર, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા તા.૫.૧૨.૨૦૧૮ના રોજ મે.અદાની સાથે બીડ ૧ અને બીડ ૨ કરાર માટે સપ્લીમેન્ટલ કરાર સહી કરવામાં આવેલ છે અને માનનીય કેન્દ્રિય વીજ નિયમન આયોગ દ્વારા તા.૧૨.૦૪.૨૦૧૯ના ઓર્ડરથી આ કરારને મંજૂરી આપવામાં આવેલ છે. ઉલ્લેખનીય છે કે સુધારેલ વીજ ખરીદ કરારનું તા.૧૫.૧૦.૨૦૧૮થી અમલીકરણ થયેલ છે અને તા.૧૫.૧૦.૨૦૧૮ થી ૩૧.૧૦.૨૦૧૯ ના સમયગાળા માટે વીજ દરમાં સુધારા અન્વયે સરેરાશ રૂ.૦.૯૬–૧.૨૧/યુનિટનો ભાવવધારો નોંધાયેલ છે.

વધુમાં, ઉલ્લેખનીય છે કે માનનીય સુપ્રીમ કોર્ટના તા.૦૨.૦૭.૨૦૧૯ના ચુકાદા મુજબ મે.અદાણી સાથે થયેલ ૧૦૦૦ મે.વો. ક્ષમતા માટેનો વીજ ખરીદ કરાર તા.૦૨.૦૨.૨૦૦૭ રદ થયેલ છે અને તા.૧૦.૦૭.૨૦૧૯થી આ કરાર અંતર્ગત વીજળી મેળવવાનું બંધ થયેલ છે.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી દ્વારા મે.એસ્સાર પાવર ગુજરાત લિ. સાથે તા.૦૧.૦૩.૨૦૧૯ના રોજ સપ્લીમેન્ટલ કરાર સહી કરવામાં આવેલ છે અને આ કરારની મંજૂરી માટે માનનીય ગુજરાત વીજ નિયમન આયોગ સમક્ષ અરજી કરવામાં આવેલ છે, જે અન્વયે નિર્ણય હજી બાકી છે. આમ, એસ્સાર પાવર પ્રોજેક્ટને રાજ્ય સરકારના નિર્ણય મુજબ વીજ દરમાં થયેલ ફેરફાર, સુધારેલ વીજ કરાર અન્વયે વીજ નિયમન આયોગની મંજુરી બાદ નિર્ધારિત થઇ શકે છે.

---------

# ૬૭

## દાહોદ જિલ્લામાં પ્રાથમિક/સામુહિક આરોગ્ય કેન્દ્રનું મંજૂર મહેકમ

* ૨૦૭૨૪ **શ્રીમતિ ચંદ્રીકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર સામુહિક આરોગ્ય કેન્દ્ર અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરોનું મંજૂર મહેકમ કેટલું છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ દાહોદ જીલ્લામાં તાલુકાવાર સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડૉક્ટરોનું મંજૂર મહેકમની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧૭ | ૩૪ |
| ૨ | ગરબાડા | ૧૩ | ૨૦ |
| ૩ | લીમખેડા | ૧૭ | ૨૯ |

| | | | |
|---|---|---|---|
| ૪ | ધાનપુરા | ૧૩ | ૧૮ |
| ૫ | દેવગઢ બારીયા | ૧૩ | ૨૨ |
| ૬ | સીંગવડ | ૦૯ | ૦૦ |
| ૭ | ઝાલોદ | ૩૪ | ૩૨ |
| ૮ | સંજેલી | ૦૪ | ૧૧ |
| ૯ | ફતેપુરા | ૨૨ | ૨૪ |
| | **કુલ** | **૧૪૨** | **૧૯૦** |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેન્દ્રવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને

(૨)

(૧) સામુહીક આરોગ્ય કેન્દ્રનું *પત્રક–૧ આ સાથે સામેલ છે.

(૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું *પત્રક–૨ આ સાથે સામેલ છે.

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) નિમણુંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડૉક્ટરની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતાં ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તૃતર્જ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજુર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

# ૬૮

## ખાનપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ હેઠળ રોપાનું વાવેતર

* ૨૦૪૨૧ **શ્રી સુરેશભાઇ પટેલ** (મણિનગર) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૯૨.૮૨ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૦૯–૨૦૧૯ સુધીમાં) | ૮૪.૪૪ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૧૧૯.૦૩ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૦૯–૨૦૧૯ સુધીમાં) | ૫૯.૫૩ |

---------

# ૬૯

## દેવભૂમિ દ્વારકા અને ગીર સોમનાથ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૨૦૯૦૨ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા અને ગીર સોમનાથ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) અને (૨)

| **ક્રમાંક** | **જિલ્લો** | **કૂવાઓની સંખ્યા** | **થયેલ ખર્ચ રકમ લાખમાં** |
|---|---|---|---|
| ૧ | દેવભૂમિ દ્વારકા | ૭૨૭૪ | ૧૨૩૯૭.૫૩ |
| ૨ | ગીર સોમનાથ | ૪૬૯૧ | ૬૩૧૪.૩૫ |

---------

# ૭૦

## રાજ્ય સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાનો હપ્તો ચુકવવા બાબત

* ૨૦૨૧૪ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ મોંઘવારી ભથ્થા પ્રમાણેનો હપ્તો રાજ્ય સરકારના કર્મચારીઓને કેટલા સમયથી ચુકવવામાં આવેલ નથી, અને

(૨) ઉક્ત સ્થિતિએ મોંઘવારી હપ્તો નહીં ચુકવવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧) અને (૨) કેન્દ્ર સરકાર દ્વારા તેમના કર્મચારીઓ માટે જાહેર કરેલ મોંઘવારી ભથ્થા અંગેનો નિર્ણય રાજ્ય સરકારના કર્મચારીઓને આપોઆપ લાગુ પડતો નથી. પરંતુ રાજ્ય સરકાર દ્વારા રાજ્યના કર્મચારીઓને મોંઘવારી ભથ્થુ ચુકવવાનો નિર્ણય વિવિધ પાસાઓ જોઇને યોગ્ય સમયે લેવામાં આવે છે.

---------

# ૭૧

## દાહોદ જિલ્લામાં દૂધ સંજીવની યોજના

* ૧૯૮૪૯ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં દૂધ સંજીવની યોજનાનો અમલ ક્યારથી થયો, અને

(૨) દાહોદ જિલ્લામાં દૂધ સંજીવની યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯–૨૦ માં તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે અને કેટલા બાળકોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૨૭/૧૧/૨૦૦૮ થી.

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ | બાળકોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૯–૨૦ | ૩.૮૮૫.૯૬ લાખ | ૧,૬૫,૫૩૩ |

---------

# ૭૨

## હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં એકટનો ભંગ

* ૨૦૬૫૪ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં યુનિવર્સિટી એકટનો ભંગ કરી એકેડેમીના સભ્યો બિનએકેડેમીક વ્યકિતને કો–ઓપ્ટ કરવામાં આવ્યા હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) મળેલ ફરિયાદ અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧) સાત.

(૨) યુનિવર્સિટીને અહેવાલ રજુ કરવા જણાવવામાં આવેલ છે.

---------

# ૭૩

## બોટાદ અને ભાવનગર જિલ્લાના જર્જરીત પુલ

* ૨૦૧૭૨ **શ્રી પ્રવિણભાઈ મારૂ** (ગઢડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ બોટાદ અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા પુલ જર્જરીત હાલતમાં છે,

(૨) ઉક્ત સ્થિતિએ જર્જરીત પુલ ક્યારથી જર્જરીત હાલતમાં છે, અને

(૩) તેનું સમારકામ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

**જવાબ**

(૧), (૨) અને (૩) ઉક્ત સ્થિતિએ બોટાદ અને ભાવનગર જિલ્લામાં કોઈ પુલ જર્જરીત ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૭૪

## જામનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા ભરવા બાબત

* ૨૦૦૦૨ **શ્રી અરવિંદ રૈયાણી** (રાજકોટપૂર્વ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ જામનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ ૬(છ) જગ્યા મંજૂર થયેલ છે.

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ ૫ (પાંચ) જગ્યાઓ ભરાયેલ છે અને ૧ (એક) જગ્યા ખાલી છે.

(૩) તાલુકા વિકાસ અધિકારીઓની ઉપલબ્ધતા ધ્યાને લઈ, સીધી ભરતીથી તેમજ બઢતીથી મહત્તમ જગ્યાઓ ભરવામાં આવેલ છે.

---------

# ૭૫

## ગીર સોમનાથ જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ

* ૨૦૬૯૭ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૨) આ દબાણો કયા પ્રકારના છે,

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫(૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો કયાં સુધીમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં નીચેની વિગતે તાલુકાવાર ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | વેરાવળ | ૪૧ |
| ૨ | સુત્રાપાડા | ૩૨ |
| ૩ | તાલાળા | ૨૩ |
| ૪ | કોડીનાર | ૧૮ |
| ૫ | ઉના | ૨૨ |
| ૬ | ગીર ગઢડા | ૨૧ |
| | **કુલ** | **૧૫૭** |

(૨) આ દબાણો ખેતી અને રહેણાંક પ્રકારના છે.

(૩) અને (૪) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ ૧૦૫ અન્વયે ધોરણસરની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૭૬

## ભાવનગર જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૧૯૮૪૬ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૩૦૯૯ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવેલ છે.

(૨) રૂ.૨૦૬૯૮.૬૯ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૭૭

## ભાવનગર શહેરમાં આનુષાંગિક ખર્ચની ચૂકવણી સહાય યોજના હેઠળ સહાય

* ૨૦૪૧૬ **શ્રી આર.સી.મકવાણા** (મહુવા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર શહેરમાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીઓના અભ્યાસને લગતા આનુષાંગિક ખર્ચની ચૂકવણી સહાય યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૧–૦૮–૨૦૧૯ સુધીમાં ભાવનગર શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૨) ૫૭૬૫ |
| (૩) વિદ્યાર્થીદીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ? | (૩) વિદ્યાર્થીદીઠ વાર્ષિક રૂ.૩૦૦૦/– લેખે રૂ.૧૭૨.૯૫ લાખની સહાય ચુકવવામાં આવી. |

---------

# ૭૮

## પારડી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ રોપાનું વાવેતર

* ૧૯૮૫૫ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ માં તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ કેટલા રોપાનું વાવેતર કરેલ છે, અને

(૨) તે પાછળ ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર કરેલ રોપા (લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૦.૭૫ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૯–૨૦૧૯ની સ્થિતિએ) | ૦.૮૯ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૩૧.૨૩ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૯–૨૦૧૯ની સ્થિતિએ) | ૩૧.૫૨ |

---------

# ૭૯

## વલસાડ અને નવસારી જિલ્લામાં શાળાઓ બંધ તેમજ મર્જ કરવા બાબત

* ૨૦૯૨૬ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ અને નવસારી જિલ્લામાં વર્ષવાર, તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી મર્જ કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| | | તા.૧/૧૧/૧૭ થી તા.૩૧/૧૦/૧૮ | | તા.૧/૧૧/૧૮ થી તા.૩૧/૧૦/૧૯ | |
|---|---|---|---|---|---|
| જિલ્લો | તાલુકો | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| વલસાડ | વલસાડ | ૦ | ૦ | ૧ | ૮ |
| | પારડી | ૦ | ૦ | ૦ | ૨ |
| | વાપી | ૦ | ૦ | ૦ | ૦ |
| | ધરમપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| | કપરાડા | ૦ | ૦ | ૧ | ૨ |
| | ઉમરગામ | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| નવસારી | નવસારી | ૦ | ૦ | ૦ | ૨ |
| | જલાલપોર | ૦ | ૦ | ૦ | ૬ |
| | ગણદેવી | ૦ | ૦ | ૦ | ૬ |
| | ચીખલી | ૦ | ૦ | ૦ | ૨ |
| | ખેરગામ | ૦ | ૦ | ૦ | ૦ |
| | વાંસદા | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) ઉકત શાળાઓ બંધ કરવાના શા કારણો છે ?

(૨) વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે.

---------

# ૮૦

## તાપી જિલ્લામાં ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ

* ૧૯૮૨૨ **શ્રી મોહનભાઈ ઢોડીયા** (મહુવા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉકત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) કુલ ૧૧૯૫ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

(૨) કુલ રૂ.૪૨.૧૪/– લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૮૧

## જુનાગઢ અને અમરેલી જિલ્લામાં દીપડા દ્વારા મનુષ્ય પર હુમલા

* ૨૦૯૭૪ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર દીપડાઓ દ્વારા મનુષ્યો પર હુમલાના કેટલા બનાવો નોંધાયા,

(૨) આ હુમલાઓ પૈકી કેટલા મનુષ્યોના મૃત્યુ થયા અને કેટલા ઈજાગ્રસ્ત થયા, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દિપડા દ્વારા મનુષ્યો પર હુમલાના બનાવનું પત્રક નીચે મુજબ છે.

| વર્ષ | જિલ્લાનું નામ | કુલ હુમલાના બનાવ |
|---|---|---|
| તા.૦૧–૧૧–૨૦૧૭ થી તા.૩૧–૧૦–૨૦૧૮ | જુનાગઢ | ૧૨ |
| તા.૦૧–૧૧–૨૦૧૮ થી તા.૩૧–૧૦–૨૦૧૯ | | ૨૫ |
| તા.૦૧–૧૧–૨૦૧૭ થી તા.૩૧–૧૦–૨૦૧૮ | અમરેલી | ૧૧ |
| તા.૦૧–૧૧–૨૦૧૮ થી તા.૩૧–૧૦–૨૦૧૯ | | ૩૨ |

(૨)

| વર્ષ | જિલ્લાનું નામ | માનવ મૃત્યુ | માનવ ઈજા |
|---|---|---|---|
| તા.૦૧–૧૧–૨૦૧૭ થી તા.૩૧–૧૦–૨૦૧૮ | જુનાગઢ | ૦૨ | ૧૦ |
| તા.૦૧–૧૧–૨૦૧૮ થી તા.૩૧–૧૦–૨૦૧૯ | | ૦૪ | ૨૧ |
| તા.૦૧–૧૧–૨૦૧૭ થી તા.૩૧–૧૦–૨૦૧૮ | અમરેલી | ૦૦ | ૧૧ |
| તા.૦૧–૧૧–૨૦૧૮ થી તા.૩૧–૧૦–૨૦૧૯ | | ૦૮ | ૨૯ |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા દીપડાને પાંજરે પૂરવામાં આવ્યા?

(૩)

| વર્ષ | જિલ્લાનું નામ | પકડવામાં આવેલ દિપડાની સંખ્યા |
|---|---|---|
| તા.૦૧-૧૧-૨૦૧૭ થી તા.૩૧-૧૦-૨૦૧૮ | જુનાગઢ | ૧૨૭ |
| તા.૦૧-૧૧-૨૦૧૮ થી તા.૩૧-૧૦-૨૦૧૯ | | ૧૮૯ |
| તા.૦૧-૧૧-૨૦૧૭ થી તા.૩૧-૧૦-૨૦૧૮ | અમરેલી | ૫૧ |
| તા.૦૧-૧૧-૨૦૧૮ થી તા.૩૧-૧૦-૨૦૧૯ | | ૬૮ |

---------

# ૮૨

## બનાસકાંઠા જિલ્લામાં જર્જરીત સરકારી પ્રાથમિક શાળાઓ

* ૨૦૯૪૫ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રમાં તા.૦૯-૦૭-૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫૮૩૨ અગ્રતા-૫૨ અન્વયે **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૫-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ-૧૯૨ જર્જરિત શાળાઓ હતી તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો નવી શાળાઓ બનાવવાનું શું આયોજન છે, અને | (૨) વર્ષઃ ૨૦૧૮-૧૯માં ૩૫ શાળાઓ માટે અને વર્ષઃ ૨૦૧૯-૨૦માં ૫૮ શાળાઓ માટે બાંધકામ હાથ ધરેલ છે. બાકી રહેતી શાળાઓમાં આગામી વર્ષોમાં તબક્કાવાર બાંધકામ કરવાનું આયોજન છે. |
| (૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે? | (૩) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી. |

---------

# ૮૩

## સુરત જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' કાર્ડ આપવા બાબત

* ૨૦૪૩૮ **શ્રી હર્ષ સંઘવી** (મજુરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧-૧૦-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) કુલ – ૧,૩૭,૦૯૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં બાકી તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે શી વ્યવસ્થા કરેલ છે? | (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે કુલ – ૧૭ (સત્તર) કિઓસ્ક કાર્યરત છે. |

---------

# ૮૪

## વડોદરા શહેરમાં ફી પરત ચુકવણી સહાય યોજના હેઠળ સહાય

* ૨૦૪૧૫ **શ્રી જીતેન્દ્ર સુખડિયા** (સયાજીગંજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા શહેરમાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ફી-પરત ચુકવણી સહાય યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા. |

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૯-૨૦માં તા.૩૧-૦૮-૨૦૧૯ સુધીમાં વડોદરા શહેરમાં કેટલા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૨) ૧૭૯૯૪

(૩) વિદ્યાર્થીદીઠ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી છે?

(૩) તા.૩૧-૦૮-૨૦૧૯ની સ્થિતિએ વિદ્યાર્થીદીઠ ફી પરત ચુકવણી રકમની સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

# ૮૫

## પશ્ચિમ રેલવેનું વડુંમથક અમદાવાદ ખાતે ખસેડવા બાબત

* ૨૦૦૯૬ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ કેંદ્ર સરકાર સામે પડતર પ્રશ્નો પૈકી પશ્ચિમ રેલવેનું વડુમથક અમદાવાદ ખાતે ખસેડવા અંગે રાજ્ય સરકાર દ્વારા કેંદ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં ક્યારે ક્યારે દરખાસ્ત/રજુઆત કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેંદ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવ મળ્યા?

**જવાબ**

(૧) અને (૨) આ બાબતની દરખાસ્થ/રજુઆત કરવામાં આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૮૬

## થરાદ સિવિલ હોસ્પિટલમાં મંજુર મહેકમ

* ૨૦૪૭૦ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ થરાદ સિવિલ હોસ્પિટલને સિવિલનો દરજ્જો મળ્યો હોવા છતાં તેનું મહેકમ રેફરલ હોસ્પિટલ કક્ષાનું જ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ હોસ્પિટલમાં સિવિલ કક્ષાનું મહેકમ કયાં સુધીમાં મંજુર કરી ભરવામાં આવશે?

**જવાબ**

(૧) સિવિલ હોસ્પિટલ નહી પણ પેટા જિલ્લા હોસ્પીટલ મંજુર કરવામાં આવેલ છે.

(૨) તા.૦૬-૦૮-૨૦૧૫ના ઠરાવથી ૫૦ પથારીને અનુરૂપ પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલનું મહેકમ મંજુર કરવામાં આવેલ છે.

---------

# ૮૭

## અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવે અંગે મળેલ ફરિયાદ

* ૨૦૧૧૬ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ-રાજકોટ નેશનલ હાઈવેની સેન્ટર લાઈન ખોટી રીતે નક્કી કરવા તથા જમીન સંપાદન કર્યા વિના જ સ્થળ પર કામગીરી થઈ રહી હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ખોટી રીતે સેન્ટર લાઈન નક્કી કરનાર અને જમીન સંપાદન કર્યા સિવાય કામગીરી કરવા બદલ જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) ત્રણ રજુઆતો મળેલ છે.

(૨) અને (૩) કામગીરી નિયત ધારાધોરણ, સ્થળસ્થિતિ અને મંજુરી મુજબ થતી હોઈ કાર્યવાહી કરવાનો કે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૮૮

## રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાઓ માટે અરજી

* ૨૦૪૧૯ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાઓ મંજૂર કરવા અંગેની કેટલી અરજીઓ મળી, | (૧) ૨૦૭૦ |
| (૨) તે અંગે કેટલી શાળાઓ મંજૂર અને નામંજૂર કરવામાં આવી, અને | (૨) |

| મંજુર | નામંજુર |
|---|---|
| ૧૩૧૮ | ૭૫૨ |

| | |
|---|---|
| (૩) નામંજૂર કરવાના મુખ્યત્વે કારણો શા હતા? | (૩) શાળા મંજુરી માટેના નિયત માપદંડો સંતોષતા ના હોવાથી. |

---------

# ૮૯

## છોટા–ઉદેપુર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા ભરવા બાબત

* ૨૦૦૧૦ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છોટા–ઉદેપુર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજુર થયેલ છે, | (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છોટા–ઉદેપુર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ–૬(છ) જગ્યા મંજુર થયેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૫(પાંચ) જગ્યાઓ ભરાયેલ છે અને ૧(એક) જગ્યા ખાલી છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શી કાર્યવાહી કરી? | (૩) તાલુકા વિકાસ અધિકારીઓની ઉપલબ્ધતા ધ્યાને લઈ, સીધી ભરતીથી તેમજ બઢતીથી મહત્તમ જગ્યાઓ ભરવામાં આવેલ છે. |

---------

# ૯૦

## પાટણ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા

* ૧૯૮૨૫ **શ્રી જગદીશ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ કેટલા આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ નથી, અને | (૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ તમામ ૧૪૨૭ આંગણવાડી કેન્દ્રોમાં પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ છે. |
| (૨) ઉક્ત સુવિધા બાકી આંગણવાડી કેન્દ્રોમાં ઉપલબ્ધ કરાવવા શી કાર્યવાહી કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૯૧

## કચ્છ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૨૦૮૬૪ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૫૭૦૪ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૨૦૧૧.૯૪ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૯૨

## તાપી સિવિલ હોસ્પિટલમાં સીટીસ્કેન મશીનની સુવિધા

* ૨૦૨૦૩ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ તાપી સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન મશીનની સુવિધા ઉપલબ્ધ છે કે કેમ, અને | (૧) ના જી |
| (૨) જો ના, તો ઉક્ત સ્થિતિએ કયાં સુધીમાં સીટી સ્કેન મશીનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે ? | (૨) હાલ આયોજન નથી. |

---------

# ૯૩

## વલસાડ જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવા બાબત

* ૨૦૪૪૫ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) કુલ – ૨૫,૦૨૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં બાકી તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે શી વ્યવસ્થા કરેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે કુલ–૬(છ) કિઓસ્ક કાર્યરત છે. |

---------

# ૯૪

## કપડવંજ તાલુકામાં સામૂહિક વન નિર્માણ હેઠળ રોપાનું વાવેતર

* ૨૦૪૨૩ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ માં તા.૩૦/૦૯/૨૦૧૯ની સ્થિતિએ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૪૨.૦૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૯–૨૦૧૯ની સ્થિતિએ ) | ૩૭.૦૦ |

(૨) તે અન્વયે તા.૩૦/૦૯/૨૦૧૯ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૨)

| **વર્ષ** | **થયેલ ખર્ચ (રૂ.લાખમાં)** |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૧૬.૧૮ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૦-૯-૨૦૧૯ની સ્થિતિએ ) | ૧૪.૧૧ |

---------

# ૯૫

**પેટ્રોલ ડિઝલ ઉપર વેરા તેમજ સેસ પેટે થયેલ આવક**

* ૨૦૪૫૩ **શ્રી કાંતીભાઈ બલર** (સુરત-ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા)** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ પેટ્રોલ ડિઝલ ઉપર છેલ્લા બે વર્ષમાં રાજ્યને વેરા તેમજ સેસ પેટે કેટલી આવક થઈ ?

**જવાબ**

**(રકમ રૂ. કરોડમાં)**

| | **પેટ્રોલ** | | **ડીઝલ** | |
|---|---|---|---|---|
| **વર્ષ** | **વેરો** | **સેસ** | **વેરો** | **સેસ** |
| ૨૦૧૭/૧૮ | ૩૫૬૯.૯૬ | ૬૫૨.૮૫ | ૭૬૫૯.૨૪ | ૧૪૫૩.૧૩ |
| ૨૦૧૮/૧૯ | ૩૭૮૧.૯૪ | ૭૫૩.૩૩ | ૮૩૨૪.૯૬ | ૧૭૨૭.૯૯ |
| ૦૧/૪/૨૦૧૯ થી ૩૧/૧૦/૨૦૧૯ | ૨૦૬૨.૮૬ | ૪૪૫.૮૨ | ૪૩૨૮.૬૧ | ૯૬૭.૨૩ |

---------

# ૯૬

**પાટણ જિલ્લામાં૦ ''મા'' અને '' ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવા બાબત**

* ૨૦૩૯૫ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) કુલ- ૩૬,૫૫૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં બાકી તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે શી વ્યવસ્થા કરેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે કુલ -૦૯(નવ) કિઓસ્ક કાર્યરત છે. |

---------

# ૯૭

**સાધનોપાય પેશગી પર સરકારે ચુકવેલ વ્યાજ**

* ૨૦૪૫૧ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી**(કરંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| રાજ્ય સરકારે તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં સાધનોપાય પેશગી પર કેટલું વ્યાજ ચુકવેલ છે ? | શૂન્ય. |

---------

# ૯૮

## વેટની ચોરી સંબંધે માહિતી પૂરી પાડનાર બાતમીદારોને રીવોર્ડ ચૂકવવા બાબત

* ૨૦૫૮૫ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧/૦૭/૨૦૧૭ થી GST અમલમાં આવ્યા તે પહેલાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ થી ૩૦/૦૬/૨૦૧૭ સુધીમાં વેટ(મૂલ્ય વર્ધિત વેરો)ની ચોરી સંબંધિત માહિતી પુરી પાડનાર બાતમીદારોને રીવોર્ડ ચૂકવવા બાબતની કુલ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૧૩ |
| (૨) તે પૈકી કુલ કેટલા બાતમીદારોને કુલ કેટલી રકમની રીવોર્ડની ચૂકવણી કરવામાં આવેલ છે, અને | (૨) તે પૈકી, ૧૦ બાતમીદારોને કુલ રૂ.૨,૧૦,૪૯૩/– ની રીવોર્ડની ચૂકવણી કરવામાં આવેલ છે. |
| (૩) કેટલા બાતમીદારોને રીવોર્ડ ચૂકવવાનો બાકી છે ? | (૩) ૩ |

---------

# ૯૯

## રાજકોટ જિલ્લામાં ઘરવપરાશના લાભાર્થીઓને વીજજોડાણ

* ૧૯૮૬૩ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ–ગ્રામ્ય) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂપડા વીજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) કુલ ૬૪૮૮ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ.૩૧૬.૫૪/– લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૦૦

## અમદાવાદ જિલ્લામાં અનુસૂચિતજાતિ પેટા યોજના હેઠળ ઘરવપરાશના વીજ જોડાણો

* ૨૦૮૬૧ **શ્રી બાબુભાઈ પટેલ** (દસક્રોઈ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૦૪૩ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૬૭.૧૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૦૧

## પાટણ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા ભરવા બાબત

* ૨૦૦૧૨ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજુર થયેલ છે, | (૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ–૯ (નવ) જગ્યા મંજુર થયેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ૮ (આઠ) જગ્યાઓ ભરાયેલ છે અને ૧ (એક) જગ્યા ખાલી છે. |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શી કાર્યવાહી કરી?

(૩) તાલુકા વિકાસ અધિકારીઓની ઉપલબ્ધતા ધ્યાને લઈ, સીધી ભરતીથી તેમજ બઢતીથી મહત્તમ જગ્યાઓ ભરવામાં આવેલ છે.

---------

# ૧૦૨

## સિધ્ધપુર તાલુકાના દેથલી મુકામે આવેલ આયુર્વેદ કોલેજ બાબત

* ૨૦૦૭૪ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ સિધ્ધપુર તાલુકાના દેથલી મુકામે આવેલ આયુર્વેદિક કોલેજ ક્યારે અને કેટલા ખર્ચે બાંધવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ કોલેજ કાર્યરત ના હોય તો તેના કારણો શા છે, અને

(૩) આ કોલેજ પુનઃ કયાં સુધી કાર્યરત કરવામાં આવશે?

**જવાબ**

(૧) સિધ્ધપુર તાલુકાના દેથલી મુકામે આયુર્વેદિક કોલેજ આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૦૩

## અમરેલી જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ

* ૨૦૭૦૫ **શ્રી જે. વી. કાકડીયા** (ધારી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૨) આ દબાણો કયા પ્રકારના છે,

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫(૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ગામોમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | લાઠી | ૧ |
| ૨ | બગસરા | ૧ |
| ૩ | જાફરાબાદ | ૧ |
| ૪ | ખાંભા | ૪ |
| ૫ | અમરેલી | ૨ |
| ૬ | કુંકાવાવ | ૩ |
| ૭ | બાબરા | ૩ |
| ૮ | લીલીયા | ૪ |
| ૯ | ધારી | ૫ |
| ૧૦ | રાજુલા | ૨ |
| | **કુલ** | **૨૬** |

(૨) આ દબાણો કાચા પાકા રહેણાંકના મકાનો, ખેતી વિષયક, કાંટાળી વાડ પ્રકારના છે.

(૩) અને (૪)
ન્યાયિક પ્રક્રિયા પડતર હોવાને કારણે, આ કાર્યવાહી પૂર્ણ થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૧૦૪

## અમદાવાદ જિલ્લામાં ઘરવપરાશના લાભાર્થીઓને વિજ જોડાણ

* ૧૯૮૪૦ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ ઘરવપરાશના લાભાર્થીઓના કેટલા વીજજોડાણ આપવામાં આવ્યા, અને | (૧) ૧૦૪૩ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામા આવેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૬૭.૧૭ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૦૫

## પાટણ જિલ્લામાં નર્મદા કેનાલમાં ગાબડા ભંગાણ કે તૂટવાના બનાવો

* ૨૦૦૬૬ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા કેનાલમાં ગાબડા, તુટવાના કે ભંગાણના કેટલા બનાવો બન્યા,

**જવાબ**

(૧) તા. ૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ જિલ્લામાં નર્મદા કેનાલમાં ગાબડા, તુટવાના કે ભંગાણના બનાવોની વિગત નીચે મુજબ છે.

| છેલ્લા બે વર્ષમાં કેનાલોમાં પડેલ ગાબડાં, તુટવાના કે ભંગાણની વિગત | | |
|---|---|---|
| ૧૬–૧૧–૨૦૧૭ થી ૧૫–૧૧–૨૦૧૮ | ૧૬–૧૧–૨૦૧૮ થી ૧૫–૧૧–૨૦૧૯ | કુલ |
| **૧૬** | **૨૨** | **૩૮** |

(૨) ઉક્ત બનાવો બનવાના મુખ્ય શા કારણો છે, અને

(૨) નહેરોના પિયત વિસ્તારમાં આવતા ખેડૂતો દ્વારા અનાધિકૃત રીતે પાણી લેવાથી, રાત્રે પાણીનો ઉપાડ ન કરતાં નહેર ઓવરટોપ થવાથી, અજાણ્યા ઈસમો દ્વારા ગેટ બંધ કરવાથી કે ખોલવાથી, પેરન્ટ કેનાલમાંથી વધુ પાણી આવતાં ઉભરાવવાથી, નહેરમાં આડશ મુકવાથી, કેનાલને છેડછાડ થવાથી, જુના અને નવા કામના જોઈન્ટમાં પાણી લીકેજ થવાથી, નહેરના દરવાજાના સંચાલનની ખામી વગેરે કારણોસર કેનાલ તૂટવાના બનાવો બનેલ છે.

(૩) ઉક્ત બનાવો પૈકી પાટણ જીલ્લામાં ઉક્ત વર્ષવાર નર્મદા કેનાલમાં ગાબડા, તુટવાના કે ભંગાણ પડવાથી કેટલું પાણી વહી ગયું?

(૩) સામાન્યતઃ ગાબડા / ભંગાણ પડે ત્યારે થતાં પાણીના વ્યયની માપણી શક્ય હોતી નથી. આમ છતાં, ઉક્ત ગાબડા, તુટવા કે ભંગાણ થવાથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ જિલ્લામાં થયેલ પાણીના વ્યયનો અંદાજીત જથ્થો નીચે મુજબ છે.

| નર્મદા કેનાલમાં ગાબડા, તુટવાના કે ભંગાણથી વહી ગયેલ પાણીનો જથ્થો (ઘનમીટર) | | |
|---|---|---|
| ૧૬–૧૧–૨૦૧૭ થી ૧૫–૧૧–૨૦૧૮ | ૧૬–૧૧–૨૦૧૮ થી ૧૫–૧૧–૨૦૧૯ | કુલ |
| **૫૦૯૫** | **૨૭૫૨૪** | **૩૨૬૧૯** |

---------

# ૧૦૬

## મહેસાણા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૦૫૦૫ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રોવાર મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨)
*પત્રક-૧, ૨, ૩ સામેલ છે.

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોકટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડોકટરો ઉપલબ્ધ થયેથી તૂર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજુર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

# ૧૦૭

## વલસાડ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન સહાય

* ૧૯૮૫૧ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

વલસાડ જિલ્લામાં આદિજાતિ કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અંતર્ગત તા.૩૦-૦૯-૨૦૧૯ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?

**જવાબ**

| ક્રમ | વર્ષ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૮-૧૯ | ૧૩૦૫ |
| ૨ | ૨૦૧૯-૨૦ | ૬૧૨ |
| | **કુલ** | **૧૯૧૭** |

---------

# ૧૦૮

## ડાંગ જિલ્લામાં ટ્રોમા સેન્ટર શરૂ કરવા બાબત

* ૨૦૨૧૦ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે ટ્રોમા સેન્ટર શરૂ કરવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ડાંગ જિલ્લાના સાપુતારા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલ છે. ટ્રોમા સેન્ટર શરૂ કરવા માટે જરૂરી માળખાગત સુવિધા ઉપલબ્ધ ન હોઈ ટ્રોમા સેન્ટર શરૂ કરી શકાય એમ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૦૯

## મહીસાગર અને પંચમહાલ જિલ્લા સરકારી પ્રાથમિક શાળાઓ બંધ તેમજ મર્જ કરવા બાબત

* ૨૦૭૧૭ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી મર્જ કરવામાં આવી, અને

(૨) ઉક્ત શાળાઓ બંધ કરવાના કારણો શાં છે?

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | તા.૦૧–૧૧–૧૭ થી તા.૩૧–૧૦–૧૮ | | તા.૦૧–૧૧–૧૮ થી તા.૩૧–૧૦–૧૯ | |
|---|---|---|---|---|---|
| | | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| મહિસાગર | લુણાવાડા | ૦ | ૦ | ૮ | ૦ |
| | ખાનપુર | ૦ | ૦ | ૫ | ૦ |
| | સંતરામપુર | ૦ | ૦ | ૩ | ૦ |
| | કડાણા | ૦ | ૦ | ૨ | ૦ |
| | બાલાસિનોર | ૦ | ૦ | ૧ | ૦ |
| | વિરપુર | ૦ | ૦ | ૨ | ૦ |
| પંચમહાલ | જાંબુઘોડા | ૦ | ૧ | ૦ | ૦ |
| | ગોધરા | ૦ | ૦ | ૦ | ૦ |
| | ઘોઘંબા | ૦ | ૦ | ૦ | ૦ |
| | શહેરા | ૦ | ૦ | ૦ | ૦ |
| | કાલોલ | ૦ | ૦ | ૦ | ૦ |
| | હાલોલ | ૦ | ૦ | ૦ | ૦ |
| | મોરવા(હ) | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે

---------

# ૧૧૦

## માંગરોળ અને માળીયા (હા) તાલુકામાં બળી ગયેલ ટીસી

* ૨૦૨૨૬ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર માંગરોળ અને માળીયા (હા) તાલુકામાં કેટલા ટીસી બળી ગયેલ,

(૨) ઉક્ત સ્થિતિએ બળી ગયેલ ટીસી પૈકી કેટલા ચાર્જીંગ ફેઈલ ટીસી ધ્યાનમાં આવેલ, અને

(૩) ચાર્જીંગ ફેઈલ ટીસી અન્વયે કઈ–કઈ એજન્સીઓ સામે શા પગલાં લીધા?

**જવાબ**

(૧) અને (૨)

બળી ગયેલ ટીસી તેમજ તે પૈકી ચાર્જીંગ ફેઈલ ટીસીની વિગતો આ સાથે સામેલ પત્રક–અ મુજબ છે.

(૩) ચાર્જીંગ ફેઈલ ટીસી અન્વયે એજન્સીઓ સામે લીધેલ પગલાંની વિગતો આ સાથે સામેલ પત્રક–બ મુજબ છે.

**પત્રક–અ**

| સમયગાળો | બળી ગયેલ ટ્રાન્સફોર્મરની સંખ્યા | | કુલ ફેઈલ ટ્રાન્સફોર્મરમાંથી ચાર્જીંગ ફેઈલ થયેલ ટ્રાન્સફોર્મરની સંખ્યા | |
|---|---|---|---|---|
| | માંગરોળ | માળીયા (હા) | માંગરોળ | માળીયા (હા) |
| નવે.–૨૦૧૭ | ૭૪ | ૧૨૭ | ૧ | ૧ |
| ડીસે.–૨૦૧૭ | ૩૩ | ૮૧ | ૦ | ૦ |
| જાન્યુ.–૨૦૧૮ | ૪૩ | ૮૪ | ૦ | ૦ |
| ફેબ્રુ.–૨૦૧૮ | ૧૯ | ૭૨ | ૦ | ૦ |
| માર્ચ–૨૦૧૮ | ૩૫ | ૭૮ | ૧ | ૦ |

| સમયગાળો | બળી ગયેલ ટ્રાન્સફોર્મરની સંખ્યા | | કુલ ફેઈલ ટ્રાન્સફોર્મરમાંથી ચાર્જીંગ ફેઈલ થયેલ ટ્રાન્સફોર્મરની સંખ્યા | |
|---|---|---|---|---|
| | માંગરોળ | માળીયા (હા) | માંગરોળ | માળીયા (હા) |
| એપ્રીલ-૨૦૧૮ | ૩૭ | ૯૪ | ૦ | ૦ |
| મે-૨૦૧૮ | ૬૮ | ૧૨૪ | ૦ | ૦ |
| જુન-૨૦૧૮ | ૫૦ | ૮૫ | ૦ | ૦ |
| જુલાઈ-૨૦૧૮ | ૯૧ | ૧૦૨ | ૧ | ૨ |
| ઓગષ્ટ-૨૦૧૮ | ૧૦૧ | ૯૮ | ૦ | ૦ |
| સપ્ટે.-૨૦૧૮ | ૧૦૬ | ૧૭૭ | ૧ | ૧ |
| ઓકટો.-૨૦૧૮ | ૯૨ | ૧૮૪ | ૨ | ૨ |
| નવે.-૨૦૧૮ | ૫૪ | ૧૩૦ | ૨ | ૧ |
| ડીસે.-૨૦૧૮ | ૫૦ | ૧૨૬ | ૨ | ૦ |
| જાન્યુ.-૨૦૧૯ | ૩૮ | ૧૦૬ | ૦ | ૦ |
| ફેબ્રુ.-૨૦૧૯ | ૪૧ | ૯૧ | ૦ | ૦ |
| માર્ચ-૨૦૧૯ | ૫૨ | ૧૦૮ | ૨ | ૦ |
| એપ્રીલ-૨૦૧૯ | ૬૯ | ૯૦ | ૧ | ૧ |
| મે-૨૦૧૯ | ૩૩ | ૮૬ | ૧ | ૦ |
| જુન-૨૦૧૯ | ૪૭ | ૯૪ | ૦ | ૦ |
| જુલાઈ-૨૦૧૯ | ૧૩૦ | ૨૫૯ | ૫ | ૦ |
| ઓગષ્ટ-૨૦૧૯ | ૧૦૦ | ૧૮૬ | ૦ | ૧ |
| સપ્ટે.-૨૦૧૯ | ૧૩૮ | ૧૫૧ | ૧ | ૧ |
| ઓકટો.-૨૦૧૯ | ૧૬૦ | ૧૭૪ | ૦ | ૦ |

**પત્રક-બ**

| અનુ. | એજન્સીનું નામ | લીધેલ પગલાંની વિગત |
|---|---|---|
| ૧ | મારુતિ મેગ્નેટિક, અગતરાય | હાલ કંપનીએ નાદારી નોધાવતા કંપની બંધ થયેલ છે. |
| ૨ | ડાન્કે ઈલેક્ટ્રીકલ | ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઈલ થયેલ હોવાથી તકેદારી રાખવાની નોટીસ આપેલ છે. |
| ૩ | ફારુક સુલેમાન તાજા | ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઈલ થયેલ હોવાથી તકેદારી રાખવાની નોટીસ આપેલ છે. |
| ૪ | લો-લોસ પ્રોડક્ટ્સ પ્રા. લી. | ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઈલ થયેલ હોવાથી તકેદારી રાખવાની નોટીસ આપેલ છે. |
| ૫ | તોશીબાટ્રાન્સ. એન્ડ ડિસ્ટ. સિસ્ટમ | ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઈલ થયેલ હોવાથી તકેદારી રાખવાની નોટીસ આપેલ છે. |
| ૬ | આલ્ફા ટ્રાન્સફોર્મર્સ | ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઈલ થયેલ હોવાથી તકેદારી રાખવાની નોટીસ આપેલ છે. |
| ૭ | ચિંતામણી લેમિનેશન | ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઈલ થયેલ હોવાથી તકેદારી રાખવાની નોટીસ આપેલ છે. |
| ૮ | ડાન્કેટેકનો ઈલેક્ટ્રો લિમિટેડ | ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઈલ થયેલ હોવાથી તકેદારી રાખવાની નોટીસ આપેલ છે. |
| ૯ | કે.આર.વાય.એફ.એસ.પાવર કોમ્પોનેંટ | ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઈલ થયેલ હોવાથી તકેદારી રાખવાની નોટીસ આપેલ છે. |
| ૧૦ | નાકોડાટ્રાન્સફોર્મર | ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઈલ થયેલ હોવાથી તકેદારી રાખવાની નોટીસ આપેલ છે. |
| ૧૧ | નિકસન એન્જિનિર્કીંગ કં. | ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઈલ થયેલ હોવાથી તકેદારી રાખવાની નોટીસ આપેલ છે. |
| ૧૨ | રાજસ્થાન પાવર જનરેશન ટ્રાન્સફોર્મર્સ પ્રા. લી. | ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઈલ થયેલ હોવાથી તકેદારી રાખવાની નોટીસ આપેલ છે. |
| ૧૩ | વેસ્ટર્નઈલેક્ટ્રો ટ્રાન્સ | ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઈલ થયેલ હોવાથી તકેદારી રાખવાની નોટીસ આપેલ છે. |
| ૧૪ | કે.આર.વાય.એફ.એસ. ટ્રાન્સફોર્મર્સ પ્રા.લી. | ટ્રાન્સફોર્મર ચાર્જીંગ ફેઈલ થયેલ હોવાથી તકેદારી રાખવાની નોટીસ આપેલ છે. |

---------

# ૧૧૧

**આણંદ જિલ્લામાં ઘરવપરાશના લાભાર્થીઓ**

* ૧૯૮૧૯ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) કુલ ૪૦૨૪ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

(૨) કુલ રૂ. ૩૪૩.૦૪ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૧૧૨

## ભરૂચ જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ

* ૨૦૪૦૩ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ભરૂચ જિલ્લા માટે સને–૨૦૧૯–૨૦માં તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા.

(૨) રૂ.૯૯,૪૬,૮૦૦/– (અંકે રૂપિયા નવ્વાણું લાખ છેતાલીસ હજાર અને આઠ સો પુરા)

---------

# ૧૧૩

## દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓ બંધ તથા મર્જ કરવા બાબત

* ૨૦૫૪૩ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ મર્જ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો,

(૨) ઉક્ત શાળાઓ મર્જ કરવાના શાં કારણો છે, અને

(૩) ઉક્ત શાળાઓ મર્જ કરવાથી, ઉક્ત શાળાઓમાં ભણતા બાળકો માટે શિક્ષણની શી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી?

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | તા.૧૬–૧૧–૧૭ થી તા.૧૫–૧૧–૧૮ | | તા.૧૬–૧૧–૧૮ થી તા.૧૫–૧૦–૧૯ | |
|---|---|---|---|---|---|
| | | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| દેવભૂમિ દ્વારકા | ખંભાલીયા | ૦ | ૦ | ૦ | ૦ |
| | ભાણવડ | ૦ | ૦ | ૨ | ૦ |
| | દ્વારકા | ૦ | ૦ | ૧ | ૦ |
| | કલ્યાણપુર | ૨ | ૦ | ૧ | ૦ |
| જામનગર | લાલપુર | ૧ | ૦ | ૦ | ૦ |
| | જામનગર | ૧ | ૦ | ૦ | ૦ |
| | કાલાવાડ | ૦ | ૦ | ૧ | ૦ |
| | જામજોધપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| | ધ્રોલ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જોડિયા | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) વિદ્યાર્થીની સંખ્યા ઓછી હોવાના કારણે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૧૪

## અમદાવાદ જિલ્લામાં ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ

* ૧૯૮૧૬ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) કુલ ૨૦૬૩ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

(૨) કુલ રૂ.૮૩.૮૨ લાખનો ખર્ચ થયો.

---------

# ૧૧૫

**સેન્ટ્રલ પેપર પલ્પ મિલ્સ, સોનગઢને વાંસ કાપવાના ઈજારા બાબત**

* ૨૦૬૦૨ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સોનગઢની સેન્ટ્રલ પેપર પલ્પ મીલ્સને રાજ્યનાં જંગલોમાંથી વાંસ કાપવાના ઈજારા પેટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા જથ્થા સામે કેટલી વસુલાત આવી,

**જવાબ**

તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સોનગઢની સેન્ટ્રલ પેપર પલ્પ મીલ્સને રાજ્યનાં જંગલોમાં વાંસ કાપવાનાં ઈજારા પેટે છેલ્લા બે વર્ષમાં વાંસ કાપવાનો કોઈ ઈજારો આપવામાં આવેલ નથી. જેથી વસુલાતનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

---------

# ૧૧૬

**બાલાસિનોર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ હેઠળ રોપાનું વાવેતર**

* ૨૦૪૨૦ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦માં તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **વાવેતર (હેક્ટરમાં)** |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૧૦.૦૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૦૯–૨૦૧૯ સુધીમાં) | ૩૭.૦૦ |

(૨)

| **વર્ષ** | **ખર્ચ (રૂ. લાખમાં)** |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૫.૦૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૦૯–૨૦૧૯ સુધીમાં) | ૫૧.૮૩ |

---------

# ૧૧૭

**રાજ્યને જી.એસ.ટી. કાયદા અન્વયે ચૂકવેલ વળતર**

* ૨૦૦૯૦ ડૉ. સી.જે.ચાવડા (ગાંધીનગર–ઉત્તર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ જીએસટી કાયદા અન્વયે રાજ્યની આવકમાં ઘટાડો થાય તો પાયાના વર્ષ ૨૦૧૫–૧૬માં દર વર્ષે ૧૪% લેખે ગ્રોથ ઉમેરી રાજ્યને કાયદાની કલમ–૫ મુજબ કેન્દ્ર સરકારે વળતર ચૂકવવાનું થાય છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાયાના વર્ષ મુજબ ગ્રોથ ન થયો હોય તો રાજ્ય સરકારને ક્યારે–ક્યારે કેટલી રકમ કેન્દ્ર સરકાર તરફથી મળી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) પત્રક મુજબ.

**પત્રક**

| **મળેલ વળતર (રૂ. કરોડમાં)** | **મળેલ વળતરના આદેશની તારીખ** |
|---|---|
| ૧૪૦૨ | ૩૦–૦૯–૧૭ |
| ૮૮૦ | ૨૯–૧૧–૧૭ |

| મળેલ વળતર (રૂ. કરોડમાં) | મળેલ વળતરના આદેશની તારીખ |
|---|---|
| ૨૫૨ | ૩૧–૦૧–૧૮ |
| ૧૧૫૩ | ૨૨–૦૩–૧૮ |
| ૫૯૦ | ૨૯–૦૫–૧૮ |
| ૧૭૪ | ૧૧–૦૭–૧૮ |
| ૧૩૮૦ | ૩૧–૦૮–૧૮ |
| ૪૪૬ | ૦૧–૧૧–૧૮ |
| ૨૨૩૭ | ૦૧–૦૧–૧૯ |
| ૧૩૨૨ | ૦૭–૦૩–૧૯ |
| ૧૬૬૮ | ૦૧–૦૫–૧૯ |
| ૧૭૯૫ | ૨૯–૦૭–૧૯ |
| ૨૨૦૩ | ૩૦–૦૮–૧૯ |

---------

# ૧૧૮

**બનાસકાંઠા જિલ્લામાં હોર્સ પાવર વધારા માટેની અરજીઓ**

* ૨૦૪૯૨ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા વીજ કનેક્શનોમાં હોર્સ પાવર વધારા માટે અરજીઓ મળી, અને

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | તા.૦૧–૧૧–૨૦૧૭ થી ૩૧–૧૦–૨૦૧૮ દરમિયાન મળેલ અરજીઓ | તા.૦૧–૧૧–૨૦૧૮ થી ૩૧–૧૦–૨૦૧૯ દરમિયાન મળેલ અરજીઓ |
|---|---|---|
| પાલનપુર | ૩૬૦ | ૨૩૯ |
| અમીરગઢ | ૨૨ | ૪૦ |
| વડગામ | ૨૦૭ | ૪૩૭ |
| દાંતા | ૪૨ | ૭૮ |
| દાંતીવાડા | ૧૩૯ | ૧૧૪ |
| ડીસા | ૧૫૦૧ | ૯૫૭ |
| ધાનેરા | ૧૧૧૯ | ૧૧૫૨ |
| થરાદ | ૩૫૫ | ૪૯૬ |
| વાવ | ૧૦૬ | ૯૪ |
| કાંકરેજ | ૨૨૪ | ૫૪૩ |
| ભાભર | ૪૩ | ૧૩૬ |
| દિયોદર | ૪૦૯ | ૯૨૬ |
| લાખણી | ૬૧૪ | ૫૨૦ |
| સુઇગામ | ૧૭ | ૭૭ |
| **કુલ....** | **૫૧૫૮** | **૫૮૦૯** |

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી, અને કેટલી અરજીઓ મુખ્યત્વે કયાં કારણોસર ના મંજૂર કરી?

(૨) કુલ ૧૦૧૫૫ અરજીઓ મંજુર કરવામાં આવી જ્યારે ૭૨૬ અરજીઓ અરજદારે નાણાં ભરપાઈ ન કરવાનાં કારણે નામંજુર કરવામાં આવી.

---------

# ૧૧૯

## બનાસકાંઠા જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓને જોબ નંબર આપવા બાબત

* ૨૦૪૮૫ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટલા રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં મંજૂરી કરી જોબ નંબર ફાળવવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ રસ્તાઓના કામો નબળી અને હલકી ગુણવત્તાના થયેલ હોઈ તે અન્વયે જવાબદારો સામે શું પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) અને (૨)

ઉક્ત સ્થિતિએ ૨૦૯ કામોના જોબ નંબર ફાળવવામાં આવેલ છે. આપેલ જોબ નંબર પૈકીના કામોમાં નબળી/હલકી ગુણવત્તા અંગે કોઈ ફરિયાદ મળેલ નથી.

---------

# ૧૨૦

## પાદરા તાલુકામાં સામૂહિક વન નિર્માણ હેઠળ રોપાનું વાવેતર

* ૨૦૪૨૪ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ માં તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે તા.૩૦–૦૯–૨૦૧૯ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૫૫.૦૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ) | ૨૮.૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૨૬.૨૮ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ) | ૨૧.૪૮ |

---------

# ૧૨૧

## અમદાવાદ જિલ્લા સરકારી પ્રાથમિક શાળાઓ બંધ તેમજ મર્જ કરવા બાબત

* ૨૦૬૫૯ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી મર્જ કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| તાલુકો | તા.૧/૧૧/૧૭ થી તા.૩૧/૧૦/૧૮ | | તા.૧/૧૧/૧૮ થી તા.૩૧/૧૦/૧૯ | |
|---|---|---|---|---|
| | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| વિરમગામ | ૦ | ૦ | ૦ | ૨ |
| ધોળકા | ૦ | ૦ | ૦ | ૧ |
| દસક્રોઈ | ૦ | ૦ | ૦ | ૧ |
| અમદાવાદ સીટી | ૦ | ૦ | ૦ | ૦ |
| સાણંદ | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ધંધુકા | ૦ | ૦ | ૦ | ૦ |
| ધોલેરા | ૦ | ૦ | ૦ | ૦ |
| દેત્રોજ | ૦ | ૦ | ૦ | ૦ |
| માંડલ | ૦ | ૦ | ૦ | ૦ |
| બાવળા | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) ઉક્ત શાળાઓ બંધ કરવાના કારણો શા છે ?

(૨) વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે.

---------

# ૧૨૨

**અમરેલી જિલ્લામાં તાલુકાવાર રસ્તાના કામો**

* ૨૦૫૫૯ **શ્રી અંબરીષ ડેર** (રાજુલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સેન્ટ્રલ રોડ ફંડ (સીઆરએફ) યોજના અંતર્ગત રાજ્યમાં કરવામાં આવતા રોડના કામોમાં ડીબીએમ (ડેન્સ બિટુમીનીયસ મેકાડમ) અને બીએમ (બિટુમીનીયસ મેકાડમ) અને એસડીબીસી (સેમી ડેન્સ બિટુમીનીયસ મેકાડમ) મુજબ કામો કરવામાં આવે છે કે કેમ, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી જિલ્લામાં તાલુકાવાર કયા રસ્તાઓ ઉક્ત યોજના હેઠળ ઉક્ત જોગવાઇઓ મુજબ કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) રાજ્યમાં આવેલ રસ્તાના કામોમાં જે–તે રસ્તાની સ્થળ સ્થિતિની જરૂરિયાત મુજબ આઈ.આર.સી કોડના આધારે રસ્તાની ડિઝાઇન કરી તે મુજબ જરૂરી લેયર લેવામાં આવે છે.

(૨) છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં પંચાયત માર્ગ અને મકાન વિભાગના ધારી તાલુકામાં વર્ષ ૨૦૧૭–૧૮માં જીરા–નાંગધ્રા–ધારગણી (એમડીઆર)નું કામ મંજુર થયેલ છે. સદર રસ્તાની જરૂરિયાત મુજબની જોગવાઇ લેવામાં આવેલ છે.

---------

# ૧૨૩

**બોટાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ**

* ૨૦૬૭૬ **શ્રી સોમાભાઇ કોળી પટેલ** (લીંમડી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ બોટાદ અને સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ

**બોટાદ**

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | બોટાદ | ૮ |
| ૨ | ગઢડા | ૩ |
| ૩ | બરવાળા | ૦ |
| ૪ | રાણપુર | ૨ |
| | **કુલ** | **૧૩** |

**સુરેન્દ્રનગર**

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૧ |
| ૨ | લખતર | ૩ |
| ૩ | લીંમડી | ૨ |
| ૪ | ચોટીલા | ૧ |
| ૫ | થાનગઢ | ૧ |
| ૬ | ધ્રાંગધ્રા | ૭ |
| ૭ | પાટડી | ૧ |
| ૮ | ચુડા | ૩ |
| ૯ | મુળી | ૩ |
| | **કુલ** | **૨૨** |

(૨) આ દબાણો ક્યા પ્રકારના છે,

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫(૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

(૨) બોટાદ જિલ્લાના દબાણો ખેતી, રહેણાંક, કાચા–પાકા બાંધકામ પ્રકારના છે.

સુરેન્દ્રનગર જિલ્લાના આ દબાણો કાચા અને કામચલાઉ વાડા પ્રકારના છે.

(૩) અને (૪) ન્યાયિક પ્રક્રિયા પડતર તેમજ જમીન માપણીની પ્રક્રિયા પડતર હોવાના કારણે, આ કાર્યવાહી પૂર્ણ થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૧૨૪

**રાજ્યમાં ડાયાલીસીસ સેન્ટર ચાલુ કરવા બાબત**

* ૨૦૧૮૫ **શ્રી પુનમભાઇ પરમાર** (સોજીત્રા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૧૦–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં કયા–ક્યા સ્થળે પીપીપીના ધોરણે ડાયાલીસીસ સેન્ટર ચાલુ કરવાનો નિર્ણય ક્યારે કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા ડાયાલીસીસ સેન્ટર કાર્યરત થયા, અને

(૩) બાકી રહેલ ડાયાલીસીસ સેન્ટર ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજ્યમાં કોઇપણ સ્થળે પીપીપીના ધોરણે ડાયાલીસીસ સેન્ટર ચાલુ કરવાનો નિર્ણય કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૨૫

**મહેસાણા જિલ્લામાં ઘરવપરાશના લાભાર્થીઓને વિજ જોડાણ**

* ૧૯૮૩૯ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જીલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ ઘરવપરાશના લાભાર્થીઓને કેટલા વીજજોડાણ આપવામાં આવ્યાં, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૨૧૧ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામા આવેલ છે.

(૨) રૂ.૧૦૯.૭૩ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૧૨૬

**વેરાવળથી વાપીની ડીપી–સી ડીસ્ચાર્જ પાઈપલાઇનની યોજના માટે સી.આર.ઝેડ ક્લીયરન્સ**

* ૨૦૫૩૯ **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વેરાવળથી વાપીની વચ્ચે આવેલ અમદાવાદ, વડોદરા, અને જેતપુરના ઔદ્યોગિક એકમોના પ્રદૂષણ દૂર કરવા માટે રૂ.૨૨૭૫ કરોડના અંદાજિત ખર્ચે ડીપ–સી ડીસ્ચાર્જ પાઈપલાઈનની યોજના માટે સી.આર.ઝેડ ક્લીયરન્સ લેવાનું થાય છે તે હકીકત સાચી છે,

(૨) તા.૩૧.૧૦.૨૦૧૯ની સ્થિતિએ સીઆરઝેડ ક્લીયરન્સ મેળવવા માટે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ છે, કે કેમ?

**જવાબ**

(૧) હા,

(૨) તા.૩૧.૧૦.૨૦૧૯ની સ્થિતિએ સીઆરઝેડ ક્લીયરન્સ માટે હાલ કોઇ અરજી મળેલ નથી.

---------

# ૧૨૭

## જામનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૨૦૯૦૦ **ડૉ. નિમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૬૭૪૭ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

(૨) રૂ.૨૬૫૧૮.૪૯ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૧૨૮

## ગુજરાત સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની બેઠકો

* ૨૦૧૩૯ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની ક્યારે બેઠકો મળી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત બેઠકોમાંના ક્યા નિર્ણયોની અમલવારી થઈ, અને

(૩) બાકી રહેલ નિર્ણયોની અમલવારી ક્યાં સુધીમાં થશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં (૧) તા.૨૦–૧૧–૨૦૧૮ (૨) તા.૨૦–૦૨–૨૦૧૯ (૩) તા.૦૮–૦૭–૨૦૧૯ તથા (૪) તા.૦૫–૦૯–૨૦૧૯ ના રોજ સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફની બેઠકો મળી.

(૨) ઉક્ત બેઠકોમાં વન્યપ્રાણી સંરક્ષણ અંગે જરૂરી સલાહ સુચના કરવામાં આવેલ તથા વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ, ૧૯૭૨ની જોગવાઇ હેઠળ વિભિન્ન એજન્સીઓ તરફથી મળેલ રક્ષિત વિસ્તારમાં કામગીરી સંબંધિત પરવાનગી બાબતની દરખાસ્તો અંગે જરૂરી ભલામણો કરવામાં આવેલ છે.

(૩) સ્ટેટ બોર્ડ ફોર વાઇલ્ડ લાઇફ પાસે કોઇ નિર્ણયોની અમલવારી બાકી નથી.

---------

# ૧૨૯

## આણંદ અને ખેડા જિલ્લામાં પાંજરાપોળ માટે રકમ ફાળવણી

* ૨૦૫૭૭ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય ગૌ સંવર્ધન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બજેટમાં પાંજરાપોળ માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત વર્ષવાર આણંદ અને ખેડા જિલ્લામાં કેટલી રકમ ફાળવવામાં આવી, અને

**જવાબ**

(૧) પાંજરાપોળ માટે બજેટમાં કોઇ અલગ રકમ ફાળવવામાં આવતી નથી. પરંતુ ગૌશાળા અને પાંજરાપોળ માટે બોર્ડની કુલ જોગવાઇ નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | જોગવાઇ લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૧૭–૧૮ | ૪૦૦૦.૦૦ |
| ૨ | ૨૦૧૮–૧૯ | ૪૨૦૦.૦૦ |
| ૩ | ૨૦૧૯–૨૦ | ૩૮૨૩.૦૦ |

(૨)

| વર્ષ | જિલ્લો | ફાળવેલ રકમ (લાખમાં) |
|---|---|---|
| તા.૦૧–૧૧–૨૦૧૭ થી તા.૩૧–૧૦–૨૦૧૮ | આણંદ | ૦ |
| | ખેડા | ૨૮.૦૦ |
| તા.૦૧–૧૧–૨૦૧૮ થી તા.૩૧–૧૦–૨૦૧૯ | આણંદ | ૦ |
| | ખેડા | ૦ |

(૩) ફાળવેલ રકમ પૈકી કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી ?

(૩)

| વર્ષ | જિલ્લો | વપરાયેલ રકમ (લાખમાં) |
|---|---|---|
| તા.૦૧-૧૧-૨૦૧૭ થી તા.૩૧-૧૦-૨૦૧૮ | આણંદ | ૦ |
| | ખેડા | ૨૮.૦૦ |
| તા.૦૧-૧૧-૨૦૧૮ થી તા.૩૧-૧૦-૨૦૧૯ | આણંદ | ૦ |
| | ખેડા | ૦ |

ફાળવેલ રકમ પુરેપુરી વપરાયેલ હોઇ વણવપરાયેલ રકમ અંગે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૩૦

## બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ

* ૨૦૪૭૬ **શ્રી નથાભાઇ પટેલ** (ધાનેરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે,

(૧)

| તાલુકો | ખુટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| અમીરગઢ | ૫૪ |
| ભાભર | ૨૭ |
| દાંતા | ૧૮૧ |
| દાંતીવાડા | ૯૮ |
| ડીસા | ૩૧૭ |
| દિયોદર | ૧૫૯ |
| ધાનેરા | ૬૬ |
| કાંકરેજ | ૩૪૭ |
| લાખણી | ૧૦૯ |
| પાલનપુર | ૧૨૪ |
| સુઇગામ | ૧૧ |
| થરાદ | ૧૫૪ |
| વડગામ | ૬૨ |
| વાવ | ૫૬ |

(૨) આ ઘટતા ઓરડા ક્યાં સુધીમાં બનાવવામાં આવશે, અને

(૨) જેમ બને તેમ જલ્દી.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર કેટલા નવા ઓરડાઓ બનાવવામાં આવ્યા ?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર બનાવેલ ઓરડાની સંખ્યા

| તાલુકો | વર્ષ : ૨૦૧૭-૧૮ | વર્ષ : ૨૦૧૮-૧૯ |
|---|---|---|
| અમીરગઢ | ૮ | ૨૦ |
| ભાભર | ૨૨ | ૩ |
| દાંતા | ૩૯ | ૩૩ |
| દાંતીવાડા | ૨૩ | ૨૧ |
| ડીસા | ૫૪ | ૨૫ |
| દિયોદર | ૨૦ | ૩ |
| ધાનેરા | ૩૫ | ૮ |
| કાંકરેજ | ૧૦૮ | ૪ |
| લાખણી | ૨૦ | ૨૫ |
| પાલનપુર | ૨૨ | ૨૧ |
| સુઇગામ | ૧૦ | ૦ |
| થરાદ | ૬૯ | ૪૫ |
| વડગામ | ૫ | ૧૩ |
| વાવ | ૧૮ | ૦ |
| **કુલ** | **૪૫૩** | **૨૨૧** |

---------

# ૧૩૧

## જંબુસર અને આમોદ તાલુકાઓમાં ખેતીવિષયક વીજજોડાણો

* ૨૦૨૪૬ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભરૂચ જિલ્લાનાં જંબુસર અને આમોદ તાલુકાઓમાં ખેતીવિષયક વીજજોડાણ મેળવવા માટે કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરી, અને

(૩) કેટલી અરજીઓ ક્યાં ક્યાં કારણોસર નામંજૂર કરી ?

**જવાબ**

(૧) અને (૨)

| તાલુકો | ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટે મળેલ અરજીઓ | | | મંજૂર થયેલ અરજીઓ | તે પૈકી નામંજૂર કરેલ અરજીઓ |
|---|---|---|---|---|---|
| | તા.૧.૧૧.૧૭ થી ૩૧.૧૦.૧૮ | તા.૧.૧૧.૧૮ થી ૩૧.૧૦.૧૯ | કુલ | | |
| જંબુસર | ૭૧ | ૧૯૫ | ૨૬૬ | ૫૪ | ૦ |
| આમોદ | ૧૧૩ | ૧૮૦ | ૨૯૩ | ૧૬૫ | ૦ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૩૨

## હિંમતનગર ખાતે નવી મજૂર અદાલતના બાંધકામને મંજૂરી

* ૨૦૮૪૩ **શ્રી હિતુ કનોડિયા** (ઈડર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં હિંમતનગર, જિ. સાબરકાંઠા ખાતે મજૂર અદાલતના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, અને ક્યારે ?

**જવાબ**

(૧) હા,જી

(૨) રૂ.૭,૬૦,૦૦,૦૦૦/– વહીવટી મંજુરી તા.૦૩–૦૭–૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ છે.

---------

# ૧૩૩

## અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે સિવિલ હોસ્પિટલની કામગીરી

* ૨૦૫૧૩ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે સિવિલ હોસ્પિટલ મંજુર થયેલ છે તેની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) ઉક્ત હોસ્પીટલ ક્યાં સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અરવલ્લી જિલ્લામાં મોડાસા ખાતે સિવિલ હોસ્પિટલની તાંત્રીક મંજૂરી તા.૧૬/૧૧/૨૦૧૯ના રોજ મળેલ છે. હાલનાં તબક્કે કામના ડ્રાફ્ટ ટેન્ડર પેપર્સ(ડી.ટી.પી.) મંજુરી હેઠળ છે.

(૨) આ કામગીરી માટે રૂ.૬૫૦૨.૮૮ લાખના અંદાજીત ખર્ચ, કામનું ટેન્ડર મંજુર થયા બાદ બે(૦૨) વર્ષમાં પૂર્ણ થઈ શકશે.

(૩) ઉક્ત હોસ્પિટલના કામ માટેનો વર્ક ઓર્ડર આપ્યા બાદ બે(૦૨) વર્ષમાં કાર્યરત થઈ શકશે.

---------

# ૧૩૪

## રાજ્યના ડેમો/તળાવો નર્મદાના પાણીથી ભરવા બાબત

* ૨૦૫૨૬ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા છ માસમાં નર્મદા ડેમ ૧૩૮ મીટર છલકાયા પછી ઓવરફ્લોનું કેટલા ક્યુસેક પાણીનો જથ્થો કેટલો દિવસ સુધી વહાવવામાં આવ્યો, અને | (૧) નર્મદા ડેમની પૂર્ણ જળ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. જે તા.૧૫/૯/૨૦૧૯ ના રોજ હાંસલ થયેલ. પરંતુ ૧૩૧.૧૮ મીટરથી ૧૩૮.૬૮ મીટરની ભરાઈ પ્રથમ વખત થઈ રહી હોવાથી તે દરમ્યાન ડેમ નિયંત્રિત રીતે ભરવાનો હોવાથી તા.૯/૮/૨૦૧૯ થી તા.૧૩/૧૦/૨૦૧૯ સુધીમાં દૈનિક ૨૫૪૨૭૧ ક્યુસેક ઓવરફ્લો ૬૬ દિવસ માટે થયેલ. તે દરમ્યાન દૈનિક ૧૩૩૬૦ ક્યુસેક પાણી નર્મદા મુખ્ય નહેરમાં વહેવડાવવમાં આવેલ. |
| (૨) તે અન્વયે વહાવેલ પાણીના જથ્થામાંથી રાજ્યના ડેમો /તળાવોમાં કેટલો પાણીનો જથ્થો ભરવામાં આવ્યો ? | (૨) ૧૫૨૮૪ મીલીયન ઘન ફૂટ |

---------

# ૧૩૫

## રાજ્યમાં મેડિકલ યુનિવર્સિટી સ્થાપવા બાબત

* ૨૦૧૯૫ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦/૧૦/૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં મેડીકલ યુનિવર્સિટી સ્થાપવાનો નિર્ણય ક્યારે કરવામાં આવેલ છે, | (૧) રાજ્યમાં મેડીકલ યુનિવર્સિટી સ્થાપવાની બાબત હાલ વિચારણાધીન છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને | (૨) રકમની ફાળવણીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ યુનિવર્સિટી સ્થાપવાની કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) સરકારશ્રી દ્વારા આખરી નિર્ણય થયેથી સમય–મર્યાદા નિયત કરી શકાશે. |

---------

# ૧૩૬

## ગાંધીનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા ભરવા બાબત.

* ૨૦૦૧૪ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર–દક્ષિણ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | (૧) તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ–૪(ચાર) જગ્યા મંજુર થયેલ છે, |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકા વિકાસ અધિકારીની તમામ જગ્યાઓ ભરાયેલ છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શી કાર્યવાહી કરી ? | (૩) ગાંધીનગર જિલ્લામાં તમામ જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીથી ભરવામાં આવેલ છે. કોઈ જગ્યા ખાલી ન હોઈ, જગ્યા ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૩૭

## દાહોદ જિલ્લામાં ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ

* ૧૯૮૨૧ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૧૦–૨૦૧૯ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગરીબ લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) કુલ ૧૦૧૧૫ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ.૩૫૬.૮૯ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૩૮

## રાજકોટ અને વડોદરા શહેરમાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ

* ૨૦૪૧૮ **શ્રીમતી મનીષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ અને વડોદરા શહેરમાં તા.૩૧/૦૮/૨૦૧૯ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માટે રાજ્યમાં આર.ટી.ઈ.એક્ટ હેઠળ નબળા અને વંચિત જુથના બાળકોના પ્રવેશ માટે રાજકોટ અને વડોદરા શહેરમાં કેટલા વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજીઓ કરી,

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો, અને

(૩) તે અંગે રાજ્ય સરકારે કેટલી રકમનો ખર્ચ કરેલ છે?

**જવાબ**

(૧)

| **સ્થિતિ** | **આર.ટી.ઈ. એક્ટ હેઠળ મળેલ અરજીની સંખ્યા** | |
|---|---|---|
| | **રાજકોટ શહેર** | **વડોદરા શહેર** |
| જુન–૨૦૧૯ | ૧૨૯૨૨ | ૮૮૨૧ |

(૨)

| **સ્થિતિ** | **આર.ટી.ઈ. એક્ટ હેઠળ ફાળવેલ પ્રવેશની સંખ્યા** | |
|---|---|---|
| | **રાજકોટ શહેર** | **વડોદરા શહેર** |
| જુન–૨૦૧૯ | ૫૯૩૧ | ૪૭૯૮ |

(૩)

- રાજકોટ શહેરમાં વિદ્યાર્થીદીઠ વાર્ષિક રૂ.૩૦૦૦/– લેખે રૂ.૧૭૭.૯૩ લાખની સહાય ચુકવવામાં આવી.
- વડોદરા શહેરમાં વિદ્યાર્થીદીઠ વાર્ષિક રૂ.૩૦૦૦/– લેખે રૂ.૧૪૩.૯૪ લાખની સહાય ચુકવવામાં આવી.
- તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ વિદ્યાર્થીદીઠ ફી પરત ચુકવણી રકમની સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

# ૧૩૯

## સાબરકાંઠા જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવા બાબત

* ૨૦૪૪૪ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) કુલ – ૪૦,૧૩૦ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં બાકી તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે શી વ્યવસ્થા કરેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે કુલ–૮(આઠ) કિઓસ્ક કાર્યરત છે. |

---------

# ૧૪૦

## નિઝર–ઉચ્છલ હાઈવે પરના પૂલની મરામત બાબત

* ૨૦૬૦૪ **શ્રી સુનિલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી**(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ નિઝર–ઉચ્છલ બે તાલુકાને જોડતો સ્ટેટ હાઈવે અને તેના પર આવેલ પુલની મરામતની જરૂરિયાત છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિ આ મરામતની કામગીરી કેટલા ખર્ચે, કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)

આ સમગ્ર રસ્તાને રૂા.૮૧૭૬.૪૭ લાખના ખર્ચે ૧૦.૦૦ મીટર પહોળો કરવાની કામગીરી હાથ ધરવામા આવેલ છે. જેમાં જરૂરી તમામ કામગીરીનો સમાવેશ કરવામાં આવેલ છે. હાલમાં બાકીના રસ્તાને પહોળો કરવાની તથા જરૂરિયાત મુજબના સ્ટ્રક્ચરોને મજબૂતીકરણની કામગીરી પ્રગતી છે. જે બનતી ત્વરાએ પૂર્ણ કરવામાં આવશે.

---------

# ૧૪૧

## આણંદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના

* ૨૦૮૫૭ **શ્રી ગોવિંદભાઈ પરમાર** (ઉમરેઠ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત આણંદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) કુલ ૪૦૨૪ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

(૨) કુલ રૂ. ૩૪૩.૦૪/– લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૧૪૨

## જૂનાગઢ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૧૯૮૪૭ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૭૯૩૫ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

(૨) રૂ. ૨૫૪૮૫.૮૧ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૧૪૩

## અંકલેશ્વર તાલુકામાં અંકલેશ્વર–અંદાડા–સામોર રોડને પહોળો કરવા બાબત

* ૨૦૪૩૨ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર તાલુકામાં અંકલેશ્વર–અંદાડા–સામોર રોડને પહોળો કરવાની જરૂરિયાત છે, તે બાબત સરકારના ધ્યાન પર છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સરકારે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૯.૮૦ કિ.મી. લંબાઈના રસ્તામાં ૭.૦૦ મીટરમાંથી ૧૦.૦૦ મીટર પહોળો કરવા રૂા.૭૫૦.૦૦ લાખ મંજુર.

---------

# ૧૪૪

## પાટણ શહેરમાં વીજ લાઈનોને અન્ડરગ્રાઉન્ડ કરવા માટેની કામગીરી

* ૨૦૪૯૫ **શ્રી કિરીટકુમાર પટેલ** (પાટણ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ પાટણ શહેરમાં કેન્દ્ર સરકારના પાયલોટ પ્રોજેક્ટ અન્વયે વીજ લાઈનોને અન્ડરગ્રાઉન્ડ કરવા માટેની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી કઈ એજન્સી દ્વારા કરવામાં આવે છે,

(૩) ઉક્ત કામગીરી સમયસર પુર્ણ ન થઈ હોય તો તેના કારણો શું છે, અને

(૪) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ કેન્દ્ર સરકારની આઈ.પી.ડી.એસ. યોજના અંતર્ગત ૧૦.૮૯ કી.મી. અન્ડરગ્રાઉન્ડ કેબલ નાખવામાં આવેલ છે.

(૨) ઉક્ત કામગીરી આઈ.પી.ડી.એસ. યોજના અંતર્ગત એચ–હાર્વી એન્જીનયરીંગ દ્વારા કરવામાં આવેલ છે.

(૩) કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ થયેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૪૫

## અમરેલી જિલ્લામાં રસ્તા તથા પુલના કામો

* ૨૦૯૩૬ **શ્રી પ્રતાપ દૂધાત** (સાવરકુંડલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લાના રાજ્ય ધોરીમાર્ગ (૧) લાઠી–લીલીયા રોડનું વાઈડનીંગ, (૨) સાવરકુંડલા–રંઘોળા રોડ વાઈડનીંગ એન્ડ સ્ટ્રેન્ઘનીંગ, (૩) બાઢડા–થોરડી–રાજુલા રોડના સ્ટ્રક્ચરની કામગીરી તથા રાજુલા–બાઢડા–સાવરકુંડલા રોડના ચેઈનેજ ૪૨.૨ ચેઈનેજ ૫૫.૮ ચેઈનેજ ૬૪.૨, ચેઈનેજ ૬૯.૦૨ પર મેજર પુલ બનાવવાના જોબ નંબર તા.૨૫–૦૨–૨૦૧૯ના રોજ આપેલ છે જે પુલના કામો તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ પણ પૂર્ણ થયેલ નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા તો ઉક્ત રસ્તા તથા પુલના કામો પૂર્ણ ન થવાના શા કારણો છે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

ઉક્ત સ્થિતિએ

પ્રશ્નના ક્રમ નં.: ૧ ના કામના ઈજારદારને ડીપોઝીટ ભરવા જાણ કરેલ છે.

ક્રમ નં.: ૨ નું કામ નકશા અંદાજ તબક્કે છે.

ક્રમ નં.: ૩ ના કામો ટેન્ડર તબક્કે છે.

જે બનતી ત્વરાએ હાથ ધરવામાં આવશે.

---------

# ૧૪૬

## મોરબી અને માળીયા (મિં) તાલુકામાં વીજ ૬૬ કે.વી. સબ સ્ટેશનો

* ૨૦૬૧૬ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ મોરબી જિલ્લામાં મોરબી તાલુકા અને માળીયા (મિં) તાલુકામાં હાલ ૬૬ કે.વી. ના કેટલા વીજ મથકો આવેલા છે, અને

(૨) માળીયા (મિં) ના પીપળીયા ચાર રસ્તાના ઔદ્યોગિક ઝોન માટે વીજળી પૂરી પાડવા ઉક્ત સ્થિતિએ શી વ્યવસ્થા કરેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ મોરબી જીલ્લામાં મોરબી તાલુકામાં ૬૬ કે.વી.ના ૨૯ સબસ્ટેશનો અને માળીયા (મિં) તાલુકામાં ૬૬ કે.વી. ૨ સબસ્ટેશનો આવેલા છે.

(૨) પીપળીયા ચાર રસ્તાના ઔદ્યોગિક ઝોન વિસ્તારમાં વીજ પુરવઠો પૂરો પાડવા પીપળીયા ખાતે ૬૬ કેવી સબ સ્ટેશનો હયાત છે. તેમજ પીપળીયા સબ સ્ટેશન થી ૧૫ કી.મી. ના અંતરે મોટા દહીસરા ખાતે ૩૦ એમ.વી.એ.નું ૧૩૨ કે.વી. સબ સ્ટેશન હયાત છે. જેમાં હાલ ૧.૯ એમ.વી.એ મહતમ લોડ વર્ષ એપ્રિલ–૨૦૧૯માં નોંધાયેલ છે. આમ, પીજીવીસીએલના

હયાત નેટવર્કમાં હાલની સ્થિતિએ વધુ વીજ જોડાણો આપી શકાય તેમ છે. હાલ, આ વિસ્તારમાં કોઈ ભારે દબાણના વીજ જોડાણની અરજી પડતર નથી તેમજ વિજપુરવઠાને લગતા કોઈ પ્રશ્નો પડતર નથી.

---------

# ૧૪૭

## નવસારી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૦૯૦૬ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત-પશ્ચિમ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪૫૬૫ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ.૫૮૬૪.૨૯ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૧૪૮

## આણંદ જિલ્લામાં બાળકો માટે પોષણયુક્ત આહાર

* ૨૦૫૭૦ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આંગણવાડી સંચાલકોને સરકાર તરફથી બાળકો માટે પોષણયુક્ત આહાર આપવામાં આવે છે તે બાળકોને મળે છે કે કેમ તે અંગેની ચકાસણી છેલ્લા બે વર્ષમાં ક્યારે કરવામાં આવી, | (૧) હા, જી. તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ આણંદ જિલ્લામાં આંગણવાડી સંચાલકોને સરકાર તરફથી બાળકો માટે પોષણયુક્ત આહાર આપવામાં આવે છે તે બાળકોને મળે છે. દરેક મુખ્ય સેવિકાને સોપવામાં આવેલ તપાસના ધોરણો મુજબ તેઓના સેજાના તમામ આંગણવાડી કેન્દ્રોની બે માસની અંદર વિઝીટ કરી ચકાસણી કરવાની હોય છે. તે મુજબ મુખ્ય સેવિકા દ્વારા માસના ૫૦% આંગણવાડી અને બે માસે ૧૦૦% આંગણવાડીની તપાસ કરવામાં આવે છે. તે જ રીતે સી.ડી.પી.ઓ શ્રી અને પ્રોગ્રામ ઓફિસરશ્રી દ્વારા તેઓની વિઝીટ દરમિયાન આ બાબતની ચકાસણી કરતા હોય છે. |
| (૨) ઉક્ત ચકાસણી દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિઓ સામે આવી, અને | (૨) ઉક્ત ચકાસણી દરમ્યાન કોઈ પ્રકારની ગેરરીતીઓ સામે આવેલ નથી. |
| (૩) તે અન્વયે જવાબદારો સામે શી કાર્યવાહી કરી? | (૩) ઉક્ત ચકાસણી દરમ્યાન કોઈ પ્રકારની ગેરરીતીઓ સામે આવેલ ન હોય આંગણવાડી કેન્દ્રોના સંચાલકો સામે કોઈ કાર્યવાહી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૪૯

## સતલાસણા તાલુકાના હડોલ ચાંડપ રોડ સાબરમતી નદી ઉપર કોઝવે બનાવવા બાબત

* ૨૦૪૩૩ **શ્રી કરશનભાઈ સોલંકી** (કડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના હડોલ ચાંડપ રોડમાં સાબરમતી નદી પર ખુટતા કોઝવે બનાવવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે? | (૨) રૂા.૧૫૦૦.૦૦ લાખ. |

---------

# ૧૫૦

## અમદાવાદ શહેર અને જિલ્લામાં આરટીઈ એક્ટ હેઠળ અરજીઓ

* ૨૦૨૫૩ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૯–૧૧–૨૦૧૯ની સ્થિતિએ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલી અરજીઓ મળી,

(૨) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી,

(૩) અરજીઓ નામંજૂર કરવાના મુખ્ય કારણો શા છે, અને

(૪) અરજીઓ મંજૂર થઈ હોય પરંતુ શાળાઓ દ્વારા પ્રવેશ આપવામાં ના આવ્યા હોય તેવી કેટલી શાળાઓ સામે શી કાર્યવાહી કરવામાં આવી?

**જવાબ**

(૧)

| **સ્થિતિ** | **આર.ટી.ઇ.એક્ટ હેઠળ મળેલ અરજીની સંખ્યા** | |
|---|---|---|
| | **અમદાવાદ શહેર** | **અમદાવાદ જિલ્લો** |
| જુન – ૨૦૧૮ | ૧૭૯૧૭ | ૧૨૮૭૯ |
| જુન – ૨૦૧૯ | ૨૧૮૩૨ | ૧૭૩૫૭ |

(૨)

| **સ્થિતિ** | **અમદાવાદ શહેર** | | **અમદાવાદ જિલ્લો** | |
|---|---|---|---|---|
| | **મંજુર અરજીઓની સંખ્યા** | **નામંજુર અરજીઓની સંખ્યા** | **મંજુર અરજીઓની સંખ્યા** | **નામંજુર અરજીઓની સંખ્યા** |
| જુન – ૨૦૧૮ | ૧૭૮૭૩ | ૪૪ | ૧૨૮૫૭ | ૨૨ |
| જુન – ૨૦૧૯ | ૨૧૬૦૮ | ૨૨૪ | ૧૭૩૨૫ | ૩૨ |

(૩) નક્કી કરેલ આવક મર્યાદા કરવા વધુ આવક અને અપૂરતા આધાર પુરાવા.

(૪) આર.ટી.ઇ. હેઠળ વિદ્યાર્થીઓને જે શાળામાં પ્રવેશ ફાળવેલ હોય તેવી તમામ શાળાઓએ પ્રવેશ આપેલ છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૫૧

## પંચમહાલ જિલ્લામાં આયુષ્યમાન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ બાબત

* ૨૦૪૪૭ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લોકોને આયુષ્યમાન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત જિલ્લામાં તમામ લાયક લાભાર્થીને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) કુલ – ૨,૦૮,૭૯૧

(૨) તમામ સરકારી હોસ્પિટલ, તમામ એમ્પેલન પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઇ–ગ્રામ સેન્ટરો તેમજ કોમન સર્વીસ સેન્ટર પર ગોલ્ડન કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

# ૧૫૨

## ગોંડલ તાલુકાનાં મોટી ખોલોરીથી વલસાડ ગામને જોડતાં રસ્તાનું કામ

* ૨૦૪૩૦ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના મોટી ખોલોરીથી વલસાડ ગામને જોડતા નોનપ્લાન રસ્તાનું કામ મંજુર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી લંબાઇ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી ?

**જવાબ**

(૧) હા, જી

(૨) ૫.૩૦ કી.મી., રૂ.૩૧૦=૦૦ લાખ

---------

# ૧૫૩

## જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં જંગલની જમીન ફાળવવા બાબત

* ૨૦૫૩૫ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એનારકોન ઈન્ડીયા લી. ને ૧૨૦.૭૨૯૬ હે. જંગલની જમીન ફાળવવામાં આવેલ છે તે હકીકત તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત ફાળવવામાં આવેલ જંગલની જમીનના અવેજમાં કયા સ્થળે કેટલી જમીન જંગલમાં રૂપાંતરીત કરવામાં આવી, અને

(૩) અવેજમાં લેવામાં આવેલ જમીન અન્ય જિલ્લામાં લેવામાં આવેલ હોઇ તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) હા, જી

(૨) જંગલની જમીનની અવેજમાં બિન જંગલની જમીન યુઝર એજન્સીએ ભાવનગર જિલ્લામાં નીચેની વિગતે વનખાતાને તબદીલ કરેલ છે.

| તાલુકો | ગામ | સ.નં. | તબદીલ કરેલ વિસ્તાર હેક. |
|---|---|---|---|
| મહુવા | વાવડી | ૫૫ પૈકી ૩<br>૫૫ પૈકી ૨<br>૫૫ પૈકી ૫<br>૫૬ પૈકી ૨<br>૫૬ પૈકી ૪ | ૨૬.૪૨૬૨ |
| મહુવા | કોટીયા | ૧૧, ૧૧ પૈકી ૨ | ૧૪.૧૧૩૫ |
| પાલીતાણા | ભંડારીયા | ૨૨૮/૪૪<br>૨૨૮/૪૪/૧<br>૨૨૮/૪૪/૨<br>૨૨૮/૪૪/૩<br>૨૨૮/૪૪/૪ | ૮૦.૪૭૭૩ |

(૩) પ્રવર્તમાન નિયમો મુજબ વન (સંરક્ષણ) ધારા, ૧૯૮૦ હેઠળ જંગલની જમીન સામે વળતર વનીકરણ લાયક જમીન અન્ય જિલ્લામાં પણ લઈ શકાય છે. ભાવનગર જિલ્લામાં લેવામાં આવેલ જમીન બૃહદ ગીર વિસ્તારમાં આવેલ હોવાથી સિંહોની અવરજવર તથા રહેઠાણ માટે ઉપયોગી બની રહેશે.

---------

# ૧૫૪

## મહિસાગર જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ બોન્ડ

* ૨૦૪૧૧ **શ્રી કુબેરભાઈ ડીંડોર** (સંતરામપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ કન્યાઓ માટે વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે વર્ષ ૨૦૧૯–૨૦માં ઉક્ત સ્થિતિએ મહિસાગર જિલ્લામાં કેટલી કન્યાઓને આવરી લેવામાં આવી,

(૩) તે માટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૪) કન્યાદીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવ્યા?

**જવાબ**

(૧) હા, જી

(૨) ૧૦૩૫ (એક હજાર પાંત્રીસ)

(૩) રૂ. ૨૦,૭૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ લાખ સિતેર હજાર પુરા)

(૪) રૂ. ૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)

---------

# ૧૫૫

**જુનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં જર્જરિત તાલુકા પંચાયત**

* ૨૦૧૩૨ **શ્રી ભીખાભાઈ જોષી** (જુનાગઢ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં કઈ તાલુકા પંચાયતના મકાન જર્જરિત હાલતમાં છે,

(૨) ઉક્ત મકાન ક્યાં સુધીમાં નવા બનાવવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં જર્જરિત તાલુકા પંચાયત નીચે મુજબ છે.

| **જિલ્લો : જૂનાગઢ** | | **જિલ્લો : ગીર સોમનાથ** | |
|---|---|---|---|
| **અનુ.** | **જર્જરિત તાલુકા પંચાયત** | **અનુ.** | **જર્જરિત તાલુકા પંચાયત** |
| ૧ | જૂનાગઢ | ૧ | ઉના |
| ૨ | વંથલી | ૨ | વેરાવળ |

(૨) દરખાસ્ત મળ્યા બાદ ઉચિત કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૧૫૬

**શિહોરી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને મંજુરી**

* ૨૦૮૩૫ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપાનગર) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શિહોરી, જિ.બનાસકાંઠા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, અને ક્યારે ?

**જવાબ**

(૧) હા, જી

(૨) રૂ.૬,૮૭,૩૫,૯૦૦/– ની વહીવટી મંજુરી તા.૨૨–૦૫–૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે.

---------

# ૧૫૭

**રાજકોટ શહેરમાં ફી પરત ચૂકવણી સહાય યોજના હેઠળ સહાય**

* ૨૦૪૧૪ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ શહેરમાં ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાથીઓ માટે ફી પરત ચુકવણી સહાય યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૯–૨૦માં તા.૩૧–૦૮–૨૦૧૯ સુધીમાં રાજકોટ શહેરમાં કેટલા વિદ્યાથીઓને આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને

(૩) વિદ્યાર્થીદીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) હા.

(૨) ૨૨૮૯૧

(૩) તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ વિદ્યાથીદીઠ ફી પરત ચુકવણી રકમની સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

# ૧૫૮

**બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતના નવા ઘર બનાવવા માટેની મંજૂરી**

* ૨૦૦૦૮ **શ્રી શશીકાંત પંડ્યા** (ડીસા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી નવી ગ્રામ પંચાયતના ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજુર કરવામાં આવ્યું ?

**જવાબ**

(૧) ૨૪ (ચોવીસ)

(૨) રૂ.૩૪૮/– લાખ.

---------

# ૧૫૯

**આણંદ અને ખેડા જિલ્લા સરકારી પ્રાથમિક શાળાઓ બંધ તેમજ મર્જ કરવા બાબત**

* ૨૦૭૧૧ **શ્રી કાંતિભાઇ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી મર્જ કરવામાં આવી, અને

(૨) ઉકત શાળાઓ બંધ કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | તા.૧/૧૧/૧૭ થી તા.૩૧/૧૦/૧૮ | | તા.૧/૧૧/૧૮ થી તા.૩૧/૧૦/૧૯ | |
|---|---|---|---|---|---|
| | | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| ખેડા | નડિયાદ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ખેડા | ૦ | ૦ | ૦ | ૩ |
| | વસો | ૦ | ૦ | ૧ | ૦ |
| | મહેમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કઠલાલ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કપડવંજ | ૦ | ૦ | ૩ | ૦ |
| | મહુધા | ૦ | ૦ | ૧ | ૧ |
| | માતર | ૦ | ૦ | ૦ | ૦ |
| | ગળતેશ્વર | ૦ | ૦ | ૦ | ૦ |
| | ઠાસરા | ૧ | ૦ | ૦ | ૧ |
| આણંદ | આણંદ | ૦ | ૦ | ૦ | ૧ |
| | ઉમરેઠ | ૦ | ૦ | ૦ | ૧ |
| | બોરસદ | ૦ | ૦ | ૦ | ૧ |
| | ઓકલાવ | ૦ | ૧ | ૦ | ૦ |
| | પેટલાદ | ૦ | ૧ | ૦ | ૨ |
| | સોજીત્રા | ૦ | ૦ | ૦ | ૩ |
| | ખંભાત | ૦ | ૦ | ૦ | ૪ |
| | તારાપુર | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે.

---------

# ૧૬૦

**રાણપુર ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને મંજુરી**

* ૨૦૮૩૬ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાણપુર, જિ.બોટાદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, અને ક્યારે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ.૬,૪૪,૦૦,૦૦૦/–ની વહીવટી મંજુરી તા.૦૬–૦૭–૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે.

---------

# ૧૬૧

### ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતના નવા ઘર બનાવવા માટેની મંજૂરી

* ૨૦૦૦૬ **શ્રી કેશુભાઈ નાકરાણી** (ગારીયાધાર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી નવી ગ્રામ પંચાયતના ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૧૬(સોળ) |
| (૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું? | (૨) રૂા.૨૨૪/– લાખ |

---------

# ૧૬૨

### સુરત ખાતે નવી ઔદ્યોગિક અને મજૂર અદાલતના બાંધકામને મંજૂરી

* ૨૦૮૪૪ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત ખાતે નવી ઔદ્યોગિક અને મજૂર અદાલતના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને ક્યારે? | (૨) રૂ.૧૪,૩૪,૧૭,૦૦૦/–ની વહીવટી મંજૂરી તા.૦૭–૦૭–૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે. |

---------

# ૧૬૩

### રાજ્યમાં આદિવાસી ઉમેદવારોની જાતિ અંગેની ખરાઇ કરવાની અરજીઓ

* ૧૯૭૫૦ **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧–૧૧–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકારના જુદા જુદા વિભાગમાં નોકરી માટે પસંદ થયેલા આદિવાસી ઉમેદવારોની જાતિના પ્રમાણપત્ર અંગેની ખરાઇ કરવા માટે વિશ્લેષણ કમિટી ક્યારે બનાવી, | (૧) તા.૨૦–૦૭–૨૦૦૦ના ઠરાવથી વિશ્લેષણ સમિતીની રચના કરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ઉમેદવારોના જાતિના પ્રમાણપત્રોની ખરાઇ કરવામાં આવી, અને | (૨) ૪૨૯૭ |
| (૩) તે પૈકી કેટલા ઉમેદવારોના પ્રમાણપત્રો ખોટા જણાયા? | (૩) ૦૬ |

---------

# ૧૬૪

### સુરત જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ

* ૨૦૮૫૨ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લિંબાયત) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા |

(૨) જો હા તો, આ યોજના હેઠળ સુરત જિલ્લા માટે સને–૨૦૧૯–૨૦માં તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે?

(૨) રૂ.૧,૪૧,૫૯,૨૦૦/–(અંકે રૂપિયા એક કરોડ એકતાલીસ લાખ ઓગણસાઇઠ હજાર બસો પુરા)

---------

# ૧૬૫

## સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયેદસર દબાણ

* ૨૦૬૮૪ **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ

**સુરેન્દ્રનગર**

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૧ |
| ૨ | લખતર | ૩ |
| ૩ | લીંમડી | ૨ |
| ૪ | ચોટીલા | ૧ |
| ૫ | થાનગઢ | ૧ |
| ૬ | ધ્રાંગધ્રા | ૭ |
| ૭ | પાટડી | ૧ |
| ૮ | ચુડા | ૩ |
| ૯ | મુળી | ૩ |
| | **કુલ** | **૨૨** |

**મોરબી**

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | હળવદ | ૧ |
| ૨ | વાંકાનેર | ૧ |
| | **કુલ** | **૨** |

(૨) આ દબાણો કયા પ્રકારના છે,

(૨)
- સુરેન્દ્રનગર જિલ્લામાં દબાણો કાચા અને કામ ચલાઉ વાડા પ્રકારના છે.
- મોરબી જિલ્લામાં દબાણો રહેણાંક અને ખેતી વિષયક પ્રકારના છે.

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫(૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

(૩) અને (૪)
ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫ અન્વયે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૧૬૬

## નવસારી જિલ્લામાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજનાના કાર્ડ આપવા બાબત

* ૨૦૩૯૩ **શ્રી નરેશભાઇ પટેલ** (ગણદેવી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) કુલ – ૨૧,૭૯૩

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં બાકી તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે શી વ્યવસ્થા કરેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે કુલ – ૬ (છ) કિઓસ્ક કાર્યરત છે.

---------

# ૧૬૭

## નવસારી જિલ્લામાં ગ્રામ પંચાયતના નવા ઘર બનાવવા માટેની મંજૂરી

* ૨૦૦૦૫ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલી નવી ગ્રામ પંચાયતના ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૧૩(તેર) |
| (૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું? | (૨) રૂા.૨૦૨/– લાખ |

---------

# ૧૬૮

## સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતના નવા ઘર બનાવવા માટેની મંજૂરી

* ૨૦૦૦૪ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી નવી ગ્રામ પંચાયતના ઘર બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૧૦(દસ) |
| (૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું? | (૨) રૂા.૧૫૬/– લાખ |

---------

# ૧૬૯

## મહેસાણા જિલ્લામાં ઘરવપરાશના લાભાર્થીઓને વિજ જોડાણ

* ૧૯૮૬૫ **શ્રી ઋષિકેશ પટેલ** (વિસનગર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) કુલ ૪૮૪૩ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામા આવેલ છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ. ૨૩૪.૩૩ લાખનો ખર્ચ થયો. |

---------

# ૧૭૦

## રાજુલા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને મંજૂરી

* ૨૦૮૩૯ **શ્રી જીજ્ઞેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજુલા, જિ.અમરેલી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને ક્યારે ? | (૨) રૂ.૮,૪૯,૨૯,૦૦૦/– ની વહીવટી મંજૂરી તા.૦૩–૦૭–૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે. |

---------

# ૧૭૧

**ઝાલોદ તાલુકાની પ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા સંચાલિત પ્રાથમિક શાળામાં ઓરડાની તથા શિક્ષકોની ઘટ**

* ૨૦૫૯૫ **શ્રી ભાવેશભાઇ કટારા** (ઝાલોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ઝાલોદ તાલુકામાં પ્રાથમિક શિક્ષણ સમિતિ ધ્વારા સંચાલિત પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડા તથા શિક્ષકો ઘટ છે, અને

(૨) આ ઘટ ક્યાં સુધીમાં પૂરવામાં આવશે?

**જવાબ**

(૧) ૨૮૮ ઓરડા તથા ૭૪ શિક્ષકોની ઘટ છે.

(૨) – ઓરડાની ઘટ આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી પુરી કરવામાં આવશે.

– શિક્ષકોની ઘટ ભરતી કેલેન્ડર મુજબ મંજુર કરેલ જગ્યાઓ પર આગામી ભરતી સમયે પુરી કરવામાં આવશે.

---------

# ૧૭૨

**સોજિત્રા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને મંજૂરી**

* ૨૦૮૩૮ **શ્રી કેતનભાઇ ઇનામદાર** (સાવલી) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સોજિત્રા, જિ. આણંદ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, અને ક્યારે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ. ૭,૫૦,૦૦,૦૦૦/– ની વહીવટી મંજુરી તા. ૨૨–૦૫–૨૦૧૮ ના રોજ આપવામાં આવેલ છે.

---------

# ૧૭૩

**સરકારની માલિકીની કાર્યરત હવાઇપટ્ટીઓ**

* ૨૦૧૮૧ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૧૦–૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં રાજ્ય સરકારની માલિકીની હવાઇપટ્ટીઓ ક્યા–ક્યા સ્થળે આવેલી છે,

(૨) તે પૈકી કેટલી હવાઇપટ્ટી કાર્યરત છે અને કેટલી બંધ હાલતમાં છે, અને

(૩) બંધ હાલતમાં હોય તેવી હવાઇપટ્ટીઓ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે?

**જવાબ**

(૧) મહેસાણા, માંડવી અને અમરેલી.

(૨) ત્રણેય હવાઇપટ્ટીઓ કાર્યરત છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૧૭૪

**કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

* ૨૦૬૩૨ **શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા** (અબડાસા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે,

**જવાબ**

(૧)

| તાલુકો | ખુટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| અબડાસા | ૩૪ |
| અંજાર | ૨૩ |

| | |
|---|---|
| ભચાઉ | ૭૭ |
| ભુજ | ૧૬૧ |
| ગાંધીધામ | ૭૮ |
| લખપત | ૧૯ |
| માંડવી | ૫૮ |
| મુંદ્રા | ૫૯ |
| નખત્રાણા | ૪૧ |
| રાપર | ૯૬ |

(૨) આ ઘટતા ઓરડા ક્યાં સુધીમાં બનાવવામાં આવશે, અને

(૨) જેમ બને તેમ જલ્દી

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર કેટલા નવા ઓરડાઓ બનાવવામાં આવ્યા?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર બનાવેલ ઓરડાની સંખ્યા

| તાલુકો | વર્ષઃ ૨૦૧૭-૧૮ | વર્ષઃ ૨૦૧૮-૧૯ |
|---|---|---|
| અબડાસા | ૬ | ૨ |
| અંજાર | ૪૨ | ૧૪ |
| ભચાઉ | ૨૪ | ૫૦ |
| ભુજ | ૪૯ | ૪૧ |
| ગાંધીધામ | ૪ | ૧૬ |
| લખપત | ૬ | ૧૭ |
| માંડવી | ૨૦ | ૦ |
| મુંદ્રા | ૨૦ | ૬ |
| નખત્રાણા | ૩૯ | ૨૫ |
| રાપર | ૩૭ | ૧૬ |

---------

# ૧૭૫

## અમરેલી જિલ્લામાં વૃક્ષારોપણની કામગીરીમાં ગેરરીતિ બાબત

* ૨૦૧૫૭ **શ્રી વિરજીભાઇ ઠુમ્મર** (લાઠી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૯ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વન વિભાગ તરફથી વૃક્ષારોપણની કામગીરીમાં ગેરરીતિ આચરવામાં આવતી હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) આ મળેલ ફરિયાદો અન્વયે કેટલા ઇસમો સામે શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) કૂલઃ ૦૮

(૨) ૦૧ વનપાલને ફરજમોકૂફ કરેલ છે.

---------

# ૧૭૬

## પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીમાં પડતર કેસો

* ૨૦૮૮૫ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં કેટલા પેન્શન કેસો પડતર છે, અને

(૨) ઉક્ત પડતર પેન્શનના કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ ૯૨૯ પેન્શન કેસો પડતર છે.

(૨) ઉક્ત પડતર પેન્શન કેસો પૈકી હાલની સ્થિતિએ કોઇ કેસ પડતર નથી.

---------

# ૧૭૭

## પંચમહાલ જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ

* ૨૦૪૦૪ **શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા |
| (૨) જો હા તો, આ યોજના હેઠળ પંચમહાલ જિલ્લા માટે સને–૨૦૧૯–૨૦માં તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે? | (૨) રૂ.૧,૦૫,૩૫,૪૦૦/–(અંકે રૂપિયા એક કરોડ પાંચ લાખ પાંત્રીસ હજાર ચારસો પુરા) |

---------

# ૧૭૮

## પાદરા તાલુકાના ઔદ્યોગિક એકમો દ્વારા પ્રદુષિત પાણી કેનાલમાં નાખવા બાબત

* ૨૦૬૦૧ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય પર્યાવરણ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ઔદ્યોગિક એકમો દ્વારા ટ્રીટમેન્ટ કર્યા વગર પ્રદુષિત પાણી કેનાલમાં નાંખવા અંગેની કેટલી ફરિયાદ સરકારને મળી, અને | (૧) કોઈ ફરિયાદ મળેલ નથી |
| (૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે શાં કાર્યવાહી કરવામાં આવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૭૯

## સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલોની પાઇપ લાઇનના કામમાં ગેરરીતિ

* ૨૦૧૦૬ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદા કેનાલોની પાઇપ લાઇન નાખ્યા વગર બિલો ઉધારી ગેરરીતિ આચરવામાં આવી હોવાની હકીકત સાચી છે, | (૧) હા જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમની કેટલી લંબાઇની પાઇપ લાઇન નાંખવાના કામમાં ગેરરીતિ થઇ છે, | (૨) હાલ અંદાજિત રૂ. ૮૩.૬૩ કરોડની ગેરરીતિ ધ્યાન પર આવેલ છે. હજુ વધુ વિગતો ફોરેંસિક ચકાસણી પુર્ણ થયેથી માલુમ પડશે. |
| (૩) ઉક્ત ગેરરીતિ બદલ જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા, અને | (૩) સંબધિત એજન્સીઓ પાસેથી ગેરરીતિની રકમ વસૂલ કરવાની તથા તેઓને બ્લેકલીસ્ટ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે. અત્યાર સુધીમાં રૂ. ૮૦.૯૨ કરોડ વસુલ કરેલ છે તથા બાકી માટે કાર્યવાહી પ્રગતિમાં છે.<br>–મુખ્ય આરોપી કાર્યપાલક ઇજનેરને ફરજમોકુફ કરવામાં આવેલ છે. લાંચ રુશ્વત વિરોધી બ્યુરો દ્વારા કરાયેલ પોલીસ કેસ ચાલુ છે. અન્ય એક કાર્યપાલક ઇજનેર કક્ષાના અધિકારીને ફરજ મુક્ત કરેલ છે. કુલ ૧૯ અધિકારી / કર્મચારીઓ સામે સેવા નિયમો હેઠળ શિસ્ત ભંગના પગલાં લેવામાં આવેલ છે.<br>– કુલ ૧૦ એજન્સીઓ ને નિગમના કામોમાંથી ડી–બાર કરેલ છે તથા ૩ પાઇપ સપ્લાયરની માન્યતા રદ કરવામાં આવેલ છે. |

(૪) ભવિષ્યમાં આવી ગેરરીતિ ન થાય તે માટે શું આયોજન કરેલ છે?

(૪) ભવિષ્યમાં આવી ગેરરીતિ ન થાય તે માટે નિગમ દ્વારા એક સમીતિની રચના કરી ગેરરીતિઓ અટકાવવા માટે સૂચનાઓ બહાર પાડેલ છે.
– દરેક કામના વર્ક કોડ આપવાનું નક્કી કરેલ છે.
– પાઇપલાઇનના બાકી કામો યુનીટ રેટના બદલે ટેંડરથી જ કરવા નિર્ણય કરેલ છે.
– સબમાઇનોરની પથરેખા બદલવાની સત્તા અ.ઇ.શ્રીને આપવામાં આવેલ છે.
–ફંડની માંગણી સાથે નિયત કરેલ ચેકલીસ્ટી મુજબ જરૂરી પ્રમાણપત્રોમાં અધિક્ષક ઇજનેરશ્રી તેમ જ મુ.ઇ.શ્રીની ભલામણ સહિત નિગમને રજુ કરવામાં આવે તેવી પધ્ધતી અમલમાં મુકવામાં આવેલ છે.
–નવા ટેંડરના કામોમાં પ્રોજેક્ટ મેનેજમેંટ કન્સલટન્સી અથવા થર્ડ પાર્ટી દ્વારા ૧૦૦ % ચકાસણી બાદ ચુકવણું કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

---------

# ૧૮૦

## સુરત જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ

* ૨૦૪૦૧ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ સુરત જિલ્લા માટે સને–૨૦૧૯–૨૦ માં તા.૩૧–૦૮–૨૦૧૯ ની સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે ? | (૨) રૂ.૧,૪૧,૫૯,૨૦૦/– |

---------

# ૧૮૧

## રાજ્ય સરકારના કર્મચારીઓને સાતમા પગાર પંચના લાભ આપવા બાબત

* ૨૦૫૧૦ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારના જે કર્મચારીઓનો જાહેર હિતમાં રાજ્ય સરકારના જાહેર સાહસો/બોર્ડ/નિગમોમાં કાયમી ધોરણે સમાવેશ કરેલ છે તેવા કર્મચારીઓના પેન્શન પુનઃસ્થાપિત કરવા અંગેના ભારત સરકારના તા.૧૩–૦૧–૧૯૯૮ના ઠરાવનો રાજ્ય સરકારને નાણા વિભાગના તા.૨૩–૦૪–૧૯૯૮ના ઠરાવથી અક્ષરસઃ સ્વીકાર કરેલ છે તે હકીકત સાચી છે, કે કેમ | (૧) હા, જી |
| (૨) નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના આધારે ભારત સરકારના તા.૨૩–૦૬–૨૦૧૭ના ઠરાવથી જાહેર સાહસો/બોર્ડ/નિગમોમાં કાયમી ધોરણે સમાવેશ કરેલ છે તેવા કર્મચારીઓનું પુનઃ સ્થાપન કરવા તથા તે પેન્શનકારોને સાતમા પગાર પંચ મંજૂર કરેલ છે તે હકીકત સાચી છે કે કેમ, અને | (૨) આ બાબત ભારત સરકારને સબંધિત છે. |

(૩) નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાના આધારે ભારત સરકારનો ઉપરોક્ત તા.૨૩–૦૬–૨૦૧૭ નો ઠરાવ હોવા છતાં તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકારે ભારત સરકારના ઉપરોક્ત તા.૨૩–૦૬–૨૦૧૭ના ઠરાવનો સ્વીકાર ન કરવાના કારણો શા છે અને તેના સ્વીકાર ક્યા સમય સુધી કરવામાં આવશે?

(૩) આ બાબત નીતિ વિષયક છે.

---------

# ૧૮૨

## નવસારી જિલ્લામાં વરસાદના કારણે રસ્તાઓનું ધોવાણ

* ૨૦૬૧૦ **શ્રી અનંતકુમાર પટેલ** (વાસંદા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને–૨૦૧૯માં ભારે વરસાદના કારણે નવસારી જિલ્લામાં કેટલા રસ્તાઓનું ધોવાણ થયું અને કેટલા પુલોને નુકશાન થયું,

(૨) તે પૈકી તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ કેટલા રસ્તાઓ અને પુલોનું સમારકામ કરવામાં આવ્યું, અને

(૩) બાકી રસ્તાઓ અને પુલોનું ક્યાં સુધીમાં સમારકામ કરવામાં આવશે?

**જવાબ**

(૧), (૨) અને (૩)

નવસારી જિલ્લામાં ભારે વરસાદના કારણે ૫૦ રસ્તાઓને નુકશાન થયેલ છે જે પૈકી ૪ રસ્તાઓ પર ધોવાણ (Breach) પડેલ તેની જરૂરી મરામત કરી રસ્તો વાહનવ્યવહાર યોગ્ય રાખેલ છે તથા કોઈ પુલોનું નુકસાન થયેલ નથી.

---------

# ૧૮૩

## રાજકોટ અને વડોદરા શહેરમાં આર.ટી.ઈ. એક્ટ હેઠળ પ્રવેશ

* ૨૦૮૫૪ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ અને વડોદરા શહેરમાં તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માટે રાજ્યમાં આર.ટી.ઈ.એક્ટ હેઠળ નબળા અને વંચિત જુથના બાળકોના પ્રવેશ માટે રાજકોટ અને વડોદરા શહેરમાં કેટલા વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજીઓ કરી,

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો, અને

(૩) તે અંગે રાજ્ય સરકારે કેટલી રકમનો ખર્ચ કરેલ છે?

**જવાબ**

(૧)

| સ્થિતિ | આર.ટી.ઈ. એક્ટ હેઠળ મળેલ અરજીની સંખ્યા | |
|---|---|---|
| | રાજકોટ શહેર | વડોદરા શહેર |
| જુન–૨૦૧૯ | ૧૨૯૨૨ | ૮૮૨૧ |

(૨)

| સ્થિતિ | આર.ટી.ઈ. એક્ટ હેઠળ ફાળવેલ પ્રવેશની સંખ્યા | |
|---|---|---|
| | રાજકોટ શહેર | વડોદરા શહેર |
| જુન–૨૦૧૯ | ૫૯૩૧ | ૪૭૯૮ |

(૩)

- રાજકોટ શહેરમાં વિદ્યાર્થીદીઠ વાર્ષિક રૂ.૩૦૦૦/– લેખે રૂ.૧૭૭.૯૩ લાખની સહાય ચુકવવામાં આવી.
- વડોદરા શહેરમાં વિદ્યાર્થીદીઠ વાર્ષિક રૂ.૩૦૦૦/– લેખે રૂ.૧૪૩.૯૪ લાખની સહાય ચુકવવામાં આવી.
- તા.૩૧/૦૮૨૦૧૯ની સ્થિતિએ વિદ્યાર્થીદીઠ ફી પરત ચુકવણી રકમની સહાય ચૂકવવામાં આવેલ નથી.

---------

# ૧૮૪

## સાબરકાંઠા જિલ્લામાં ઝૂંપડાં વીજળીકરણ યોજના

* ૨૦૮૬૩ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) કુલ ૩૧૬૦ લાભાર્થીઓ ને વીજ જોડાણો આપવામાં આવ્યા છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ.૧૭૬.૨૪ લાખનો ખર્ચ થયો. |

---------

# ૧૮૫

## માલપુર તાલુકામાં સરકારી કોલેજો સ્થાપવા બાબત

* ૨૦૦૮૬ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં સરકારી આર્ટસ, કોમર્સ અને સાયન્સની એક પણ કોલેજ નથી તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત તાલુકામાં સરકારી કોલેજ સ્થાપવાની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૨) હાલ કોઈ આયોજન નથી. |
| (૩) ઉકત કોલેજ ક્યાં સુધીમાં કાર્યરત કરવાનું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

# ૧૮૬

## બનાસકાંઠા જિલ્લાના માવસરી–સુઈગામ રસ્તાને પહોળો કરવા બાબત

* ૨૦૩૯૭ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના માવસરી–સુઈગામ કિ.મી.૩૦/૦ થી ૫૩/૦ રસ્તાને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા જી, |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે? | (૨) રૂ.૧૯૨૦.૦૦ લાખ |

---------

# ૧૮૭

## નર્મદા અને ભરૂચ જિલ્લા સરકારી પ્રાથમિક શાળાઓ બંધ તેમજ મર્જ કરવા બાબત

* ૨૦૭૩૮ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી મર્જ કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| | | તા.૦૧–૧૧–૧૭ થી તા.૩૧–૧૦–૧૮ | | તા.૦૧–૧૧–૧૮ થી તા.૩૧–૧૦–૧૯ | |
|---|---|---|---|---|---|
| જિલ્લો | તાલુકો | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| નર્મદા | નાંદોદ | ૦ | ૦ | ૧ | ૦ |
| | ડેડીયાપાડા | ૦ | ૦ | ૦ | ૦ |
| | ગરૂડેશ્વર | ૦ | ૦ | ૦ | ૦ |
| | સાગબારા | ૦ | ૦ | ૦ | ૦ |
| | તીલકવાડા | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ભરૂચ | ભરૂચ | ૦ | ૦ | ૦ | ૦ |
| | અંકલેશ્વર | ૦ | ૦ | ૦ | ૦ |
| | જંબુસર | ૦ | ૧ | ૦ | ૦ |
| | ઝઘડીયા | ૦ | ૦ | ૦ | ૦ |
| | વાલીયા | ૦ | ૦ | ૦ | ૦ |
| | વાગરા | ૦ | ૦ | ૦ | ૦ |
| | આમોદ | ૦ | ૦ | ૦ | ૦ |
| | હાંસોટ | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) ઉક્ત શાળાઓ બંધ કરવાના કારણો શાં છે?

(૨) વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે

---------

# ૧૮૮

## રાજકોટ અને પોરબંદર જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ

* ૨૦૬૮૭ **શ્રી લિલત વસોયા** (ધોરાજી) : **માનનીય પંચાયતમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ રાજકોટ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૨) આ દબાણો કયા પ્રકારના છે,

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫(૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ

**રાજકોટ**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **દબાણવાળા ગામની સંખ્યા** |
|---|---|---|
| ૧ | રાજકોટ | ૧ |
| ૨ | જસદણ | ૮ |
| ૩ | કોટડા સાંગણી | ૨ |
| ૪ | ગોંડલ | ૬ |
| ૫ | જેતપુર | ૧ |
| ૬ | ઉપલેટા | ૧ |
| | **કુલ** | **૧૯** |

**પોરબંદર**

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **દબાણવાળા ગામની સંખ્યા** |
|---|---|---|
| ૧ | પોરબંદર | ૨ |
| ૨ | રાણાવાવ | ૬ |
| ૩ | કુતિયાણા | ૪૫ |
| | **કુલ** | **૫૩** |

(૨)

- રાજકોટ જિલ્લાના દબાણો વાડો, ખેડવાણ તથા બાંધકામ વાવેતર, ફેન્સિગ પ્રકારના છે.
- પોરબંદર જિલ્લાના દબાણો કાંટાળી વાડ, કાંચી વંડી તથા કાચા પાકા મકાનો પ્રકારના છે.

(૩) અને (૪) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ ૧૦૫ અન્વયે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૧૮૯

## પેટ્રોલ ડીઝલ પર વેરા તેમજ સેસ પેટે થયેલ આવક

* ૨૦૮૮૬ **શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

પેટ્રોલ ડિઝલ ઉપર છેલ્લા બે વર્ષમાં તા.૩૧/૧૦/ ૨૦૧૯ની સ્થિતિએ રાજ્યને વેરા તેમજ સેસ પેટે કેટલી આવક થઈ?

**જવાબ**

**(રકમ રૂ. કરોડમાં)**

| | પેટ્રોલ | | ડીઝલ | |
|---|---|---|---|---|
| વર્ષ | વેરો | સેસ | વેરો | સેસ |
| ૨૦૧૭/૧૮ | ૩૫૬૯.૯૬ | ૬૫૨.૮૫ | ૭૬૫૯.૨૪ | ૧૪૫૩.૧૩ |
| ૨૦૧૮/૧૯ | ૩૭૮૧.૯૪ | ૭૫૩.૩૩ | ૮૩૨૪.૯૬ | ૧૭૨૭.૯૯ |
| ૦૧/૪/૨૦૧૯ થી ૩૧/૧૦/૨૦૧૯ | ૨૦૬૨.૮૬ | ૪૪૫.૮૨ | ૪૩૨૮.૬૧ | ૯૬૭.૨૩ |

---------

# ૧૯૦

## રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા પાસેથી મળેલ ઓવરડ્રાફટ

* ૨૦૮૮૩ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

રાજ્ય સરકાર દ્વારા તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયા પાસેથી કેટલી રકમનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો ?

**જવાબ**

શૂન્ય.

---------

# ૧૯૧

## માણસા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ રોપાનું વાવેતર

* ૨૦૮૪૮ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯ અને ૨૦૧૯–૨૦ માં તા.૩૦–૦૯–૨૦૧૯ ની સ્થિતિએ કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ ઉક્ત સમયગાળામાં વર્ષવાર કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૫૦.૦૦ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૯–૨૦૧૯ સુધીમાં) | ૫૩.૦૦ |

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૩૩.૨૨ |
| ૨૦૧૯–૨૦ (તા.૩૦–૯–૨૦૧૯ સુધીમાં) | ૨૪.૨૯ |

---------

# ૧૯૨

## નર્મદા જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ

* ૨૦૪૦૨ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઇ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) હા

(૨) જો હા, તો આ યોજના હેઠળ નર્મદા જિલ્લા માટે સને–૨૦૧૯–૨૦ માં તા.૩૧–૦૮–૨૦૧૯ ની સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે ?

(૨) ૩.૪૯,૬૮,૦૦૦/–

---------

# ૧૯૩

## છોટાઉદેપુર જિલ્લા સરકારી પ્રાથમિક શાળાઓ બંધ તેમજ મર્જ કરવા બાબત

* ૨૦૭૩૨ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી મર્જ કરવામાં આવી, અને

(૧)

| | તા.૦૧–૧૧–૧૭ થી તા.૩૧–૧૦–૧૮ | | તા.૦૧–૧૧–૧૮ થી તા.૩૧–૧૦–૧૯ | |
|---|---|---|---|---|
| તાલુકો | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| છોટાઉદેપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| જેતપુર પાવી | ૦ | ૦ | ૦ | ૦ |
| ક્વાંટ | ૦ | ૦ | ૦ | ૦ |
| નસવાડી | ૨ | ૦ | ૦ | ૦ |
| સંખેડા | ૧ | ૦ | ૦ | ૦ |
| બોડેલી | ૨ | ૦ | ૦ | ૧ |

(૨) ઉક્ત શાળાઓ બંધ કરવાના કારણો શાં છે ?

(૨) વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે.

---------

# ૧૯૪

## દાહોદ જિલ્લામાં રહેણાંકના વિજકનેકશન ની મળેલ અરજીઓ

* ૨૦૨૬૨ **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૦–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર રહેણાંક વિજકનેકશન મેળવવા કેટલી અરજીઓ મળી,

(૧) મળેલ અરજીઓની વિગતો આ સાથે રાખેલ **પત્રક–અ** મુજબ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજુર કરી વીજ કનેક્શન આપવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ૩૨૧૧૭ અરજીઓ મંજુર કરેલ જે પૈકી ૨૯૭૪૧ અરજીઓના વીજ કનેકશન આપવામાં આવ્યા.

(૩) કેટલી અરજીઓ મુખ્યત્વે ક્યા કારણોસર નામંજુર કરવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ૭૨ અરજીઓ મુખ્યત્વે નીચે મુજબના કારણે નામંજૂર કરવામાં આવેલ છે. અને એક પણ અરજી પડતર નથી.

| ક્રમ | અરજી નામંજૂર કરવાના કારણો | નામંજૂર કરેલ અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | માંગેલ જગ્યા પર હયાત વીજ જોડાણ હોવાથી | ૫૬ |
| ૨ | આકારણી કરેલ જગ્યા સિવાયની જગ્યાએ વીજ મીટરની માંગણી કરેલ હોવાથી | ૧૦ |
| ૩ | મકાનનું બાંધકામ થયેલ નથી તેથી પોઇન્ટ ઓફ સપ્લાય નક્કી ન થવાથી | ૬ |

(૪) પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક-અ

| અનુ.નં. | તાલુકા | તા.૩૦-૧૦-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર રહેણાંક વીજ કનેકશન મેળવવા મળેલ અરજીઓની વિગત | | |
|---|---|---|---|---|
| | | તા.૩૧-૧૦-૨૦૧૭ થી તા.૩૦-૧૦-૨૦૧૮ | તા.૩૧-૧૦-૨૦૧૮ થી તા.૩૦-૧૦-૨૦૧૯ | કુલ |
| ૧ | ફતેપુરા | ૨૫૪૬ | ૩૩૫૯ | ૫૯૦૫ |
| ૨ | દે.બારિયા | ૧૮૦૦ | ૧૪૩૫ | ૩૨૩૫ |
| ૩ | ઝાલોદ | ૨૫૨૫ | ૩૧૬૪ | ૫૬૮૯ |
| ૪ | સંજેલી | ૩૧૭ | ૫૪૭ | ૮૬૪ |
| ૫ | ધાનપુર | ૧૦૨૪ | ૮૨૧ | ૧૮૪૫ |
| ૬ | દાહોદ | ૩૨૮૨ | ૪૧૧૫ | ૭૩૯૭ |
| ૭ | લીમખેડા | ૧૯૮૮ | ૨૭૨૨ | ૪૭૧૦ |
| ૮ | સિંગવડ | ૨૨૩ | ૨૧૨ | ૪૩૫ |
| ૯ | ગરબાડા | ૭૯૪ | ૧૩૧૫ | ૨૧૦૯ |

---------

# ૧૯૫

## ખેડા જિલ્લામાં ઝૂંપડાં વીજળીકરણ યોજના

* ૨૦૮૬૨ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ખેડા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) કુલ ૭૦૬૯ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

(૨) કુલ રૂ.૫૬૧.૯૧ લાખનો ખર્ચ થયો.

---------

# ૧૯૬

## મોરબી જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ

* ૨૦૬૮૧ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ ની સ્થિતિએ મોરબી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૨) આ દબાણો ક્યા પ્રકારના છે,

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઇ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ ૧૦૫(૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ ની સ્થિતિએ મોરબી જિલ્લામાં ગૌચર જમીનમાં નીચેની વિગતે દબાણો થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગૌચર દબાણની સંખ્યા |
|---|---|---|
| ૧ | હળવદ | ૧ |
| ૨ | વાંકાનેર | ૧ |
| | **કુલ** | **૨** |

(૨) આ દબાણો રહેણાંક અને ખેતી વિષયક પ્રકારના છે.

(૩) અને (૪)

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ ૧૦૫ અન્વયે ધોરણસરની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૧૯૭

**સુરત જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' કાર્ડ આપવા બાબત**

* ૨૦૮૭૨ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) કુલ – ૧,૩૭,૦૯૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે શી વ્યવસ્થા કરેલ છે ? | (૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે કુલ–૧૭ (સત્તર) કિઓસ્ક કાર્યરત છે. |

---------

# ૧૯૮

**મોરબી જિલ્લામાં ઝૂંપડાં વીજળીકરણ યોજના**

* ૨૦૯૧૯ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મોરબી જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને | (૧) કુલ ૨૦૨૭ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ.૯૮.૮૦ લાખનો ખર્ચ થયો. |

---------

# ૧૯૯

**રાજ્યનું જાહેર દેવું**

* ૨૦૧૪૯ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કુલ કેટલું છે,

**જવાબ**

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ (સુ.અ.) | ૨,૪૦,૬૫૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત દેવા અન્વયે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલું વ્યાજ અને મુદ્દલ ચૂકવવામાં આવ્યું, અને

(૨)

| નાણાકીય વર્ષ | ચુકવેલ વ્યાજ (રૂ.કરોડમાં) | ચુકવેલ મુદ્દલ (રૂ.કરોડમાં) |
|---|---|---|
| ૨૦૧૭–૧૮ | ૧૭,૧૪૬ | ૧૩,૭૦૦ |
| ૨૦૧૮–૧૯ (સુ.અ.) | ૧૮,૧૨૪ | ૧૫,૪૪૦ |

(૩) ઉક્ત દેવાના વ્યાજના દરો શું છે ?

(૩)

| વિગત | લોનના વ્યાજદર (%) |
|---|---|
| નાણાકીય સંસ્થાઓની લોન | ૪.૭૫% થી ૮.૭૫% |
| બજાર લોન | ૬.૦૫% થી ૯.૭૫% |
| એન.એસ.એસ.એફ. લોન | ૯.૫૦% થી ૧૦.૫૦% |
| કેન્દ્રિય દેવું | ૦% થી ૧૩% |

---------

# ૨૦૦

## દાહોદ અને પંચમહાલ જિલ્લા સરકારી પ્રાથમિક શાળાઓ બંધ તેમજ મર્જ કરવા બાબત

* ૨૦૭૨૫ **શ્રીમતિ ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી મર્જ કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | તા.૦૧–૧૧–૧૭ થી તા.૩૧–૧૦–૧૮ | | તા.૦૧–૧૧–૧૮ થી તા.૩૧–૧૦–૧૯ | |
|---|---|---|---|---|---|
| | | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| દાહોદ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ગરબાડા | ૦ | ૦ | ૦ | ૦ |
| | ઝાલોદ | ૦ | ૦ | ૦ | ૦ |
| | દેવગઢ બારીયા | ૦ | ૦ | ૦ | ૧ |
| | ધાનપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| | ફતેપુરા | ૦ | ૦ | ૦ | ૨ |
| | લીમખેડા | ૦ | ૦ | ૦ | ૦ |
| | સંજેલી | ૦ | ૦ | ૦ | ૦ |
| પંચમહાલ | જાંબુઘોડા | ૦ | ૧ | ૦ | ૦ |
| | ગોધરા | ૦ | ૦ | ૦ | ૦ |
| | ઘોઘંબા | ૦ | ૦ | ૦ | ૦ |
| | શહેરા | ૦ | ૦ | ૦ | ૦ |
| | કાલોલ | ૦ | ૦ | ૦ | ૦ |
| | હાલોલ | ૦ | ૦ | ૦ | ૦ |
| | મોરવા (હ) | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) ઉક્ત શાળાઓ બંધ કરવાના કારણો શાં છે ?

(૨) વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે.

---------

# ૨૦૧

## પાટણ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના

* ૨૦૯૧૫ **શ્રી સુરેશભાઇ પટેલ** (મણિનગર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત પાટણ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) કુલ ૨૫૫૩ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામા આવેલ છે.

(૨) કુલ રૂ. ૧૧૬.૭૬ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૦૨

## જામનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના

* ૨૦૯૧૮ **શ્રી બાબુભાઇ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) કુલ ૨૫૧૬ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામા આવેલ છે.

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો? (૨) કુલ રૂ. ૧૦૩.૦૯ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૦૩

## નર્મદા યોજના દ્વારા ઉત્પન્ન થતી વીજળી

* ૨૦૨૧૬ **શ્રી બળદેવજી ઠાકોર** (કલોલ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ નર્મદા યોજના દ્વારા ઉત્પન્ન થતી વીજળી, કરાર મુજબ અન્ય રાજ્યોને આપવાની થાય છે તેનો રેશીયો શું છે, | (૧) તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજના દ્વારા ઉત્પન્ન થતી વીજળી કરાર મુજબ અન્ય સાથી રાજ્યો મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રને આપવાની થાય છે. તેનો રેશીયો અનુક્રમે ૫૭% અને ૨૭% છે. અને ગુજરાત રાજ્યનો રેશીયો ૧૬% છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ૨(બે) વર્ષમાં ઉત્પન્ન થયેલ વિજળી પૈકી કયા રાજ્યને કેટલી વીજળી અપાયેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ૨(બે) વર્ષમાં ઉત્પન્ન થયેલ વિજળી પૈકી મધ્યપ્રદેશ રાજ્યને ૧૯૩.૨૦ કરોડ વીજ યુનિટ, મહારાષ્ટ્ર રાજ્યને ૯૧.૫૨ કરોડ વીજ યુનિટ, અને ગુજરાત રાજ્યને ૫૪.૨૩ કરોડ વીજ યુનિટ વીજળી અપાયેલ છે. |
| (૩) વિજળીની વધ–ઘટ રહેતી હોય તો તે વિજળીનું શું કરવામાં આવ્યું છે ? | (૩) વીજ ઉત્પાદનમાં વધ–ઘટ થાય તો તે પણ ઉપર (૧) માં જણાવ્યા મુજબના રેશીયો પ્રમાણે વહેંચવામાં આવે છે. |

---------

# ૨૦૪

## દાહોદ જિલ્લામાં ૧૪માં નાણાપંચ અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

* ૨૦૦૦૩ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લિમખેડા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લા પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ કેટલી બેઝીક ગ્રાંટ ફાળવવામાં આવી, | (૧) દાહોદ જિલ્લા પંચાયતને નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ માં ૧૪માં નાણાપંચ અંતર્ગત કુલ બેઝીક ગ્રાંટ રૂ.૧૨૧૯૨.૨૯ લાખ ફાળવવામાં આવી. |
| (૨) ઉક્ત પંચાયત દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯માં મળેલ બેઝીક ગ્રાંટમાંથી કુલ કેટલા કામો તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, અને | (૨) ઉક્ત પંચાયત દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯માં મળેલ બેઝીક ગ્રાંટમાંથી કુલ ૧૨૦૦૨ કામો તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા, |
| (૩) ઉક્ત પૂર્ણ કામો સામે કુલ કેટલો ખર્ચ થયેલ ? | (૩) ઉક્તપૂર્ણ કામો સામે કુલ રૂ.૧૨૧૯૨.૨૯ લાખ ખર્ચ થયેલ છે, આમ ફાળવેલ રકમનો પુરેપુરો વપરાશ થયેલ છે. |

---------

# ૨૦૫

## ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ

* ૨૦૬૫૫ **શ્રી સુરેશકુમાર પટેલ** (માણસા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ

**ગાંધીનગર**

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | દહેગામ | ૯ |
| ૨ | ગાંધીનગર | ૪૭ |
| ૩ | કલોલ | ૧૨ |
| ૪ | માણસા | ૨૭ |
| | **કુલ** | **૯૫** |

(૨) આ દબાણો કયા પ્રકારના છે,

**મહેસાણા**

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | બેચરાજી | ૨ |
| ૨ | જોટાણા | ૧૦ |
| ૩ | કડી | ૨૯ |
| ૪ | મહેસાણા | ૩૮ |
| ૫ | ઉંઝા | ૧૬ |
| ૬ | વિજાપુર | ૪૪ |
| ૭ | વિસનગર | ૧૩ |
| ૮ | વડનગર | ૩૭ |
| ૯ | ખેરાલુ | ૨૫ |
| ૧૦ | સતલાસણા | ૨ |
| | **કુલ** | **૨૧૬** |

(૨)

- ગાંધીનગર જિલ્લાના દબાણો કાચા – પાકા રહેણાંક પ્રકારના છે.
- મહેસાણા જિલ્લા દબાણો ઘાસ ભરવાના વાડા, ઉકરડા, કાચા–પાકા રહેણાંક, સીમતળ, ચલિત તથા અચલિત ઢાળીયા પ્રકારના છે.

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫(૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

(૩) અને (૪)
ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫ અન્વયે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૨૦૬

## રાજ્ય સરકાર દ્વારા નવું વિમાન ખરીદવા બાબત

* ૨૦૧૭૩ **શ્રી પ્રવિણભાઇ મારૂ** (ગઢડા) : **માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા નવું વિમાન ખરીદવામાં આવેલ છે તે હકીકત સાચી છે? | (૧) હા,જી. |
| (૨) જો હા, તો કઇ એજન્સી પાસેથી કેટલા ખર્ચે અને ક્યારે વિમાન ખરીદવામાં આવ્યું, | (૨) મે.બોમ્બાર્ડીયર ઈન્કોર્પોરેશન, કેનેડા પાસેથી USD ૨૭,૬૪૭,૭૦૦ ની સમકક્ષ રૂ.૧૯૭,૯૦,૨૨,૩૬૬/– (રૂપિયા એકસો સત્તાણું કરોડ નેવુ લાખ બાવીસ હજાર ત્રણસો છાસઠ પુરા) ના ખર્ચે અને તા.૨૬–૦૮–૨૦૧૯ના રોજ વિમાન ખરીદવાની મંજૂરી આપવામાં આવેલ. |
| (૩) વિમાન ખરીદી માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ કે કેમ, | (૩) હા, જી. |
| (૪) જો હા, તો આ ટેન્ડર પ્રક્રિયામાં કઇ કઇ કંપનીઓએ ભાગ લીધેલ, અને | (૪) આ ટેન્ડર પ્રક્રિયામાં (૧) મે.એમ્બ્રેરર એસ.એ. બ્રાઝિલ અને (૨) મે.બોમ્બાર્ડીયર ઈન્કોર્પોરેશન, કેનેડા નામની કંપનીઓએ ભાગ લીધેલ. |
| (૫) ઉક્ત વિમાનની ખરીદીનો ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવેલ? | (૫) ઉક્ત વિમાનની ખરીદીનો ખર્ચ બજેટના નીચે જણાવેલ હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે. માંગણી ક્રમાંક–૫૨, મુખ્ય સદરઃ ૫૦૫૩ નાગરીક ઉડ્ડયન અંગે મુડી ખર્ચ જોગવાઇ |

---------

# ૨૦૭

## ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લા સરકારી શાળાઓ બંધ તેમજ મર્જ કરવા બાબત

* ૨૦૬૯૮ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ગીરસોમનાથ અને જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી મર્જ કરવામાં આવી, અને

(૨) ઉક્ત શાળાઓ બંધ કરવાના કારણો શા છે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | તા.૧/૧૧/૧૭ થી તા.૩૧/૧૦/૧૮ | | તા.૧/૧૧/૧૮ થી તા.૩૧/૧૦/૧૯ | |
|---|---|---|---|---|---|
| | | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| ગીર સોમનાથ | વેરાવળ | ૦ | ૦ | ૨ | ૦ |
| | તાલાલા | ૦ | ૦ | ૦ | ૦ |
| | કોડીનાર | ૦ | ૦ | ૦ | ૦ |
| | સુત્રાપાડા | ૦ | ૦ | ૦ | ૦ |
| | ઉના | ૦ | ૦ | ૦ | ૦ |
| | ગીર ગઢડા | ૦ | ૦ | ૦ | ૦ |
| જુનાગઢ | જુનાગઢ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કેશોદ | ૦ | ૧ | ૦ | ૩ |
| | મેંદરડા | ૦ | ૦ | ૦ | ૧ |
| | વિસાવદર | ૦ | ૦ | ૦ | ૨ |
| | માણાવદર | ૦ | ૦ | ૦ | ૧ |
| | વંથલી | ૦ | ૧ | ૦ | ૦ |
| | ભેંસાણ | ૦ | ૦ | ૦ | ૦ |
| | માંગરોળ | ૦ | ૦ | ૦ | ૧ |
| | માળીયા | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે.

---------

# ૨૦૮

## ભાવનગર જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવા બાબત

* ૨૦૪૪૬ **શ્રી ભીખાભાઇ બારૈયા** (પાલીતાણા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં બાકી તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે શી વ્યવસ્થા કરેલ છે?

**જવાબ**

(૧) કુલ –૭૩,૮૧૪

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લામાં તમામ લાભાર્થીઓને આ કાર્ડ મળી રહે તે માટે કુલ – ૧૫ (પંદર) કિઓસ્ક કાર્યરત છે.

---------

# ૨૦૯

## ભાવનગર જિલ્લામાં નવા પંચાયત ઘરને મંજૂરી

* ૨૦૯૨૧ **શ્રી આર. સી. મકવાણા** (મહુવા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતના ઘર નવા બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) ૧૬(સોળ)

(૨) રૂા.૨૨૪/– લાખ

---------

# ૨૧૦

## વલસાડ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા ભરવા બાબત

* ૨૦૦૧૧ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજુર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ–૫(પાંચ) જગ્યા મંજુર થયેલ છે.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તમામ જગ્યાઓ ભરાયેલ છે.

(૩) વલસાડ જિલ્લામાં તમામ જગ્યાઓ સીધી ભરતીથી અને બઢતીથી ભરવામાં આવેલ છે. કોઇ જગ્યા ખાલી ન હોઇ, જગ્યા ભરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૧૧

## વલસાડ અને નવસારી જિલ્લામાં મેલેરિયા, ડેન્ગ્યુ અને કોંગો ફીવરના કેસો

* ૨૦૯૨૭ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર, વર્ષવાર મેલેરિયા, ડેન્ગ્યુ અને કોંગો ફીવરના કેટલા કેસો નોંધાયા,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકાવાર, ઉક્ત રોગવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

(૩) આવો રોગચાળો ફેલાતો અટકાવવા સરકારે શું પગલા લીધા ?

**જવાબ**

(૧) તા.૩૦–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ અને નવસારી જિલ્લામાં તાલુકાવાર, વર્ષવાર મેલેરિયા, ડેન્ગ્યુ અને કોંગો ફીવરના નોંધાયેલ કેસો નીચે મુજબ છે.

**વલસાડ જિલ્લો–**

| તાલુકાનું નામ | ૧–૧૧–૧૭ થી ૩૧–૧૦–૧૮ | | | ૧–૧૧–૧૮ થી ૩૦–૧૦–૧૯ | | |
|---|---|---|---|---|---|---|
| | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગો ફીવર | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગો ફીવર |
| વલસાડ | ૧૦ | ૪૫ | ૦ | ૧૨ | ૧૫૨ | ૦ |
| પારડી | ૨૧ | ૪ | ૦ | ૧૨ | ૧૦ | ૦ |
| વાપી | ૧૩ | ૧૩ | ૦ | ૬ | ૨૭ | ૦ |
| ઉમરગામ | ૨૭ | ૨૧ | ૦ | ૧૪ | ૧૯ | ૦ |
| ધરમપુર | ૧૧ | ૨ | ૦ | ૯ | ૬ | ૦ |
| કપરાડા | ૮ | ૨ | ૦ | ૩ | ૨ | ૦ |
| **કુલ** | **૯૦** | **૮૭** | **૦** | **૫૬** | **૨૧૬** | **૦** |

**નવસારી જિલ્લો–**

| તાલુકાનું નામ | ૧–૧૧–૧૭ થી ૩૧–૧૦–૧૮ | | | ૧–૧૧–૧૮ થી ૩૦–૧૦–૧૯ | | |
|---|---|---|---|---|---|---|
| | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગો ફીવર | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગો ફીવર |
| નવસારી | ૪૨ | ૪૭ | ૦ | ૪૮ | ૫૬ | ૦ |
| જલાલપોર | ૫૬ | ૫૭ | ૦ | ૩૧ | ૩૬ | ૦ |
| ગણદેવી | ૧૯ | ૨ | ૦ | ૮ | ૬ | ૦ |
| ચીખલી | ૧૨ | ૩ | ૦ | ૪ | ૨ | ૦ |
| ખેરગામ | ૩ | ૧ | ૦ | ૦ | ૨ | ૦ |
| વાંસદા | ૮ | ૧ | ૦ | ૭ | ૦ | ૦ |
| **કુલ** | **૧૪૦** | **૧૧૧** | **૦** | **૯૮** | **૧૦૨** | **૦** |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મેલેરિયા, ડેન્ગ્યુ, કોંગોફીવરથી એક પણ મૃત્યુ થયેલ નથી.

(૩)

- વલસાડ અને નવસારી જિલ્લામાં ઉક્ત રોગોને કાબુમાં રાખવા ઘનિષ્ઠ ફીવર સર્વેલન્સ, પોરાનાશક કામગીરી, પોરાભક્ષક માછલી વિતરણ કામગીરી, ફોગીંગ કામગીરી, જંતુનાશક દવાનો છંટકાવ, જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીના ઉપયોગ અને આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવેલ.

---------

# ૨૧૨

## મહુવા તાલુકાના કરચેલીયા–બારતાડ, ખરવણ રોડને પહોળો કરવા બાબત

* ૨૦૪૩૧ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લાના મહુવા તાલુકાનો કરચેલીયા–બારતાડ–ખરવણ–દેદવાસણ–ઉગત રોડને પહોળો કરવાનું કામ મંજુર કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ સરકારે શી કાર્યવાહી કરી? | (૨) નકશા અંદાજ તબક્કે. |

---------

# ૨૧૩

## અમદાવાદ શહેરમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને કોંગો ફીવરના કેસો

* ૨૦૯૭૫ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને કોંગો ફીવરના કેટકેટલા કેસો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નોંધાયા,

**જવાબ**

(૧) તા.૩૦–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને કોંગો ફીવરના છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નોંધાયેલ કેસો નીચે મુજબ છે.

| વર્ષ | અમદાવાદ શહેર | | |
|---|---|---|---|
| | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગોફીવર |
| ૧–૧૧–૧૭ થી ૩૦–૧૦–૧૮ | ૭૧૧૪ | ૨૪૨૧ | ૦ |
| ૧–૧૧–૧૮ થી ૩૦–૧૦–૧૯ | ૪૨૩૮ | ૨૫૨૬ | ૦ |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ રોગવાર કેટલા દર્દીઓના મૃત્યુ થયા, અને

**જવાબ**

(૨) ઉક્ત સ્થિતિએ રોગવાર નોંધાયેલ મૃત્યુની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | અમદાવાદ શહેર | | |
|---|---|---|---|
| | મેલેરિયા | ડેન્ગ્યુ | કોંગોફીવર |
| ૧–૧૧–૧૭ થી ૩૧–૧૦–૧૮ | ૨ | ૫ | ૦ |
| ૧–૧૧–૧૮ થી ૩૦–૧૦–૧૯ | ૨ | ૮ | ૦ |

**પ્રશ્ન**

(૩) આવો રોગચાળો ફેલાતો અટકાવવા સરકારે શું પગલા લીધા ?

**જવાબ**

(૩)

- અમદાવાદ શહેરમાં ઉક્ત રોગોને કાબુમાં રાખવા ડોર ટુ ડોર ફીવર સર્વેલન્સ, એન્ટોમોલોજીકલ કામગીરી, પોરાનાશક કામગીરી, ઇન્ડોર ફોગીંગ કામગીરી, બી.પી.એમ.સી એક્ટ મુજબ કાર્યવાહી અને આરોગ્ય શિક્ષણ પ્રવૃત્તિ જેવી વિવિધ કામગીરી હાથ ધરવામાં આવે છે.

---------

# ૨૧૪

## બનાસકાંઠા જિલ્લામાં નર્મદા કેનાલમાં ગાબડાં

* ૨૦૯૪૪ **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : **માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૮ અને ૨૦૧૯માં તા.૩૧–૧૦–૨૦૧૯ સુધીમાં નર્મદા કેનાલમાં ક્યાં ક્યાં ગાબડા પડ્યા,

(૨) આ ગાબડાથી ક્યા ક્યા તાલુકામાં કેટલા ખેડૂતોને કેટલું નુકશાન થયું,

(૩) આ નુકસાન પેટે સરકાર દ્વારા કેટલી સહાય તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ ચુકવવામાં આવી, અને

(૪) કેટલી ચુકવવાની બાકી છે?

**જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં સને ૨૦૧૮ અને ૨૦૧૯માં તા.૩૧–૧૦–૨૦૧૯ સુધીમાં નર્મદા કેનાલમાં પડેલ ગાબડાની વિગત નીચે મુજબ છે.

| **તાલુકો** | **નર્મદા કેનાલમાં પડેલ ગાબડાની સંખ્યા** | | |
|---|---|---|---|
| | **સને ૨૦૧૮** | **સને ૨૦૧૯** | **કુલ** |
| કાંકરેજ | ૨ | – | ૨ |
| ભાભર | ૨ | ૧ | ૩ |
| વાવ | ૭ | ૫ | ૧૨ |
| થરાદ | ૭ | ૧ | ૮ |
| સુઈગામ | ૯ | ૧ | ૧૦ |
| **કુલ** | **૨૭** | **૮** | **૩૫** |

(૨) આ ગાબડાથી ખેડૂતોને થયેલ નુકસાનની વિગત નીચે મુજબ છે.

| **તાલુકો** | **ખેડૂતોની સંખ્યા** | **નુકસાનની વિગત** | | |
|---|---|---|---|---|
| | | **પાક** | **વિસ્તાર હેક્ટર** | **રકમ રૂ.** |
| કાંકરેજ | ૧ | દિવેલા | ૦.૧૨ | ૧૨૦૦૦ |
| વાવ | ૩ | જીરૂ | ૦.૦૫ | ૧૫૫૯૯ |
| ભાભર | ૧ | જીરૂ/દિવેલા | ૦.૫૯ | ૨૯૦૦૦ |
| **કુલ** | **૫** | | **૦.૭૬** | **૫૬૫૯૯** |

(૩) આ નુકસાન પેટે સરકાર દ્વારા તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ નીચે મુજબની સહાય ચૂકવવામાં આવી,

| **તાલુકો** | **ખેડૂતોની સંખ્યા** | **ચુકવેલ સહાય રૂ.** |
|---|---|---|
| કાંકરેજ | ૧ | ૧૨૦૦૦ |
| વાવ | ૩ | ૧૫૫૯૯ |
| ભાભર | ૧ | ૨૯૦૦૦ |
| **કુલ** | **૫** | **૫૬૫૯૯** |

(૪) કોઈ રકમ ચુકવવાની બાકી નથી.

---------

# ૨૧૫

## રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાઓ મંજૂર અંગેની અરજી

* ૨૦૮૫૦ **શ્રી હર્ષ સંઘવી** (મજુરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાઓ મંજૂર કરવા અંગેની કેટલી અરજી મળી,

(૨) તે અંગે કેટલી શાળાઓ મંજૂર અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) ૨૦૭૦

(૨)

| **મંજુર** | **નામંજુર** |
|---|---|
| ૧૩૧૮ | ૭૫૨ |

(૩) આ શાળાઓ નામંજૂર કરવાના મુખ્યત્વે કારણો શા હતા ?

(૩) શાળા મંજુરી માટેના નિયત માપદંડો સંતોષતા ના હોવાથી,

---------

# ૨૧૬

## પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીમાં પડતર કેસો

* ૨૦૪૫૨ **શ્રી જીતેન્દ્ર સુખડિયા** (સયાજીગંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરીમાં કેટલા પેન્શન કેસો પડતર છે, અને

(૨) ઉકત પડતર પેન્શનના કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ૯૨૯ પેન્શન કેસો પડતર છે.

(૨) ઉક્ત પડતર પેન્શન કેસો પૈકી હાલની સ્થિતિએ કોઈ કેસ પડતર નથી.

---------

# ૨૧૭

## વેરાવળથી વાપીની ડીપ–સી.ડીસ્ચાર્જ પાઈપલાઈનની ફીઝીકલ સ્ટડી

* ૨૦૫૨૨ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વેરાવળથી વાપીની વચ્ચે આવેલ અમદાવાદ વડોદરા અને જેતપુરના ઓદ્યોગિક એકમોના પ્રદૂષણ દૂર કરવા માટે રૂ.૨૨૭૫ કરોડના અંદાજીત ખર્ચે ડીપ–સી ડીસ્ચાર્જ પાઈપલાઈનની યોજના માટે ફીઝીકલ સ્ટડી કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તા.૩૧–૧૦–૨૦૧૯ ની સ્થિતિએ ઉક્ત સ્ટડી ક્યારે, કઈ એજન્સી દ્વારા કરવામાં આવેલ, અને

(૩) તે અન્વયે કઈ એજન્સીને કેટલી રકમ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે ચૂકવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે?

**જવાબ**

(૧) આ વિભાગ દ્વારા સ્ટડી કરાવવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૧૮

## બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નર્મદાની કેનાલનું બાકી કામ

* ૨૦૪૭૧ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર નર્મદાની કઈ–કઈ કેનાલોનું કેટલા કિ.મી.નું કામ બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની કેનાલોના તાલુકાવાર બાકી કામ નીચે મુજબ છે.

| **નહેરના બાંધકામની બાકી લંબાઈ (કિં.મી.)** | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **નહેરનું નામ** | **કાંકરેજ** | **ભાભર** | **દીયોદર** | **વાવ** | **સુઈગામ** | **થરાદ** |
| મુખ્ય નહેર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| શાખા નહેરો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વિશાખા નહેરો | ૦.૮૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પ્રશાખા નહેરો | ૧.૭૩૦ | ૦ | ૦ | ૩.૦૮૮ | ૧.૬૨૫ | ૩.૧૦૬ |
| પ્રપ્રશાખા | ૩૭.૮૧૭ | ૯.૮૧ | ૫.૫૩૬ | ૯.૦૧૯ | ૪.૩૪૯ | ૮.૨૯૯ |
| **કુલ** | **૪૦.૩૪૭** | **૯.૮૧** | **૫.૫૩૬** | **૧૨.૧૦૭** | **૫.૯૭૪** | **૧૧.૪૦૫** |

(૨) બનાસકાંઠા જિલ્લામાં વિશાખા/પ્રશાખા નહેરના બાકી કામો નવો જમીન સંપાદન ધારો, યુટીલીટી ક્રોસીંગ જેવાં

કે ગેસ–ઓઈલ પાઈપલાઈન વિગેરેની સંબંધિત વિભાગની મંજુરીની કાર્યવાહી જેવાં કારણોથી છે. જેની મંજૂરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે બાકી કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

# ૨૧૯

## સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ

* ૨૦૬૭૯ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ

**સુરેન્દ્રનગર**

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | વઢવાણ | ૧ |
| ૨ | લખતર | ૩ |
| ૩ | લીંમડી | ૨ |
| ૪ | ચોટીલા | ૧ |
| ૫ | થાનગઢ | ૧ |
| ૬ | ધ્રાંગધ્રા | ૭ |
| ૭ | પાટડી | ૧ |
| ૮ | ચુડા | ૩ |
| ૯ | મુળી | ૩ |
| | **કુલ** | **૨૨** |

**ભાવનગર**

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૯ |
| ૨ | ઘોઘા | ૩ |
| ૩ | તળાજા | ૮૨ |
| ૪ | મહુવા | ૧૬ |
| ૫ | જેસર | ૧૨ |
| ૬ | ગારીયાધાર | ૬ |
| ૭ | પાલીતાણા | ૫ |
| ૮ | શિહોર | ૧ |
| ૯ | વલ્લભીપુર | ૧ |
| | **કુલ** | **૧૩૫** |

(૨) આ દબાણો ક્યા પ્રકારના છે,

(૨) સુરેન્દ્રનગર જિલ્લાના દબાણો કાચા અને કામચલાઉ વાડા પ્રકારના છે.

ભાવનગર જિલ્લાના દબાણો કાચા–પાકા રહેણાંક અને ખેતી વિષયક પ્રકારના છે.

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫(૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

(૩) અને (૪) ન્યાયિક પ્રક્રિયા પડતર તેમજ જમીન માપણીની પ્રક્રિયા પડતર હોવાના કારણે, આ કાર્યવાહી પૂર્ણ થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૨૨૦

**રાજ્યમાં ડાયરેક્ટ ઓફ પ્રોસિક્યુશનની નિમણુંક**

* ૨૦૮૪૬ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં ડાયરેક્ટ ઓફ પ્રોસીક્યુશનની નિમણુંક કરવામાં આવી છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) રાજ્યમાં ડાયરેક્ટર ઓફ પ્રોસીક્યુશનના માળખાની રચનાની પ્રક્રિયા ક્યાં સુધી પહોંચી છે? | (૨) કાયદા વિભાગ દ્વારા ડાયરેક્ટ ઓફ પ્રોસીક્યુશનના માળખા અંતર્ગત ડાયરેક્ટર, ડેપ્યુટી ડાયરેક્ટર, એકાઉન્ટ ઓફિસર, સ્ટેનોગ્રાફર, હેડ ક્લાર્ક જેવી જગ્યાઓ ઉભી કરવામાં આવી છે. આ જગ્યાઓ પૈકી ડાયરેક્ટરની જગ્યા પર શ્રી પરેશભાઈ ધોરાની નિમણૂક કરવામાં આવી છે. |

---------

# ૨૨૧

**છોટાઉદેપુર જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ બોન્ડ**

* ૨૦૪૧૦ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ કન્યાઓ માટે વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તે અન્વયે વર્ષ ૨૦૧૯–૨૦માં ઉક્ત સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલી કન્યાઓને આવરી લેવામાં આવી, | (૨) ૫૦૨૪ |
| (૩) તે માટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૩) રૂ. ૧,૦૦,૪૮,૦૦૦/– (અંકે રૂપિયા એક કરોડ અડતાલીસ હજાર પુરા) |
| (૪) કન્યાદીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવ્યા? | (૪) રૂ. ૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) |

---------

# ૨૨૨

**બોટાદ જિલ્લામાં આયુષ્યમાન ભારત– પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ બાબત**

* ૨૦૩૯૪ **શ્રી જગદીશ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ બોટાદ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કેટલા લોકોને આયુષ્યમાન ભારત– પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને | (૧) કુલ – ૯૫,૩૭૩ |
| (૨) ઉક્ત જિલ્લામાં તમામ લાયક લાભાર્થીને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે ? | (૨) તમામ સરકારી હોસ્પિટલ, એમ્પેલન પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ–ગ્રામ સેન્ટરો અને કોમન સર્વીસ સેન્ટર પર ગોલ્ડન કાર્ડ કાઢી આપવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

---------

# ૨૨૩

## ગીર સોમનાથ જિલ્લામાં ઝૂંપડા વીજળી કરણ યોજના

* ૨૦૯૦૩ **શ્રીમતી માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) કુલ ૫૯૪૫ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

(૨) કુલ રૂ. ૨૧૯.૭૩ લાખનો ખર્ચ થયો.

---------

# ૨૨૪

## ડાંગ જિલ્લામાં ડુંગરડાથી ભેંસકાતરીને જોડતા પંચાયત રસ્તાને સ્ટેટ હસ્તક કરવા બાબત

* ૨૦૨૦૪ **શ્રી પુનાભાઇ ગામીત** (વ્યારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં ડુંગરડાથી ભેંસકાતરીને જોડતા પંચાયત રસ્તાને સ્ટેટ હસ્તક તબદીલ કરવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) હાલમાં કોઇ આયોજન ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૨૫

## વલસાડ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા

* ૨૦૯૨૩ **શ્રી ભરતભાઇ પટેલ** (વલસાડ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની કુલ–૫(પાંચ) જગ્યા મંજુર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકા વિકાસ અધિકારીની તમામ જગ્યાઓ ભરાયેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૨૬

## ચાણસ્મા ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને મંજૂરી

* ૨૦૮૩૭ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચાણસ્મા, જિ. પાટણ ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની વહીવટી મંજુરી આપવામાં આવેલ છે, અને ક્યારે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) રૂ. ૬,૬૩,૦૦,૦૦૦/– ની વહીવટી મંજુરી તા. ૨૯–૦૪–૨૦૧૯ ના રોજ આપવામાં આવેલ છે.

---------

# ૨૨૭

## સુરત જિલ્લામાં માનવ ગરિમા યોજના હેઠળ લાભ

* ૨૦૮૫૫ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત–ઉત્તર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિના ઇસમો માટેની માનવ ગરિમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૯–૨૦માં તા. ૩૦–૦૯–૨૦૧૯ની સ્થિતિએ કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨) લાભાર્થીઓને કીટ્સ પૂરી પાડવા અંગે ખરીદીની કાર્યવાહી પ્રગતિમાં છે. જે પૂર્ણ થયેથી કીટ્સ વિતરણની કામગીરી કરવામાં આવશે.

---------

# ૨૨૮

## રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તરફથી સરકારે લીધેલ ઓવરડ્રાફ્ટ

* ૨૦૪૫૦ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે નાણાકીય વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કેટલી રકમનો ઓવરડ્રાફ્ટ લેવામાં આવ્યો?

**જવાબ**

શૂન્ય.

---------

# ૨૨૯

## સુરત જિલ્લામાં કૂવાઓનું વિજળીકરણ

* ૨૦૮૫૯ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૫૪૭૩ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

(૨) રૂ. ૯૦૩૦.૧૬ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૩૦

## જી.એસ.ટી. ચોરી અંગે મળેલ ફરિયાદો

* ૨૦૫૮૬ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૦૧–૦૪–૨૦૧૯ થી તા. ૩૧–૧૦–૨૦૧૯ સુધીમાં રાજ્યની SGST કમિશનર કચેરીને GST ની ચોરી સંબંધેની કુલ કેટલી ફરીયાદો મળેલ છે,

(૨) કેટલી ફરીયાદોના આધારે સ્થળ તપાસ યોજવામાં આવેલ છે અને કેટલી ફરીયાદોની સ્થળ તપાસ કરવામાં આવેલ નથી અને તેના કારણો શા છે, અને

**જવાબ**

(૧) ૧૯૪

(૨) કાયદાની જોગવાઇ મુજબ, સર્ચ / ઈન્સ્પેકશન કરાવવા માટે ચોક્કસ કારણો (Reason to believe) હોવા જરૂરી છે. મુખ્ય રાજ્ય વેરા કમિશનરશ્રીની કચેરીમાં આવતી ફરિયાદોમાં ચકાસણી, સંશોધન અને જરૂર જણાયે ખાનગી રાહે તપાસ જેવી જરૂરી કાર્યવાહી કચેરીથી તથા ક્ષેત્રીય કક્ષાએ કરવામાં આવે છે. ફરિયાદમાં તથ્ય જણાય તો સ્થળતપાસની દરખાસ્ત તૈયાર કરવામાં આવે છે અને તેના આધારે સ્થળતપાસની કાર્યવાહી કરવામાં આવે છે. તથા દફતરે કરવા

પાત્ર અરજીઓ દફતરે કરવામાં આવે છે. તારીખ ૦૧-૦૪-૨૦૧૯ થી મુખ્ય રાજ્ય વેરા કમિશનરશ્રીની કચેરીને મળેલ ફરિયાદ અરજીઓ પૈકી ૧ કેસમાં સ્થળતપાસ કરવામાં આવેલ છે. ૧૨ ફરિયાદ અરજીઓ વિગતવાર સ્થળતપાસ કરાવવાપાત્ર જણાયેલ હોવાથી તેમાં સ્થળતપાસ કરવાની પ્રક્રિયા હાથ ધરાયેલ છે. જ્યારે ૧૧ અરજીઓમાં કોઇ તથ્ય ન જણાતા તેને દફતરે કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. અન્ય બાકીની ફરિયાદ અરજીઓમાં સીસ્ટમ આધારીત ચકાસણી, સંશોધન તથા ખાનગી રાહે તપાસની પ્રક્રિયા વિવિધ તબક્કે હાલમાં ચાલુ છે.

(૩) SGST કમિશનર કચેરી દ્વારા યોજવામાં આવેલ સ્થળ તપાસના આધારે કુલ કેટલી રકમની GSTની ચોરી શોધી કાઢવામાં આવેલ છે?

(૩) રૂ. ૪૫,૮૮,૯૦૦ /-

---------

# ૨૩૧

## પડધરી તાલુકામાં સામૂહિક વન નિર્માણ હેઠળ રોપાનું વાવેતર

* ૨૦૩૯૯ **શ્રી લાખાભાઈ સાગઠીયા** (રાજકોટ-ગ્રામ્ય) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લાના પડધરી તાલુકામાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦માં તા.૩૦-૦૯-૨૦૧૯ની સ્થિતિએ કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તે અન્વયે તા.૩૦-૦૯-૨૦૧૯ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૪૫.૦૦ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૦-૯-૨૦૧૯ની સ્થિતિએ) | ૪૨.૦૦ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૫૬.૮૨ |
| ૨૦૧૯-૨૦ (તા.૩૦-૯-૨૦૧૯ની સ્થિતિએ) | ૨૪.૭૩ |

---------

# ૨૩૨

## અમદાવાદ જિલ્લાની શાળાઓમાં ગંભીર રોગથી પીડાતા બાળકોની સંખ્યા

* ૨૦૮૭૯ **શ્રી બાબુભાઈ પટેલ** (દસ્ક્રોઈ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લાની શાળાના બાળકોની ચકાસણી દરમ્યાન કેટલા બાળકો કેન્સર, હૃદય રોગ અને કીડનીની બીમારીથી પીડાતા નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ આ બીમારીથી પીડાતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શું વ્યવસ્થા કરવામાં આવી છે, અને

**જવાબ**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લાની શાળાના બાળકોની ચકાસણી દરમ્યાન, ૪૩-કેન્સર, ૧૭૫-હૃદય રોગ અને ૫૩-કિડનીની બિમારીથી પીડાતા બાળકો નોંધાયા.

(૨) ઉક્ત સ્થિતિએ આ બીમારીથી પીડાતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે,

૧. હૃદયની બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર અમદાવાદ ખાતે,
૨. કીડનીની બિમારીવાળા બાળકોને કિડની ઈન્સ્ટીટ્યુટ ઓફ રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે અને.

૩. કેન્સરની બિમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે.

(૩) આ બાળકોની સારવાર પાછળ સરકારે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરેલ છે?

(૩) આ બાળકોની સારવાર પાછળ સરકારે ઉક્ત સ્થિતિએ કૂલ–રૂ.૭,૦૩,૦૪,૨૩૫/– નો ખર્ચ કરેલ છે.

---------

# ૨૩૩

## મહેસાણા જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' કાર્ડ આપવા બાબત

* ૨૦૮૭૬ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત મંજુર દાવા પૈકી હૃદય, કેન્સર અને કીડનીના રોગોમાં કેટલા દાવા મંજૂર કરવામાં આવ્યા છે?

**જવાબ**

(૧) કુલ–૬૫,૨૬૬

(૨) કુલ રૂ.૯૮,૪૭,૫૧,૫૦૨/–

(૩)

| | |
|---|---|
| હૃદય | ૭,૬૩૪ |
| કેન્સર | ૯,૬૧૯ |
| કિડની | ૪૪,૭૨૫ |
| **કુલ** | **૬૧,૯૭૮** |

---------

# ૨૩૪

## અમરેલી અને ભાવનગર જીલ્લા સરકારી પ્રાથમિક શાળાઓ બંધ તેમજ મર્જ કરવા બાબત

* ૨૦૭૦૬ **શ્રી જે.વી. કાકડીયા** (ધારી) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જીલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી મર્જ કરવામાં આવી, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | તા.૦૧/૧૧/૨૦૧૭ થી તા.૩૧/૧૦/૨૦૧૮ | | તા.૦૧/૧૧/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૯ | |
|---|---|---|---|---|---|
| | | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| અમરેલી | અમરેલી | ૦ | ૦ | ૦ | ૦ |
| | લાઠી | ૦ | ૦ | ૦ | ૦ |
| | લીલીયા | ૦ | ૦ | ૦ | ૦ |
| | બાબરા | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુકાવાવ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ધારી | ૦ | ૦ | ૦ | ૦ |
| | બગસરા | ૦ | ૦ | ૦ | ૦ |
| | ખાંભા | ૦ | ૦ | ૦ | ૦ |
| | રાજુલા | ૦ | ૦ | ૦ | ૦ |
| | જાફરાબાદ | ૦ | ૦ | ૦ | ૦ |
| | સાવરકુંડલા | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ભાવનગર | ઉમરાળા | ૦ | ૦ | ૧ | ૦ |
| | મહુવા | ૧ | ૦ | ૦ | ૦ |
| | શિહોર | ૦ | ૦ | ૧ | ૦ |
| | ભાવનગર | ૦ | ૦ | ૦ | ૦ |
| | ઘોઘા | ૦ | ૦ | ૦ | ૦ |
| | તળાજા | ૦ | ૦ | ૦ | ૦ |
| | જેસર | ૦ | ૦ | ૦ | ૦ |
| | પાલિતાણા | ૦ | ૦ | ૦ | ૦ |
| | ગારીયાધાર | ૦ | ૦ | ૦ | ૦ |
| | વલભીપુર | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) ઉક્ત શાળાઓ બંધ કરવાના કારણો શાં છે ?

(૨) વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે.

---------

# ૨૩૫

**બોટાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના**

* ૨૦૯૧૬ **શ્રી કિશોર ચૌહાણ** (વેજલપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત બોટાદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) કુલ ૨૦૬૯ લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવેલ છે.

(૨) કુલ રૂ.૮૬.૦૮ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૨૩૬

**અમદાવાદ અને પાટણ જિલ્લામાં સ્વાઈન ફ્લુ, મેલેરિયાના કેસો**

* ૨૦૦૬૭ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર–જિલ્લામાં અને પાટણ જિલ્લામાં સ્વાઈન ફ્લુ (સીઝનલ ફ્લુ), મેલેરિયા, ડેન્ગ્યુ અને કમળાના કેટલા કેસો નોંધાયા,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલા નાગરિકોના મૃત્યુ થયા, અને

(૩) ઉક્ત રોગોને કાબુમાં રાખવા શા પગલા લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) * પત્રક–અ મુજબ

(૨) * પત્રક–અ મુજબ

(૩) * પત્રક–બ મુજબ

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

# ૨૩૭

**મહેસાણા જિલ્લામાં નવીન સરકીટ હાઉસ બનાવવાની કામગીરી**

* ૨૦૫૦૬ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં બેચરાજી ખાતે નવું સરકીટ હાઉસ બનાવવાની કામગીરી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) ઉક્ત સ્થિતિએ નવું વિશ્રામગૃહ બનાવવાની બાબત મંજુરીની પ્રક્રિયા હેઠળ છે.

---------

# ૨૩૮

## ડાંગ જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ

* ૨૦૪૦૬ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ડાંગ જિલ્લા માટે સને–૨૦૧૯–૨૦ માં તા.૩૧–૦૮–૨૦૧૯ ની સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા

(૨) ૩.૨૭,૨૧,૬૦૦/–

---------

# ૨૩૯

## ડાંગ જિલ્લા સીવીલ હોસ્પીટલમાં સોનોગ્રાફી અને એક્સ–રે ઓપરેટરની નિમણુંક બાબત

* ૨૦૨૧૧ **શ્રી મંગળભાઈ ગાવિત** (ડાંગ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં આહવા ખાતે આવેલ સીવીલ હોસ્પીટલમાં સોનોગ્રાફી અને એક્સ–રે ઓપરેટરની નિમણુંક બાકી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ નિમણુંક ક્યાં સુધીમાં કરવામાં આવશે?

**જવાબ**

(૧) ના, તા.૩૧–૧૦–૨૦૧૯ના રોજ ડાંગ જિલ્લામાં આહવા ખાતે સીવીલ હોસ્પીટલમાં એક્સ–રે ટેકનીશીયનની જગ્યા ખાલી છે અને એકેસ–રે આસીસ્ટન્ટની જગ્યા ભરેલી છે. સોનોગ્રાફી ઓપરેટર ની કોઈ જગ્યા હોસ્પિટલમાં નથી.

(૨) (૧) એક્સ–રે આસીસ્ટન્ટમાંથી એક્સ–રે ટેકનીશીયનમાં બઢતી આપવાની કાર્યવાહી હાલમાં ચાલુમાં છે.
(૨) એક્સ–રે ટેકનીશીયનની જગ્યા ગુ.ગૌ.સે.પં. મંડળના પરામર્શમાં ભરવામાં આવશે.

---------

# ૨૪૦

## મહિસાગર જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ

* ૨૦૭૧૮ **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૨) આ દબાણો કયા પ્રકારના છે,

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫(૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં નીચેની વિગતે તાલુકાવાર ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧ |
| ૨ | સંતરામપુર | ૧ |
| | **કુલ** | **૨** |

(૨) આ દબાણો બાંધકામ પ્રકારના છે.

(૩) અને (૪) ન્યાયિક પ્રક્રિયા પડતર હોવાને કારણે, આ કાર્યવાહી પૂર્ણ થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૨૪૧

## માંગરોળ સિવિલ હોસ્પિટલના નવા બિલ્ડીંગના બાંધકામ માટે ફાળવેલ રકમ

* ૨૦૨૨૭ **શ્રી બાબુભાઇ વાજા** (માંગરોળ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ માંગરોળ, જિ–જુનાગઢના નવા બિલ્ડીંગના બાંધકામ માટે છેલ્લા બે વર્ષમાં સરકાર દ્વારા કોઇ રકમ ફાળવવામાં આવેલ છે, કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમ ક્યારે ફાળવવામાં આવેલ, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) નવા બિલ્ડીંગ બનાવવાની કામગીરી હાલમાં કયા તબક્કે છે, અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | |

---------

# ૨૪૨

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેડીકલ કોલેજની સ્થાપના

* ૨૦૫૪૪ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મેડીકલ કોલેજ સ્થાપવાની કામગીરી કયા તબક્કે છે, અને | (૧) નવી મેડીકલ કોલેજ શરૂ કરવા યોગ્ય સમયે વિચારણા કરવામાં આવશે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને મેડીકલ કોલેજ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે? | (૨) નિર્ણય થયેથી બધી પ્રક્રિયા–કામગીરી પૂર્ણ થયેથી. |

---------

# ૨૪૩

## અમદાવાદ જિલ્લાના શાળાના બાળકોની આરોગ્યની ચકાસણી

* ૨૦૪૪૩ **શ્રી કનુભાઇ પટેલ** (સાણંદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લાની શાળાના બાળકોની આરોગ્યની ચકાસણી દરમ્યાન કેટલા બાળકો કેન્સર, હૃદય રોગ અને કીડનીની બીમારીથી પીડાતા નોંધાયા, | (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લાની શાળાના બાળકોની આરોગ્યની ચકાસણી દરમ્યાન, ૪૩–કેન્સર, ૧૭૫–હ્રદય રોગ અને ૫૩–કિડનીની બિમારીથી પીડાતા બાળકો નોંધાયા. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ બીમારીથી પીડાતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શું વ્યવસ્થા કરવામાં આવી છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ આ બીમારીથી પીડાતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે,<br>૧. હૃદયની બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલૉજી અને રીસર્ચ સેન્ટર અમદાવાદ ખાતે,<br>૨. કીડનીની બિમારીવાળા બાળકોને કિડની ઈન્સ્ટીટ્યુટ ઓફ રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે અને.<br>૩. કેન્સરની બિમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હૉસ્પિટલ, અમદાવાદ ખાતે વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે. |
| (૩) આ બાળકોની સારવાર પાછળ સરકારે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરેલ છે? | (૩) આ બાળકોની સારવાર પાછળ સરકારે ઉક્ત સ્થિતિએ કુલ–રૂ.૭,૦૩,૦૪,૨૩૫/– નો ખર્ચ કરેલ છે. |

---------

# ૨૪૪

**સુરત જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ**

* ૨૦૭૪૬ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૨) આ દબાણો કયા પ્રકારના છે,

(૩) પંચાયત દ્વારા દબાણ દૂર ન થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ (૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સુરત જિલ્લામાં ગૌચર જમીનમાં નીચેની વિગતે દબાણો થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગૌચર દબાણની સંખ્યા |
|---|---|---|
| ૧ | માંડવી | ૧ |
| ૨ | મહુવા | ૧ |
| ૩ | બારડોલી | ૬ |
| ૪ | માંગરોળ | ૩ |
| ૫ | ચોર્યાસી | ૧ |
| | **કુલ** | **૧૨** |

(૨) આ દબાણો કાચા–પાકા મકાન, ઝુંપડા અને કોઢાર પ્રકારનાં છે.

(૩) અને (૪) ન્યાયિક પ્રક્રિયા પડતર હોઈ આ કાર્યવાહી પૂર્ણ થયેથી, તથા દરખાસ્ત મળ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૨૪૫

**મહિસાગર જિલ્લામાં આયુષ્યમાન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના બાબત**

* ૨૦૮૮૧ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહિસાગર જિલ્લામાં તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા લોકોને આયુષ્યમાન ભારત–પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત જિલ્લામાં તમામ લાયક લાભાર્થીને આ કાર્ડ મળી રહે તે માટે શું આયોજન છે?

**જવાબ**

(૧) કુલ – ૨,૩૪,૭૭૬

(૨) તમામ સરકારી હોસ્પિટલ, તમામ એમ્પેનલ પ્રાઈવેટ હોસ્પિટલ, ગ્રામ્ય કક્ષાએ ઈ–ગ્રામ સેન્ટરો તેમજ કોમન સર્વિસ સેન્ટર પર ગોલ્ડન કાર્ડ કઢાવવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

---------

# ૨૪૬

**ગાંધીનગર જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ**

* ૨૦૬૫૧ **ડૉ. સી.જે. ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ગૌચર ગામોમાં જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | દહેગામ | ૯ |
| ૨ | ગાંધીનગર | ૪૭ |
| ૩ | કલોલ | ૧૨ |
| ૪ | માણસા | ૨૭ |
| | કુલ | ૯૫ |

(૨) આ દબાણો કયા પ્રકારના છે,

(૨) આ દબાણો કાચા–પાકા રહેણાંક પ્રકારનાં છે.

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ (૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૩) જિલ્લા કચેરી દ્વારા તા.૨૪–૦૯–૨૦૧૯ ના પરિપત્રથી તા. વિ. અ. શ્રી મારફતે ત. ક. મંત્રીશ્રીઓની મીટીંગમાં ગૌચર જમીન પર થયેલ દબાણોની ચોકસાઇ કરી ગ્રામ પંચાયતને મળેલ અધિકારની રૂએ દુર કરવા સૂચના આપેલ છે. તેમજ જો ગ્રામપંચાયત દ્વારા દબાણો દુર નહી થાય તો ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૫૭ (૧) મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

(૪) તમામ ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

(૪) જિલ્લા કચેરીના તા.૨૪–૦૯–૨૦૧૯ ના પરિપત્રથી પંચાયત અધિનિયમ–૧૯૯૩ ની કલમ–૧૦૫ (૭) (૮) અન્વયે ધોરણસરની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૨૪૭

## રાજ્યની યુનિવર્સિટીઓમાં ગુજરાત રાઇટ ઓફ સીટીઝન પબ્લિક સર્વિસ એક્ટ–૨૦૧૩નો અમલ

* ૨૦૪૯૪ **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ શિક્ષણ વિભાગ હસ્તકની યુનિવર્સિટીઓમાં ગુજરાત રાઇટ ઓફ સીટીઝન પબ્લિક સર્વિસ એક્ટ–૨૦૧૩નો અમલ થતો નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત એક્ટનો અમલ થાય તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી?

**જવાબ**

(૧) શિક્ષણ વિભાગે આ એક્ટ હેઠળ કોઇ સેવાઓ જાહેર કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૨૪૮

## બનાસકાંઠા જિલ્લામાં રોપાનો ઉછેર

* ૨૦૪૮૬ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય વનમંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા સ્થળે કેટલા રોપાનું વાવેતર કરવામાં આવેલ,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ, અને

**જવાબ**

(૧)

| વર્ષ | સ્થળોની સંખ્યા | વાવેતર કરેલ રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|---|
| ૨૦૧૮–૧૯ | ૧૮૪૨ | ૩૭.૬૬ |
| ૨૦૧૯–૨૦ (૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ) | ૧૪૩૨ | ૧૮.૨૫ |

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૨૫૮૮.૧૬ |
| ૨૦૧૯–૨૦ (૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ) | ૮૩૫.૮૦ |

(૩) વાવેતર કરેલ રોપા પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા જીવંત છે?

(૩)

| વર્ષ | જીવંત રોપાની સંખ્યા (લાખમાં) |
|---|---|
| ૨૦૧૮-૧૯ | ૨૫.૭૪ |
| ૨૦૧૯-૨૦ (૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ) | ૧૫.૩૪ |

---------

# ૨૪૯

**નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના ઇસમો માટે માનવ ગરિમા યોજનાનો અમલ**

* ૨૦૪૩૫ **શ્રી મધુભાઇ શ્રીવાસ્તવ** (વાઘોડીયા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૦-૦૯-૨૦૧૯ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિના ઇસમો માટેની માનવ ગરિમા યોજના હેઠળ વર્ષ ૨૦૧૯-૨૦માં કુલ કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) અને (૨) લાભાર્થીઓને કીટ્સ પૂરી પાડવા અંગે ખરીદીની કાર્યવાહી પ્રગતિમાં છે. જે પૂર્ણ થયેથી કીટ્સ વિતરણની કામગીરી કરવામાં આવશે.

---------

# ૨૫૦

**અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ**

* ૨૦૬૬૦ **શ્રી લાખાભાઇ ભરવાડ** (વિરમગામ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓની ઘટ છે,

(૨) આ ઘટતા ઓરડા ક્યાં સુધીમાં બનાવવામાં આવશે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર કેટલા નવા ઓરડાઓ બનાવવામાં આવ્યા ?

**જવાબ**

(૧)

| તાલુકો | ખુટતા ઓરડાની સંખ્યા |
|---|---|
| બાવળા | ૭૯ |
| સીટી | ૨૨ |
| દસક્રોઇ | ૮૫ |
| દેત્રોજ | ૫૨ |
| ધંધુકા | ૨૦ |
| ધોલેરા | ૧૭ |
| ધોળકા | ૩૧ |
| માંડલ | ૪૬ |
| સાણંદ | ૧૩ |
| વિરમગામ | ૫૨ |

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, તાલુકાવાર બનાવેલ ઓરડાની સંખ્યા

| તાલુકો | વર્ષ : ૨૦૧૭-૧૮ | વર્ષ : ૨૦૧૮-૧૯ |
|---|---|---|
| બાવળા | ૨૩ | ૨ |
| સીટી | ૨૫ | ૬૪ |
| દસક્રોઇ | ૧૯૩ | ૬૪ |
| દેત્રોજ | ૯ | ૩૮ |
| ધંધુકા | ૧૭ | ૮ |
| ધોલેરા | ૮ | ૦ |
| ધોળકા | ૩૫ | ૫૦ |
| માંડલ | ૧૯ | ૨ |
| સાણંદ | ૬૯ | ૧૨ |
| વિરમગામ | ૨૬ | ૨૨ |

---------

# ૨૫૧

## સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેના જંગલમાં પ્રાણીઓની સંખ્યા

* ૨૦૯૮૧ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે આકાર પામી રહેલા જંગલ સફારીમાં ક્યા અને કેટલા પ્રાણીઓ વિદેશથી અને ક્યા અને કેટલા પ્રાણીઓ અન્ય રાજ્યોમાંથી લાવવામાં આવ્યા,

(૨) વિદેશમાંથી લાવવામાં આવેલ પ્રાણીઓ અને અન્ય રાજ્યોમાંથી પ્રાણીઓ લાવવા પાછળ કેટલો ખર્ચ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત કરવામાં આવેલ ખર્ચ બજેટના ક્યા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે આકાર પામી રહેલ જંગલ સફારીમાં વિદેશથી અને અન્ય રાજ્યોમાંથી લાવવામાં આવેલ પ્રાણીઓની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | વિદેશમાંથી લાવેલ પ્રાણીનું નામ | વિદેશમાંથી લાવેલ પ્રાણીઓની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૮–૧૯ | ૦ | ૦ |
| ૨૦૧૯–૨૦ | Alpaca (અલ્પાકા) | ૫ |
| | Lama (લામા) | ४ |
| | Wallaby (વોલ્બી) | ४ |
| | **અન્ય રાજ્યમાંથી લાવેલ પ્રાણીનું નામ** | **અન્ય રાજ્યમાંથી લાવેલ પ્રાણીઓની સંખ્યા** |
| ૨૦૧૮–૧૯ | ૦ | ૦ |
| ૨૦૧૯–૨૦ | Scarlet Macaws (લાલચટક મકાઉ) | ૨ |
| | Orange Winged Amazon (ઑરેન્જ વિંગ્ડ એમેઝોન) | ૫ |
| | Blue Gold Macaw (બ્લયુ ગોલ્ડ મકાઉ) | ૨ |
| | Green Wing Macaw (ગ્રીન વિંગ્ડ મકાઉ) | ૨ |
| | Golden Pheasant (ગોલ્ડન ફિસેન્ટ) | ૫ |
| | Silver Pheasant (સિલ્વર ફિસેન્ટ) | ૫ |
| | Lady Amherst Pheasant (લેડી હેમહર્સ્ટ ફિસેન્ટ) | ૫ |
| | Blue Pheasant (બ્લુ ફિસેન્ટ) | ૧૦ |
| | Conures (કોર્નસ) | ૫૦ |
| | Ostrich (શાહમૃગ) | ૩ |
| | Squirrel Monkey (ખિસકોલી મંકી) | ૨ |
| | Marmoset (માર્મોસેટ) | ૨ |
| | Green Iguana (લીલા ઈગુઆના) | ૨ |
| | Ringtail/lemur(રીંગટેલ/લેમર) | ૨ |
| | Red Iguana (રેડ ઈગુઆના) | ૨ |
| | Capuchin monkey (કપૂચિન વાંદરો) | ૨ |

(૨) છેલ્લા બે વર્ષમાં વિદેશમાંથી તથા અન્ય રાજ્યમાંથી લાવવામાં આવેલ પ્રાણીઓ પાછળ રૂ.૨,૬૪,૨૫૦૦૦/– ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) ઉપર મુજબ દર્શાવવામાં આવેલ ખર્ચ નીચે મુજબના બજેટ હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે.

| મુખ્ય સદર | ૨૪૦૬–વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન |
|---|---|
| પેટા મુખ્ય સદર | ૦૨–પર્યાવરણલક્ષી વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન |

| ગૌણ સદર | ૧૧૦-વન્યપ્રાણી સંરક્ષણ |
|---|---|
| પેટા સદર | (૦૨) વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ |

---------

# ૨૫૨

## સોજીત્રા, તારાપુર તાલુકામાં વિજ જોડાણ આપવા બાબત

ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫ થી દબાણો દુર કરવાના વૈધાનિક અધિકારો સંબંધિત ગ્રામ પંચાયતોને પહોંચે છે. જિલ્લા કક્ષાએથી પરીપત્રો કરી દબાણો દુર કરવા તાકીદની સૂચનાઓ આપવામાં આવેલ છે. તાલુકા કક્ષાએ તલાટી કમ મંત્રીની અઠવાડીક મીટીંગમાં દબાણો અંગે સમિક્ષા કરી સંબંધિત ગ્રામ પંચાયતોને વૈધાનિક અધિકારોની સમજ આપી દબાણો અંગે કાર્યવાહી કરવા ગ્રામ પંચાયતની મીટીંગમાં આ મુદ્દો એજન્ડામાં લઈ કાર્યવાહી કરવા ત.ક.મ. ને સૂચનાઓ આપવામાં આવે છે તેમજ ગ્રામ પંચાયતના સરપંચશ્રી કે સભ્ય દ્વારા દબાણ કરવામાં આવેલ હોય તો આવા ગ્રામ પંચાયતના સરપંચો કે સભ્યો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરી હોદ્દા પરથી દુર કરવામાં આવે છે.

**ભાવનગર**

ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ થી દબાણો દુર કરવાની મૂળભૂત જવાબદારી ગ્રામ પંચાયતની હોઇ ગ્રામ પંચાયતને જમીન માપણી કરાવી દબાણો દુર કરવાની સૂચના આપવામાં આવેલ છે અને તેમ કરવામાં નિષ્ફળ રહેલ ગ્રામ પંચાયતના સરપંચને કલમ–૫૭(૧) ની નોટીસ આપી કાર્યવાહી કરવા જણાવેલ છે.

(૩) કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી ?

(૩)
- બોટાદ જિલ્લામાં ગૌચર જમીન પરના દબાણો પૈકી કુલ હે. ૩.૦૪.૦૦ જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.
- ભાવનગર જિલ્લામાં ગૌચર જમીન પરના દબાણો પૈકી કુલ હે.આરે. ૧૪૫.૬૮.૭૬ જમીન ખુલ્લી કરવામાં આવેલ છે.

---------

# ૩૧૧

## મોરબી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વીજળીકરણ

* ૨૦૯૦૧ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૦૬૪૧ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું

(૨) રૂ. ૧૬૯૧૧.૭૫/– લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૩૧૨

## વલસાડ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણ

* ૨૦૯૨૮ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડુત ખાતેદારોની ખેતીવિષયક વીજજોડાણ મેળવવા અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી અરજીઓ ક્યા કારણોસર નામંજુર કરી,

(૩) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે?

**જવાબ**

(૧)

| તાલુકો | ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટે વર્ષવાર મળેલ અરજીઓ | | |
|---|---|---|---|
| | તા.૧.૧૧.૧૭ થી તા.૧.૧૦.૧૮ | તા.૧.૧૧.૧૮ થી તા.૩૧.૧૦.૧૯ | કુલ |
| વલસાડ | ૩૪૦ | ૪૫૭ | ૭૯૭ |
| પારડી | ૨૨૧ | ૨૭૭ | ૪૯૮ |
| ધરમપુર | ૩૮૧ | ૫૦૩ | ૮૮૪ |
| કપરાડા | ૧૫૮ | ૧૧૭ | ૨૭૫ |
| ઉમરગામ | ૫૬ | ૬૮ | ૧૨૪ |
| વાપી | ૨૨ | ૧૪ | ૩૬ |
| **કુલ** | **૧૧૭૮** | **૧૪૩૬** | **૨૬૧૪** |

(૨) કુલ ૧૭૬૮ અરજીઓ મંજુર અને એક પણ અરજી નામંજૂર કરેલ નથી.

(૩)

| તાલુકા | પડતર અરજીઓની સંખ્યા કુલ |
|---|---|
| વલસાડ | ૫૬૨ |
| પારડી | ૨૪૯ |
| ધરમપુર | ૪૫૪ |
| કપરાડા | ૧૧૫ |
| ઉમરગામ | ૮૦ |
| વાપી | ૫ |
| **કુલ** | **૧૪૬૫** |

(૪) ખેતી વિષયક વીજ જોડાણ આપવુ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિવર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર

નાણાંકીય આયોજનને ધ્યાને લઇને વીજ જોડાણો આપવાનું આયોજન કરવામાં આવતુ હોય છે. આમ જિલ્લામાં ખેતી વિષયક વીજજોડાણો આપવામાં વીજ પ્રવહન અને વીજ વિતરણ એ તબક્કાઓ ઉપરાંત નાણાંકીય પરિબળ મહત્વનુ હોઇ તમામ બાબતો ધ્યાને લઇ તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

---------

# ૩૧૩

## તાપી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૦૯૦૭ **શ્રી મોહનભાઇ ઢોડીયા** (મહુવા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જીલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૪૮૦૬ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

(૨) રૂ. ૮૮૯૧.૯૬ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૩૧૪

## રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકોની વીજક્ષમતા

* ૨૦૯૭૬ **શ્રી શૈલેશ પરમાર** (દાણીલીમડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૦–૧૦–૨૦૧૯ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકના વીજમથકોની વીજક્ષમતા કેટલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આ વીજમથકોમાંથી કેટલી વીજળી ઉત્પન્ન થઇ, અને

(૩) ઉક્ત ઉત્પન્ન થયેલ વીજળી રાજ્ય બહાર વેચવામાં આવી હોય તો ક્યા ભાવે કેટલી વીજળી ક્યા રાજ્યને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વેચવામાં આવી?

**જવાબ**

(૧) તા. ૩૦–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સરકાર હસ્તકના વીજ મથકોની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૮૯૨૧ મે.વો. છે.

(૨) ઉક્ત સ્થિતિએ જી.યુ.વી.એન.એલ દ્વારા લાંબાગાળાના કરાર હેઠળ રાજ્ય હસ્તકના સરકારી વીજ મથકોમાંથી છેલ્લા બે વર્ષ દરમ્યાન ખરીદવામાં આવેલ ઉત્પાદિત વીજળીની માહિતી નીચે મુજબ છે.

**(મીલીયન યુનિટ)**

| સેકટર | વર્ષ ૨૦૧૭–૧૮ | વર્ષ ૨૦૧૮–૧૯ | વર્ષ ૨૦૧૯–૨૦ (૩૧.૧૦.૨૦૧૯ સુધી) (પ્રોવિઝનલ) |
|---|---|---|---|
| રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકો | ૨૬૫૦૨ | ૨૭૭૮૨ | ૧૩૨૪૮ |

(૩) આ સંદર્ભે જણાવવાનું કે કોઇ ચોક્કસ સ્ત્રોત માંથી ઉત્પન્ન થયેલ વીજળીનું વેચાણ કરવામાં આવતું નથી. પરંતુ, જ્યારે–જ્યારે રાજ્યની વીજ માંગ ઓછી હોય તેવા સમયે વીજ ઉત્પાદનની શ્રેષ્ઠત્તમ ઉપયોગિતા માટે, પ્લાન્ટ બિન–ઉપયોગી ન રહે તે હેતુસર, સાથોસાથ જંગી મૂડી રોકાણોથી સ્થપાયેલ ‘રાષ્ટ્રીય સંપત્તિ’ કહી શકાય તેવા વીજ મથકોનો મહત્તમ ઉપયોગ કરવાના હેતુથી જેથી મહત્તમ વીજ ઉત્પાદન મળતું રહે તેમજ કૂલ વીજ ખરીદીની પડતર કિંમત ઘટાડવા સારૂ, રાજ્યમાંની કૃષિ સહિતની તમામ પ્રકારની વીજ માંગને પુરી કર્યા બાદ, વધારાની વીજળી દેશમાં તીવ્ર ખેંચ અનુભવતા અન્ય જરૂરિયાતવાળા રાજ્યોને આપવામાં આવે છે.

તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લો બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા અન્ય રાજ્યોને વેચવામાં આવેલ વીજળી તથા તેના ભાવની વિગત નીચે મુજબ છે.

| રાજ્યનું નામ | ૨૦૧૭-૧૮ | | ૨૦૧૮-૧૯ | | ૨૦૧૯-૨૦ (૩૧.૧૦.૨૦૧૯ સુધી) (પ્રોવીઝનલ) | |
|---|---|---|---|---|---|---|
| | મી.યુ | રૂા/ યુનીટ | મી.યુ | રૂા/ યુનીટ | મી.યુ | રૂા/ યુનીટ |
| ઉત્તરપ્રદેશ | - | - | - | - | ૯.૫૪ | ૪.૦૭ |
| આન્ધ્ર પ્રદેશ | - | - | - | - | ૫.૪૦ | ૪.૪૪ |
| પશ્ચિમ બંગાળ | ૧૧.૮૨ | ૪.૫૧ | - | - | ૮.૫૫ | ૩.૭૯ |
| તમિલનાડુ | ૬.૮૦ | ૫.૧૫ | - | - | ૧.૬૦ | ૫.૧૪ |
| મહારાષ્ટ્ર | - | - | - | - | ૦.૫૦ | ૩.૯૯ |
| મધ્ય પ્રદેશ | ૪.૯૫ | ૪.૩૮ | - | - | - | - |
| હિમાચલ પ્રદેશ | ૧.૩૯ | ૨.૮૭ | - | - | - | - |
| કેરાલા | ૧૪.૫૩ | ૪.૪૬ | - | - | - | - |
| છત્તિસગઢ | ૭.૨૫ | ૪.૬૦ | - | - | ૦.૫૦ | ૪.૩૯ |
| બિહાર | ૧.૪૦ | ૪.૭૯ | - | - | ૭.૧૩ | ૪.૭૨ |
| ઝારખંડ | - | - | - | - | ૩.૩૦ | ૩.૯૦ |
| ઓરિસ્સા | - | - | - | - | ૬.૦૫ | ૪.૫૧ |
| મણીપુર | - | - | - | - | ૦.૦૪ | ૫.૬૧ |
| *પાવર એક્ષ્ચેન્જ ઇન્ડિયા લી. | ૫ | ૩.૫૨ | - | - | - | - |
| *ઇન્ડિયન એનર્જી એક્ષ્ચેન્જ | ૫૮૨ | ૨.૮૯ | - | - | ૧૩૮.૨૧ | ૪.૧૧ |

*અત્રે ઉલ્લેખનીય છે કે પાવર એક્ષ્ચેન્જ થકી વેચવામાં આવતી વીજળીના અનેક ખરીદનાર હોય છે જેવા કે અન્ય રાજ્ય હસ્તક કંપનીઓ તથા ખાનગી કંપનીઓ અને આ વીજળી કોના દ્વારા ખરીદવામાં આવી તે વિદીત થતું નથી.

---------

# ૩૧૫

**થરાદ તાલુકામાં તૂટી ગયેલ રસ્તાઓ રીપેર કરવા બાબત**

* ૨૦૪૭૨ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સને-૨૦૧૭ અને ૨૦૧૮માં ભારે વરસાદને કારણે થરાદ તાલુકામાં તૂટી ગયેલ રસ્તાઓ અને પુલ તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ રીપેર કરવાના કેટલા બાકી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ રીપેરીંગની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) સને-૨૦૧૭ અને ૨૦૧૮માં ભારે વરસાદને કારણે થરાદ તાલુકામાં નુકશાન પામેલ રસ્તાઓ અને પુલોને જરૂરી મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય રાખવામાં આવેલ છે. જરૂરીયાત મુજબના ૬ રસ્તાઓ / પુલોના કામો મંજુર થયેલ છે. તે પૈકી ૩ કામો પ્રગતિમાં તથા ૩ કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે.

(૨) બનતી ત્વરાએ

---------

# ૩૧૬

**અમદાવાદ જિલ્લાની શાળાઓમાં ગંભીર રોગથી પીડાતા બાળકોની સંખ્યા**

* ૨૦૮૭૮ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લાની શાળાના બાળકોની ચકાસણી દરમ્યાન કેટલા બાળકો કેન્સર, હૃદય રોગ અને કીડનીની બીમારીથી પીડાતા નોંધાયા.

**જવાબ**

(૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લાની શાળાના બાળકોની ચકાસણી દરમ્યાન, ૪૩-કેન્સર, ૧૭૫-હૃદય રોગ અને ૫૩-કિડનીની બિમારીથી પીડાતા બાળકો નોંધાયા.

(૨) ઉક્ત સ્થિતિએ આ બીમારીથી પીડાતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા શી વ્યવસ્થા કરવામાં આવી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ બીમારીથી પીડાતા બાળકોની સારવાર માટે સરકાર દ્વારા નીચે મુજબની વ્યવસ્થા કરવામાં આવેલ છે,

૧. હૃદયની બિમારીવાળા બાળકોને યુ.એન.મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડીયોલોજી અને રીસર્ચ સેન્ટર અમદાવાદ ખાતે,
૨. કીડનીની બિમારીવાળા બાળકોને કિડની ઈન્સ્ટીટ્યુટ ઓફ રીસર્ચ સેન્ટર, અમદાવાદ ખાતે અને.
૩. કેન્સરની બિમારીવાળા બાળકોને એમ.પી.શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ ખાતે વિના મુલ્યે સારવાર આપવામાં આવે છે.

(૩) આ બાળકોની સારવાર પાછળ સરકારે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરેલ છે?

(૩) આ બાળકોની સારવાર પાછળ સરકારે ઉક્ત સ્થિતિએ કૂલ–રૂ.૭,૦૩,૦૪,૨૩૫/– નો ખર્ચ કરેલ છે.

---------

# ૩૧૭

## બોડેલી ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામને મંજૂરી

* ૨૦૮૪૧ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોડેલી, જિ.છોટાઉદેપુર ખાતે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામ માટે વહીવટી મંજૂરી આપી છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, અને ક્યારે ? | (૨) રૂ.૮,૯૦,૭૯,૬૬૨/– ની વહીવટી મંજૂરી તા.૨૮–૧૨–૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે. |

---------

# ૩૧૮

## અમદાવાદ જિલ્લાના બાવલા–રૂપાલ–બેગવા રોડને પહોળો કરવા બાબત

* ૨૦૪૨૮ **શ્રી જગદીશ પટેલ** (અમરાઈવાડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના બાવલા – રૂપાલ – બેગવા રોડને પહોળો કરવાનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે? | (૨) રૂા. ૨૬૮૧.૦૦ લાખ |

---------

# ૩૧૯

## વ્યારા તાલુકામાં ઝાંખરી નદી પર પુલ બનાવવા બાબત

* ૨૦૨૦૫ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ વ્યારા તાલુકામાં ઝાંખરી નદી પર છીંડીયા–મેઘપુર રસ્તા પર પુલ બનાવવાની કામગીરી ક્યા તબક્કે છે, અને | (૧) પ્રગતિ હેઠળ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે? | (૨) સપ્ટેમ્બર–૨૦૨૦માં પુર્ણ કરવાનું આયોજન છે. |

---------

# ૩૨૦

## અરવલ્લી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૦૯૦૯ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૯૧૫ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૨૮૬૮.૫૩ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૩૨૧

## અમરેલી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૂવાઓનું વિજળીકરણ

* ૨૦૮૯૯ **શ્રી કે.એચ. બલર** (સુરત–ઉત્તર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જીલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૪૧૧૯ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) રૂ. ૩૬૭૮૪.૨૫ લાખનો ખર્ચ થયેલ છે. |

---------

# ૩૨૨

## ગુજરાત હાઈકોર્ટ ખાતે નવું બિલ્ડીંગ બનાવવા બાબત

* ૨૦૮૪૨ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડીયા) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૮ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા સરકારી વકીલની કચેરીનું ગુજરાત હાઈકોર્ટ ખાતે નવું બિલ્ડીંગ બનાવવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ મકાન બાંધકામ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે? | (૨) રૂ.૩૩,૮૬,૬૩,૦૦૦/– ની વહીવટી મંજુરી તા.૨૨–૦૫–૨૦૧૮ના રોજ આપવામાં આવેલ છે. |

---------

# ૩૨૩

## સુરત જિલ્લામાં નવા પંચાયત ઘરને મંજૂરી

* ૨૦૯૨૦ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતના ઘર નવા બનાવવા માટે મંજૂરી આપવામાં આવી, અને | (૧) ૧૦ (દસ) |
| (૨) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજુર કરવામાં આવ્યું? | (૨) રૂ. ૧૫૬/– લાખ. |

---------

# ૩૨૪

## નડિયાદ–કપડવંજ ઓવરબ્રીજ બનાવવાની કામગીરી

* ૨૦૫૮૮ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિ એ નડિયાદ–કપડવંજ–મોડાસા સ્ટેટ હાઈવે કપડવંજ શહેરમાંથી પસાર થતો હોવાથી કપડવંજના ત્રિવેણી પાર્ક ચોકડીથી ડાકોર ચોકડી સુધી ટ્રાફીક જામની સમસ્યા સર્જાય છે તેના નિવારણ માટે કપડવંજમાં ફ્લાય ઓવરબ્રીજ બનાવવાની રજૂઆતો રાજ્ય સરકારને મળેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ કપડવંજમાં ફ્લાય ઓવરબ્રીજ બનાવવા રાજ્ય સરકાર દ્વારા શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે? | (૨) કામની અગત્યતા અને નાણાંકીય ઉપલબ્ધતા અનુસાર, આયોજન વિચારણા હેઠળ છે. |

---------

# ૩૨૫

## સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેના જંગલમાં પ્રાણીઓની સંખ્યા

* ૨૦૯૯૫ **શ્રી જે.વી.કાકડીયા** (ધારી) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્ટેચ્યુ ઓફ યુનિટ પાસે આકાર પામી રહેવા જંગલ સફારીમાં ક્યા અને કેટલા પ્રાણીઓ વિદેશથી અને ક્યા અને કેટલા પ્રાણીઓ અન્ય રાજ્યોમાંથી લાવવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૧૫–૧૧–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે આકાર પામી રહેલ જંગલ સફારીમાં વિદેશથી અને અન્ય રાજ્યોમાંથી લાવવામાં આવેલ પ્રાણીઓની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | વિદેશમાંથી લાવેલ પ્રાણીનું નામ | વિદેશમાંથી લાવેલ પ્રાણીઓની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૮–૧૯ | ૦ | ૦ |
| ૨૦૧૯–૨૦ | Alpaca (અલ્પાકા) | ૫ |
| | Lama (લામા) | ૪ |
| | Wallaby (વોલ્બી) | ૪ |
| | **અન્ય રાજયમાંથી લાવેલ પ્રાણીનું નામ** | **અન્ય રાજયમાંથી લાવેલ પ્રાણીઓની સંખ્યા** |
| ૨૦૧૮–૧૯ | ૦ | ૦ |
| ૨૦૧૯–૨૦ | Scarlet Macaws (લાલચટક મકાઉ) | ૨ |
| | Orange Winged Amazon (ઑરેન્જ વિંગ્ડ એમેઝોન) | ૫ |
| | Blue Gold Macaw (બ્લયુ ગોલ્ડ મકાઉ) | ૨ |
| | Green Wing Macaw (ગ્રીન વિંગ્ડ મકાઉ) | ૨ |
| | Golden Pheasant (ગોલ્ડન ફિસેન્ટ) | ૫ |
| | Silver Pheasant (સિલ્વર ફિસેન્ટ) | ૫ |
| | Lady Amherst Pheasant (લેડી હેમહર્સ્ટ ફિસેન્ટ) | ૫ |
| | Blue Pheasant (બ્લુ ફિસેન્ટ) | ૧૦ |
| | Conures (કોર્નસ) | ૫૦ |
| | Ostrich (શાહમૃગ) | ૩ |

| | | |
|---|---|---|
| | Squirrel Monkey (ખિસકોલી મંકી) | ૨ |
| | Marmoset (માર્મોસેટ) | ૨ |
| | Green Iguana(લીલા ઈગુઆના) | ૨ |
| | Ringtail/lemur(રીંગટેલ/લેમર) | ૨ |
| | Red Iguana (રેડ ઈગુઆના) | ૨ |
| | Capuchin monkey (કપૂચિન વાંદરો) | ૨ |

(૨) વિદેશમાંથી લાવવામાં આવેલ પ્રાણીઓ અને અન્ય રાજ્યોમાંથી પ્રાણીઓ લાવવા પાછળ કેટલો ખર્ચ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત કરવામાં આવેલ ખર્ચ બજેટના ક્યા હેડ હેઠળ ઉધવારવામાં આવ્યો ?

(૨) છેલ્લા બે વર્ષમાં વિદેશમાંથી તથા અન્ય રાજ્યમાંથી લાવવામાં આવેલ પ્રાણીઓ પાછળ રૂ.૨,૬૪,૨૫,૦૦૦/- ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) ઉપર મુજબ દર્શાવવામાં આવેલ ખર્ચ નીચે મુજબના બજેટ હેડ હેઠળ ઉધારવામાં આવેલ છે.

| **મુખ્ય સદર** | **૨૪૦૬-વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન** |
|---|---|
| પેટા મુખ્ય સદર | ૦૨-પર્યાવરણલક્ષી વન નિર્માણ અને વન્યપ્રાણી જીવન |
| ગૌણ સદર | ૧૧૦-વન્યપ્રાણી સંરક્ષણ |
| પેટા સદર | (૦૨) વન્યપ્રાણી વ્યવસ્થા અને વિકાસ |

---------

# ૩૨૬

## સોલાર પાવર પોલીસી અન્વયે વીજ ખરીદી

* ૨૦૦૬૮ **શ્રી રઘુભાઈ દેસાઈ** (રાધનપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

બીન પરંપરાગત ઉર્જા અંગેની ૨૦૦૯ની સોલાર પાવર પોલીસી અન્વયે તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખાનગી ઉત્પાદક પાસેથી કેટલા યુનીટ વીજળી ક્યા ભાવે ખરીદવામાં આવી?

**જવાબ**

બીન પરંપરાગત ઉર્જા અંગેની ૨૦૦૯ની સોલાર પાવર પોલીસી અન્વયે તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખાનગી ઉત્પાદક પાસેથી ખરીદવામાં આવેલ વીજળી અને તેના કરારિત ભાવની વિગતો પત્રક-અ મુજબ છે.

**પત્રક-અ**

| **અનુ. ક્રમ** | **ખાનગી ઉત્પાદકોના નામ** | **કરારિત ભાવ (રૂ./યુનિટ)** | **યુનીટ્સ (મિલિયનમાં)** | | |
|---|---|---|---|---|---|
| | | | **વર્ષ ૨૦૧૭-૧૮** | **વર્ષ ૨૦૧૮-૧૯** | **૧.૪.૧૯ થી ૩૧.૧૦.૧૯ (પ્રોવી.)** |
| ૧ | લેન્કો ઈન્ફ્રાટેક લી. (ભદ્રાડા) | ૧૫ | ૪ | ૪ | ૨ |
| ૨ | અઝુર પાવર (હરિયાણા) લી. | ૧૫ | ૧૬ | ૧૬ | ૯ |
| ૩ | પ્રેસિયસ એનર્જી સર્વીસ લી. | ૧૫ | ૨૦ | ૨૧ | ૧૨ |
| ૪ | સોલીટિર એનેર્જી પ્રા. લી. | ૧૫ | ૨૧ | ૨૧ | ૧૨ |
| ૫ | લેન્કો સોલાર (ગુજરાત) પ્રા. લી. (ચન્દિયાણા) | ૧૫ | ૧૪ | ૧૨ | ૬ |
| ૬ | ગ્રીન ઈન્ફ્રા સોલાર એનર્જી પ્રા. લી. | ૧૫ | ૧૬ | ૧૬ | ૯ |
| ૭ | અદાણી પાવર લી. | ૧૫ | ૭૨ | ૭૫ | ૩૮ |
| ૮ | વલ્લ્હાન ઉર્જા અંજાર લી. | ૧૫ | ૨૪ | ૨૪ | ૧૪ |
| ૯ | આઈરિન ત્રાઈએંગલ લી. | ૧૫ | ૮ | ૮ | ૪ |
| ૧૦ | વા સોલાર પ્રા. લી. | ૧૫ | ૧૬ | ૧૭ | ૯ |
| ૧૧ | વિઝુઅલ પરસેપ્ટ સોલાર પ્રા. લી. | ૧૫ | ૩૮ | ૩૯ | ૨૦ |
| ૧૨ | અરાવલી ઈંફ્રાપાવર લી. | ૧૫ | ૨ | - | - |
| ૧૩ | જી.એચ.આઈ એનર્જી પ્રા. લી. | ૧૫ | ૧૫ | ૧૫ | ૭ |

| અનુ. ક્રમ | ખાનગી ઉત્પાદકોના નામ | કરારિત ભાવ (રૂ./યુનિટ) | યુનીટ્સ (મિલિયનમાં) | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ ૨૦૧૭–૧૮ | વર્ષ ૨૦૧૮–૧૯ | ૧.૪.૧૯ થી ૩૧.૧૦.૧૯ (પ્રોવી.) |
| ૧૪ | ટાટા પાવર રીન્યુએબલ એનર્જી લી. | ૧૫ | ૪૨ | ૪૧ | ૨૩ |
| ૧૫ | લોરોક્ષ બયો એનર્જી લી. | ૧૫ | ૪૧ | ૪૨ | ૨૩ |
| ૧૬ | ઈન્ટીગ્રેટેડ કોલ માઈનીંગ | ૧૫ | ૧૨ | ૧૩ | ૭ |
| ૧૭ | રોહા ડાયકેમ પ્રા. લી. | ૧૫ | ૪૧ | ૪૧ | ૨૪ |
| ૧૮ | સુરાનાં ટેલીકોમ એન્ડ પાવર લી. | ૧૫ | ૭ | ૭ | ૪ |
| ૧૯ | સનક્લીન રીન્યુએબલ પાવર પ્રા. લી. | ૧૫ | ૯ | ૧૦ | ૫ |
| ૨૦ | પોરબંદર સોલાર પાવર લી. | ૧૫ | ૨૩ | ૨૩ | ૧૨ |
| ૨૧ | મોનો સ્ટીલ (ઈન્ડિયા) લી. | ૧૫ | ૧૭ | ૧૭ | ૯ |
| ૨૨ | ઈમામી પાવર પ્રાઈવેટ લી. | ૧૫ | ૧૬ | ૧૬ | ૯ |
| ૨૩ | જી.એમ.આર. ગુજરાત સોલાર પાવર પ્રા. લી. | ૧૫ | ૩૯ | ૩૯ | ૨૧ |
| ૨૪ | એલેક્ષ એસ્ટ્રલ પાવર પ્રા.લી. | ૧૫ | ૪૧ | ૪૧ | ૨૪ |
| ૨૫ | અઝૂર પાવર (ગુજરાત) પ્રા.લી. | ૧૫ | ૭ | ૭ | ૪ |
| ૨૬ | એન.કે.જી. ઇંફ્રાસ્ટ્રક્ચર લી. | ૧૫ | ૧૬ | ૧૬ | ૯ |
| ૨૭ | જયહિન્દ પાવર પ્રોજેક્ટસ લી. | ૧૫ | ૬ | ૬ | ૩ |
| ૨૮ | મીલેનિયમ સીનર્જી ગુજરાત પ્રા.લી. | ૧૫ | ૧૮ | ૧૮ | ૧૦ |
| ૨૯ | ઈ.એસ.પી. ઉર્જા પ્રા.લી. | ૧૫ | ૮ | ૮ | ૫ |
| ૩૦ | લેન્કો સોલાર (ગુજરાત) પ્રા.લી. | ૧૫ | ૨૨ | ૨૨ | ૧૦ |
| ૩૧ | એકમે સોલાર ટેક્નોલોજીસ (ગુજરાત) પ્રા.લી. | ૧૫ | ૨૪ | ૨૫ | ૧૪ |
| ૩૨ | સોલાર ફિલ્ડ એનર્જી પ્રા.લી. | ૧૫ | ૩૧ | ૩૨ | ૧૯ |
| ૩૩ | એસ.ઈ.આઈ. સોલાર પાવર ગુજરાત પ્રા.લી. | ૧૫ | ૪૦ | ૩૯ | ૨૨ |
| ૩૪ | કોનાર્ક ગુજરાત પીવી પ્રાઈવેટ લી. | ૧૫ | ૯ | ૮ | ૪ |
| ૩૫ | પી.એલ.જી. ફોટોવોલ્ટેક લી. | ૧૫ | ૩૨ | ૩૨ | ૧૮ |
| ૩૬ | ઝેડ. એફ. સ્ટીયરીંગ ગીયર (ઈન્ડીયા) લી. | ૧૧.૧૮ | ૮ | ૮ | ૫ |
| ૩૭ | એમ્કો લી. | ૯.૯૮ | ૬ | ૭ | ૩ |
| ૩૮ | વલ્લ્હાન સોલર એનર્જી જી.જે.લી. | ૧૫ | ૮ | ૮ | ૪ |
| ૩૯ | પેલેસ સોલર એનર્જી પ્રા.લી. | ૧૫ | ૨૪ | ૨૪ | ૧૩ |
| ૪૦ | ગેન્જીસ ગ્રીન એનર્જી પ્રા.લી. | ૧૧.૯૮ | ૩૮ | ૩૯ | ૨૧ |
| ૪૧ | સીન્ડીકેટમ સોલાર એનર્જી ગુજરાત પ્રા.લી. | ૧૧.૩૨ | ૨૨ | ૨૨ | ૧૨ |
| ૪૨ | સનબોર્ન એનર્જી ગુજરાત વન પ્રા.લી. | ૧૫ | ૨૪ | ૨૪ | ૧૨ |
| ૪૩ | શિવલાખા સોલાર એનર્જી પ્રા.લી. | ૯.૯૮ | ૨૫ | ૨૬ | ૧૪ |
| ૪૪ | સનકોન એનર્જી પ્રા.લી. | ૧૧.૬૬ | ૧૬ | ૧૬ | ૮ |
| ૪૫ | હીરાકો રિનેવેબલ એનર્જી પ્રા.લી. | ૯.૯૮ | ૩૦ | ૩૨ | ૧૬ |
| ૪૬ | સી.બી.સી. સોલર ટેકનોલોજીસ પ્રા.લી. | ૯.૯૮ | ૧૫ | ૧૫ | ૮ |
| ૪૭ | ગણેશવાની મર્કેન્ડીસ પ્રા.લી. | ૯.૯૮ | ૮ | ૭ | ૪ |
| ૪૮ | સેન્ડલેંડ રીયલ એસ્ટેટ પ્રા.લી. | ૧૩.૫૯ | ૩૯ | ૩૯ | ૨૨ |
| ૪૯ | યંત્ર ઈ–સોલાર (ઇંડીયા) પ્રા.લી. | ૯.૯૮ | ૬ | ૬ | ૪ |
| ૫૦ | ચેટેલ કંસ્ટ્રક્સન પ્રા.લી. | ૯.૯૮ | ૩૫ | ૩૫ | ૧૬ |
| ૫૧ | ડ્રેઝટ્ઝ માયસોલાર ૨૪ પ્રા.લી. | ૯.૯૮ | ૨૨ | ૨૨ | ૧૦ |
| ૫૨ | એસ.જે. ગ્રીન પાર્ક એનર્જી પ્રા.લી. | ૯.૯૮ | ૮ | ૮ | ૪ |
| ૫૩ | રીસ્પૉંસીવ સુટીપ પ્રા.લી. | ૯.૯૮ | ૩૩ | ૩૬ | ૧૭ |
| ૫૪ | આતાશ પાવર પ્રા.લી. | ૯.૯૮ | ૮ | ૮ | ૪ |
| ૫૫ | યુરો સોલર પ્રા.લી. | ૯.૯૮ | ૮ | ૮ | ૫ |
| ૫૬ | મી માયસોલર ૨૪ પ્રા.લી. | ૯.૯૮ | ૨૨ | ૨૩ | ૧૧ |
| ૫૭ | આપ્કા પાવર પ્રા.લી. | ૯.૯૮ | ૭ | ૭ | ૪ |

| અનુ. ક્રમ | ખાનગી ઉત્પાદકોના નામ | કરારિત ભાવ (રૂ./યુનિટ) | યુનીટ્સ (મિલિયનમાં) | | |
|---|---|---|---|---|---|
| | | | વર્ષ ૨૦૧૭–૧૮ | વર્ષ ૨૦૧૮–૧૯ | ૧.૪.૧૯ થી ૩૧.૧૦.૧૯ (પ્રોવી.) |
| ૫૮ | એસ્ટોનફીલ્ડ સોલર ગુજરાત પ્રા.લી. | ૯.૯૮ | ૩ | ૦.૫૦ | ૧ |
| ૫૯ | અવતાર સોલર પ્રા.લી. | ૯.૯૮ | ૮ | ૮ | ૫ |
| ૬૦ | ઉજ્જવલા પાવર પ્રા.લી. | ૯.૯૮ | ૩૪ | ૩૪ | ૧૭ |
| ૬૧ | ટેક્ષસ ઇંફ્રાસ્ટ્રક્ચર એન્ડ પ્રોજેક્ટ પ્રા.લી. | ૯.૧૩ | ૨ | ૨ | ૧ |

---------

# ૩૨૭

**મહેસાણા જિલ્લામાં રસ્તાઓ, ઓવરબ્રીજ બનાવવા જોબ નંબર આપવા બાબત**

* ૨૦૫૦૭ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રસ્તાઓ, ઓવરબ્રીજ, અંડરબ્રીજ બનાવવા માટે કેટલા નવા જોબ નંબર ફાળવવામાં આવ્યા,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યા રસ્તાઓ અને પુલના કામ બાકી છે, અને

(૩) આ બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) ઉક્ત સ્થિતિએ નીચે મુજબના જોબ નંબર ફાળવવામાં આવ્યા.

| | |
|---|---|
| રસ્તાઓ | ૧૬૯ |
| ઓવરબ્રીજ | ૦ |
| અંજરબ્રીજ | ૦ |

(૨) *પરિશિષ્ટ મુજબ

(૩) બનતી ત્વરાએ.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

# ૩૨૮

**વલસાડ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ**

* ૨૦૯૦૫ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જીલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૩૧૩૦ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

(૨) રૂ. ૪૨૭૫.૯૧ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૩૨૯

**જૂનાગઢ જિલ્લાની કોલેજોમાં જુનિયર ક્લાર્કની ભરતીમાં ગેરરીતી બાબત**

* ૨૦૨૨૮ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૦–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લાની ગ્રાન્ટેડ આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં જુનિયર કલાર્કની ભરતીમાં ગેરરીતી થઈ હોવા અંગેની કેટલી ફરિયાદો રાજ્ય સરકારને મળી, અને

(૨) મળેલ ફરિયાદો અન્વયે જવાબદારો સામે શા પગલાં લીધા?

**જવાબ**

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૩૩૦

## સીડીવી વાયરસને કારણે સિંહોના મૃત્યુ

* ૨૦૫૪૫ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ–૨૦૧૮માં સીડીવી વાયરસના કારણે કેટલા સિંહોના મૃત્યુ થયેલ,

(૨) સીડીવી વાયરસના કારણે સિંહોના મૃત્યુ અટકાવવા સરકારે તા.૧૦–૧૧–૨૦૧૯ની સ્થિતિએ ક્યાં પગલાં લીધાં, અને

**જવાબ**

(૧) વર્ષ–૨૦૧૮માં સી.ડી.વી. વાયરસ તથા બબેસીયા, સ્ટ્રેપ્ટોકોકસ બેક્ટેરીયા, ગ્રામ નેગેટીવ બેસીલાઇ જેવા રોગોના કારણે ૩૪ સિંહોના મૃત્યુ થયેલ હતા.

(૨) સિંહોના મૃત્યુ અટકાવવા મુખ્યત્વે નીચેની વિગતે પગલાંઓ લેવામાં આવેલ છે.

૧. ગીર પૂર્વ વન વિભાગ, ધારી હેઠળના સરસીયા વીડી વિસ્તારમાંથી સિંહોને રેસક્યુ કરી જસાધાર રેસક્યુ સેન્ટર ખાતે રાખી સારવાર આપવામાં આવી હતી.

૨. આ ઉપરાંત આજુબાજુના વિસ્તારમાંથી સિંહોને રેસક્યુ કરી જામવાળા રેસક્યુ સેન્ટર અને બાબરકોટ ખાતે રાખવામાં આવેલ હતા. આ સિંહોને આઇસોલેશનમાં રાખી સમયાંતરે સઘન હેલ્થ ચેકઅપ કરવામાં આવેલ હતું. જામવાળા સેન્ટર ખાતે તેમની વર્તણુકને સીસીટીવી કેમેરાથી મોનીટરીંગ કરવામાં આવી હતી.

૩. સિંહોના લોહીના નમુના તેમજ સ્વેબ અને ટીસ્યુના નમુના લઇ નેશનલ ઇન્સ્ટીટ્યુટ ઓફ વાયરોલોજી (પુના), ઇન્ડીયન વેટરનરી રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ (બરેલી, ઉત્તર પ્રદેશ), ગુજરાત બાયોટેક્નોલોજી રીસર્ચ સેન્ટર, ગાંધીનગર, જુનાગઢ વેટરનરી કોલેજને મોકલી તપાસ કરવામાં આવેલ.

૪. ગુજરાત વન વિભાગ દ્વારા જરૂરી રસી વિદેશથી મેળવવામાં આવી હતી.

૫. વન વિભાગ દ્વારા તા. ૨૪ સપ્ટેમ્બરથી ૩૦ સપ્ટેમ્બર – ૨૦૧૮ દરમિયાન ગીર અને તેના આસપાસના સિંહની અવર જવર વાળા વિસ્તારોનું ૧૪૦ ટીમો (૫૫૦ કર્મચારીઓ) બનાવી અંદાજે ૩૨૦૦ ચોરસ કીલોમીટર વિસ્તારનું સ્ક્રિનીંગ કરવામાં આવ્યું હતું. આ સ્ક્રિનીંગ દરમિયાન સરસીયા વીડી સિવાયના અન્ય કોઇપણ વિસ્તારમાં સરખા પ્રકારના રોગોના લક્ષણો જોવા મળેલ ન હતા.

૬. ગુજરાતના નિષ્ણાંત અને અનુભવી વેટરનરી ડૉક્ટરોને બોલાવી તેમનું માર્ગદર્શન લેવામાં આવ્યું હતું.

૭. નેશનલ ઝુલોજીકલ પાર્ક (દિલ્હી), ઇન્ડીયન વેટરનરી રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ (આર.વી.આર.આઇ., બરેલી, ઉત્તર પ્રદેશ) અને ઇટાવા લાયન સફારી (ઉત્તર પ્રદેશ) ના ૧૦ નિષ્ણાંતોની ટીમે ગીરની મુલાકાત લઇ સલાહ સુચનો કર્યા હતા.

૮. આંતરરાષ્ટ્રીય નિષ્ણાંતો, વેટરનરી ડૉક્ટરો તેમજ વન વિભાગના અનુભવી તજજ્ઞોના અભિપ્રાય મુજબ સાવચેતીના પગલાં રૂપે વેક્સીનેશન પ્રોટોકોલ મુજબ સિંહોના રસીકરણની કામગીરી હાથ ધરવામાં આવી હતી. હાલમાં આ બધા સિંહો તંદુરસ્ત હાલતમાં છે.

૯. પશુપાલન વિભાગના પરામર્શમાં રહી ગીર વિસ્તારના આજુબાજુના ગામડાઓના પાલતુ પશુઓનું રસીકરણ અને કુતરાઓને ખસીકરણ તેમજ રસીકરણ કરવામાં આવ્યું હતું.

(૩) સિંહોના અકુદરતી કે સીડીવી વાયરસના કારણે મૃત્યુ અટકે તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) સિંહોના અકુદરતી મૃત્યુ અટકે તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૮–૧૯ | ૭૧૮.૦૭ |
| ૨૦૧૯–૨૦ (ઓક્ટોબર–૨૦૧૯ અંતિત) | ૩૫૦.૧૩ |

---------

# ૩૩૧

## ચેરીટીતંત્રની કચેરીઓમાં ઓનલાઈન એપ્લીકેશન શરૂ કરવા બાબત

* ૨૦૮૪૫ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ચેરીટીતંત્રની કચેરીઓમાં ઓનલાઈન એપ્લીકેશન શરૂ કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઓનલાઈન સેવા કયારથી શરૂ કરવામાં આવેલ છે, અને

(૩) કઈ કઈ સેવાઓ ઓનલાઈન શરૂ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૨૨–૦૬–૨૦૧૮ થી

(૩) (૧) ટ્રસ્ટ/સોસાયટી નોંધણીની અરજી
(૨) ફેરફાર રીપોર્ટ
(૩) ટ્રસ્ટના વાર્ષિક હિસાબો રજુ કરવા
(૪) સ્થાવર મિલકતની વિગતો રજુ કરવી
(૫) ટ્રસ્ટના નાણાંના રોકાણની પરવાનગી માટેની અરજી
(૬) ટ્રસ્ટની મિલકતની વેચાણ/મોર્ગેજ/ તબદીલી/ભેટ અને લીઝ અંગેની પરવાનગી અરજી
(૭) ટ્રસ્ટની સ્કીમ ઘડવા અથવા સ્કીમમાં સુધારા માટેની અરજી
(૮) ટ્રસ્ટના દસ્તાવેજોની ખરી નકલ મેળવવા માટેની અરજી
(૯) વહીવટી ફાળો ઓનલાઈન જમા કરાવવા
(૧૦) અન્ય નોંધણી કચેરીમાં ટ્રસ્ટની ફેરબદલી કરવા માટેની અરજી
(૧૧) વારસા સર્ટિફીકેટ માટેની અરજી

---------

# ૩૩૨

## બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ ઘરવપરાશના વીજ જોડાણો

* ૨૦૯૧૨ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા ઘરવપરાશના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યાં, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૧૪૯૨ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેલ છે.

(૨) રૂ. ૯૫.૭૧ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૩૩૩

## બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૦૪૮૭ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રોવાર મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને

(૩) ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) *પત્રક–૧, ૨, ૩ સામેલ છે.

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વય નિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તૃર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજુર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

# ૩૩૪

## નર્મદા જિલ્લામાં કૂવાઓનું વિજળીકરણ

* ૨૦૯૦૮ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૨૯૧૦ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

(૨) રૂ. ૫૭૩૩.૫૨ લાખનો ખર્ચ થયેલ છે.

---------

# ૩૩૫

## અમદાવાદ જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ

* ૨૦૬૬૨ **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૨) આ દબાણો કયા પ્રકારના છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ગામોમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | દસ્ક્રોઈ | ૩ |
| ૨ | સાણંદ | ૧૨ |
| ૩ | બાવળા | ૧૩ |
| ૪ | ધોળકા | ૧ |
| ૫ | ધંધુકા | ૧ |
| ૬ | વિરમગામ | ૪ |
| ૭ | માંડલ | ૧ |
| ૮ | દેત્રોજ | ૧ |
| **કુલ** | | **૩૬** |

(૨) આ દબાણો ખેતી તથા રહેણાંકના મકાનો પ્રકારના છે.

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫(૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો કયાં સુધીમાં દૂર કરવામાં આવશે?

(૩) અને (૪) ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ ૧૦૫ અન્વયે ધોરણસરની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૩૩૬

## ગાંધીનગર સેકટર–૭માં જમીનના બિનકાયદેસર દબાણ

* ૨૦૯૮૨ **શ્રી સોમાભાઈ કોળીપટેલ** (લીંબડી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (પાટનગર યોજના) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ગાંધીનગર, સેકટર–૭ માં પાટનગર યોજના હસ્તકની ખુલ્લી જમીન તથા સરકારી વસાહતોમાં ઝૂંપડાં ઉભા કરી જમીન ઉપર દબાણ કરેલ છે તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ બિનકાયદેસર દબાણ કુલ કેટલી જમીન પર થયેલ છે, | (૨) ઉક્ત સ્થિતિએ સેકટર–૭માં અલગ–અલગ જગ્યાઓએ અસ્થાયી કાચા ઝૂંપડાઓનું દબાણ થયેલ છે. |
| (૩) ઉક્ત દબાણો તાત્કાલિક દૂર કરવા સરકારે છેલ્લાં એક વર્ષમાં શી કાર્યવાહી કરી, અને | (૩) વખતો–વખત દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| (૪) ભવિષ્યમાં આવા બિનકાયદેસર દબાણો ઉભા ના થાય તે માટે સરકારે કાયમી શા પગલાં લીધેલા છે? | (૪) બિનકાયદેસર દબાણો ઉભા ના થાય તે માટે સમયાંતરે દબાણ ઝૂંબેશ હાથ ધરવામાં આવે છે. |

---------

# ૩૩૭

***૨૦૨૪૧ માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પરત ખેંચેલ છે.**

---------

# ૩૩૮

## મહેસાણા જિલ્લામાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ કાર્ડ આપવા બાબત

* ૨૦૮૭૫ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ‘‘મા’’ અને ‘‘મા વાત્સલ્ય’’ યોજના હેઠળ કેટલા લાભાર્થી દાવાઓ મંજૂર કરવામાં આવ્યા છે, | (૧) કુલ–૬૫,૨૬૬ |
| (૨) ઉક્ત મંજુર કરવામાં આવેલ દાવા માટે કુલ કેટલી રકમ મંજુર કરવામાં આવી છે, અને | (૨) કુલ રૂ.૯૮,૪૭,૫૧,૫૦૨/– |
| (૩) ઉક્ત મંજુર દાવા પૈકી હૃદય, કેન્સર અને કીડનીના રોગોમાં કેટલા દાવા મંજૂર કરવામાં આવ્યા છે? | (૩) |

| | |
|---|---|
| હૃદય | ૭,૬૩૪ |
| કેન્સર | ૯,૬૧૯ |
| કિડની | ૪૪,૭૨૫ |
| **કુલ** | **૬૧,૯૭૮** |

---------

# ૩૩૯

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લા સરકારી પ્રાથમિક શાળાઓ બંધ તેમજ મર્જ કરવા બાબત

* ૨૦૬૯૨ **શ્રી ચિરાગભાઈ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી મર્જ કરવામાં આવી, અને

(૨) ઉક્ત શાળાઓ બંધ કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | તાલુકો | તા.૦૧/૧૧/૧૭ થી તા.૩૧/૧૦/૧૮ | | તા.૦૧/૧૧/૧૮ થી તા.૩૧/૧૦/૧૯ | |
|---|---|---|---|---|---|
| | | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| જામનગર | લાલપુર | ૧ | ૦ | ૦ | ૦ |
| | જામનગર | ૧ | ૦ | ૦ | ૦ |
| | કાલાવડ | ૦ | ૦ | ૧ | ૦ |
| | જામ જોધપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| | ધ્રોળ | ૦ | ૦ | ૦ | ૦ |
| | જોડિયા | ૦ | ૦ | ૦ | ૦ |
| દેવભૂમિ દ્વારકા | ખંભાળીયા | ૦ | ૦ | ૦ | ૦ |
| | ભાણવડ | ૦ | ૦ | ૨ | ૦ |
| | દ્વારકા | ૦ | ૦ | ૧ | ૦ |
| | કલ્યાણપુર | ૨ | ૦ | ૧ | ૦ |

(૨) વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે.

---------

# ૩૪૦

## ખેડા અને આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાઓ બંધ તથા મર્જ કરવા બાબત

* ૨૦૫૮૧ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી મર્જ કરવામાં આવી, અને

(૨) ઉક્ત શાળાઓ બંધ કરવાના કારણો શાં છે ?

**જવાબ**

(૧)

| જિલ્લો | તા.૦૧/૧૧/૧૭ થી તા.૩૧/૧૦/૧૮ | | તા.૦૧/૧૧/૧૮ થી તા.૩૧/૧૦/૧૯ | |
|---|---|---|---|---|
| | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| આણંદ | ૦૦ | ૦૨ | ૦૦ | ૧૨ |
| ખેડા | ૦૧ | ૦૦ | ૦૫ | ૦૫ |

(૨) વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે.

---------

# ૩૪૧

## બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૦૪૭૮ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સામુહિક આરોગ્ય કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રોવાર મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરેલી અને કેટલી ખાલી છે, અને

**જવાબ**

(૧) અને (૨)

*પત્રક–૧, ૨, ૩ સામેલ છે.

(૩) ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) નિમણૂંકોનો અસ્વીકાર, રાજીનામા તથા વયનિવૃત્તિના કારણે જગ્યાઓ ખાલી રહે છે. ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાયકાત ધરાવતા ડૉક્ટરો ઉપલબ્ધ થયેથી તુર્તજ ભરવામાં આવે છે. અન્ય જગ્યાઓ મંજુર થયેલ મહેકમ પ્રમાણે જરૂરિયાત અને ઉપલબ્ધિ ધ્યાને લઈ ભરવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

# ૩૪૨

## જંબુસર તાલુકાના બારા વિભાગમાં નહેરો જર્જરિત હોવાની ફરિયાદ

* ૨૦૨૪૫ **શ્રી સંજયભાઈ સોલંકી** (જંબુસર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના બારા વિભાગમાં આવેલ નહેરો જર્જરિત હોવાની અને આ નહેરો મારફત ટંકારીથી ઠાકોર તલાવડી સુધીના ગામોને પાણી મળતું ન હોવાની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના બારા વિભાગમાં આવેલ કુલ ૧૨૦.૮૬ કિ.મી. માઈનોર કેનાલ પૈકી ૯૧.૫૮ કિ.મી. માઈનોર કેનાલના કામો વર્ષ ૨૦૧૬ સુધીમાં તબક્કાવાર પૂર્ણ કરવામાં આવેલ છે. સદર માઈનોર કેનાલો જર્જરિત નથી. પૂર્ણ થયેલ માઈનોર નહેરો દ્વારા સિંચાઈ ઋતુ વર્ષ ૨૦૧૬–૨૦૧૭, ૨૦૧૭–૨૦૧૮ અને ૨૦૧૮–૨૦૧૯ દરમ્યાન ટંકારી થી ઠાકોર તલાવડી સુધીમાં આવેલ પિયત વિસ્તારના ગામોના ખેડૂતોને સિંચાઈ માટે પાણી છેવાડા સુધી પહોંચાડવામાં આવેલ છે. સહભાગી સિંચાઈ વ્યવસ્થા મુજબ વારાબંધીની અમલવારી ખેડૂતો દ્વારા નિયમિત રીતે ન થતાં છેવાડાના ખેડૂતોને પૂરતા પ્રમાણમાં પાણી ન મળતું હોવાની બાબત જણાયેલ છે.

(૨) જો હા, તો જર્જરિત નહેરોને બદલે નવીન અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન દ્વારા બારા વિભાગના ગામોને સિંચાઈનું પાણી પૂરું પાડવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) ઉક્ત (૧) અન્વયે આ નહેરો જર્જરિત ન હોવાથી તેના બદલે નવીન અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન કરવાનું કોઈ આયોજન નથી.

(૩) જો હા, તો ક્યાં સુધીમાં કેટલા ખર્ચે આ અંડરગ્રાઉન્ડ પાઈપલાઈનનું કામ પૂર્ણ કરવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

# ૩૪૩

## બનાસકાંઠા જિલ્લામાં જુનાડીસાથી ઢુવા વાયા પડવાડીયા રોડનું કામ

* ૨૦૮૮૯ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના જુનાડીસાથી ઢુવા વાયા પડવાડીયા રોડ મંજૂર કરવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) જો હા, તો આ કામ કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

(૨) ૩.૦૦ કી.મી. માટે રૂા.૧૫૦.૦૦ લાખ.

---------

# ૩૪૪

## અરવલ્લી જિલ્લામાં રાજલી–ઈસરોલ રસ્તા પર ઓવરબ્રીજ

* ૨૦૫૧૫ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં રાજલી–ઈસરોલ જતાં રસ્તા પર ઓવરબ્રીજ બનાવવા માટે કેટલી માંગણીઓ છેલ્લા બે વર્ષમાં સરકારને મળી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત રસ્તાને ક્યારે ચારમાર્ગીય કરવામાં આવશે ?

**જવાબ**

(૧) અને (૨)
૪ (ચાર) માંગણીઓ મળેલ છે, આ રસ્તો ગ્રામ્ય માર્ગ કક્ષાનો છે તથા ઓવરટોપીંગથી બંધ રહે ત્યારે અન્ય વૈકલ્પિક રસ્તો ઉપલબ્ધ હોઈ હાલ આયોજન નથી.

(૩) ગ્રામ્ય માર્ગ કક્ષાનો રસ્તો હોઈ વાહન વ્યવહારના ભારણ અનુરૂપ જરૂરીયાત રહેતી નથી.

---------

# ૩૪૫

## સુરેન્દ્રનગર જિલ્લા સરકારી પ્રાથમિક શાળાઓ બંધ તેમજ મર્જ કરવા બાબત

* ૨૦૬૭૪ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી અને કેટલી મર્જ કરવામાં આવી, અને

(૨) ઉક્ત શાળાઓ બંધ કરવાના કારણો શાં છે?

**જવાબ**

(૧)

| તાલુકો | તા.૦૧/૧૧/૧૭ થી તા.૩૧/૧૦/૧૮ | | તા.૦૧/૧૧/૧૮ થી તા.૩૧/૧૦/૧૯ | |
|---|---|---|---|---|
| | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા | મર્જ કરેલ સરકારી પ્રાથમિક શાળાની સંખ્યા |
| વઢવાણ | ૦ | ૦ | ૨ | ૦ |
| લીંબડી | ૦ | ૦ | ૦ | ૦ |
| ચુડા | ૦ | ૦ | ૦ | ૦ |
| સાયલા | ૦ | ૦ | ૦ | ૦ |
| ચોટીલા | ૦ | ૦ | ૦ | ૦ |
| થાનગઢ | ૦ | ૦ | ૦ | ૦ |
| મુળી | ૦ | ૦ | ૦ | ૦ |
| લખતર | ૦ | ૦ | ૦ | ૦ |
| ધ્રાંગધ્રા | ૦ | ૦ | ૧ | ૦ |
| પાટડી | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે.

---------

# ૩૪૬

## વડોદરા અને ભરૂચ જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ

* ૨૦૭૩૯ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ વડોદરા અને ભરૂચ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ

**વડોદરા**

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | ડેસર | ૧ |
| ૨ | વાઘોડીયા | ૧ |
| | **કુલ** | **૨** |

(૨) આ દબાણો કયા પ્રકારના છે,

(૩) પંચાયત દ્વારા દબાણ ન દૂર થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૧૦૫(૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**ભરૂચ**

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૨ |
| ૨ | હાંસોટ | ૨ |
| ૩ | વાગરા | ૧ |
| ૪ | વાલીયા | ૧ |
| ૫ | આમોદ | ૧ |
| **કુલ** | | **૭** |

(૨)
- વડોદરા જિલ્લાના દબાણો કાચા મકાનો, ખેતી વિષયક, ઉકરડા અને ધાર્મિક પ્રકારના છે.
- ભરૂચ જિલ્લાના દબાણો કાચા-પાકા મકાન, કાચા ઝુંપડા અને વાડા પ્રકારના છે.

(૩) અને (૪)
ન્યાયિક પ્રક્રિયા પડતર તેમજ જમીન માપણીની પ્રક્રિયા પડતર હોવાના કારણે, આ કાર્યવાહી પૂર્ણ થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૩૪૭

## દાહોદ જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના હેઠળ બોન્ડ

* ૨૦૪૦૯ **શ્રી રમેશભાઈ કટારા** (ફતેપુરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૮-૨૦૧૯ની સ્થિતિએ કન્યાઓ માટે વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે વર્ષ ૨૦૧૯-૨૦ માં ઉક્ત સ્થિતિએ દાહોદ જિલ્લામાં કેટલી કન્યાઓને આવરી લેવામાં આવી, | (૨) ૧૪૦૩૫ |
| (૩) તે માટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને | (૩) રૂ.૨,૮૦,૭૦,૦૦૦/- |
| (૪) કન્યાદીઠ કેટલી રકમના બોન્ડ આપવામાં આવ્યા? | (૪) રૂ.૨૦૦૦/- |

---------

# ૩૪૮

## રાજ્યમાં ગંભીર બીમારી ધરાવતા શાળાના બાળકોના સારવારના ખર્ચ બાબત

* ૨૦૮૭૩ **શ્રીમતી મનિષાબેન વકીલ** (વડોદરા શહેર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૦-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં શાળા આરોગ્ય તપાસણી દરમિયાન જે બાળકો ગંભીર બિમારી ધરાવતા હોય તેમને હોસ્પિટલમાં અપાતી તમામ પ્રકારની સારવારનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા જી. સારવારનો તમામ ખર્ચ શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ રાજ્ય સરકાર ભોગવે છે, જ્યારે સારવારમાં વધુ ખર્ચની જરૂર પડે તો એન.એચ.એમ. હેઠળની શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની જોગવાઇમાંથી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે, જેમાં ૬૦ ટકા હિસ્સો ભારત સરકાર અને ૪૦ ટકા હિસ્સો રાજ્ય સરકારનો રહે છે. |

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ તે અન્વયે સારવાર દરમિયાન દવાઓના ખર્ચની કોઈ મર્યાદાઓ છે, કે કેમ ?

(૨) ના, જી.

---------

# ૩૪૯

## તાપી જિલ્લામાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ

* ૨૦૭૫૧ **શ્રી સુનીલભાઈ ગામીત** (નિઝર) : **માનનીય પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગૌચર જમીનમાં ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યા છે,

(૨) આ દબાણો કયા પ્રકારના છે,

(૩) પંચાયત દ્વારા દબાણ દૂર ન થઈ શકતા ગુજરાત પંચાયત અધિનિયમ–૧૯૯૩ની કલમ–૧૦૫ (૭) અન્વયે તેને તાલુકા વિકાસ અધિકારી દ્વારા દૂર ન કરવાના કારણો શાં છે, અને

(૪) તમામ ગૌચર દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૦–૨૦૧૯ની સ્થિતિએ તાપી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ગામોમાં ગેરકાયદેસર દબાણો કરવામાં આવ્યા છે.

| ક્રમ | તાલુકાનું નામ | દબાણવાળા ગામની સંખ્યા |
|---|---|---|
| ૧ | વાલોડ | ૨ |
| ૨ | વ્યારા | ૪૧ |
| ૩ | સોનગઢ | ૩૬ |
| **કુલ** | | **૭૯** |

(૨) આ દબાણો ખેતીવિષયક, ધાર્મિક, શૈક્ષણિક અને રહેણાંક પ્રકારનાં છે.

(૩) અને (૪) ન્યાયિક પ્રક્રિયા પડતર હોવાને કારણે, આ કાર્યવાહી પૂર્ણ થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

---------

# ૩૫૦

## ભરૂચ જિલ્લામાં શાળાઓને સ્વચ્છ રાખવા માટે ગ્રાન્ટ

* ૨૦૮૫૩ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા માટે માસિક ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો, આ યોજના હેઠળ ભરૂચ જિલ્લા માટે સને ૨૦૧૯–૨૦ માં તા.૩૧–૦૮–૨૦૧૯ની સ્થિતિએ કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) હા.

(૨) રૂ.૯૯,૪૬,૮૦૦/–

---------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

# ચૌદમી ગુજરાત વિધાનસભા

પાંચમુ સત્ર, ૨૦૧૯

તારાંકિત પ્રશ્નોત્તરી

**મંગળવાર, તા.૧૦મી ડિસેમ્બર, ૨૦૧૯**

## શુધ્ધિપત્રક

| અ.નં. | તારાંકિત પ્રશ્ન ક્રમાંક | અગ્રતા ક્રમ | પા.નં. | વિગત | અશુધ્ધ | શુધ્ધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૮૫૨ | ૩ | ૨ | જવાબ ખંડ-૧ ની ત્રીજી કોલમની પ્રથમ લીટી | લાભાર્થીની સંખ્યા | લાભાર્થીઓની સંખ્યા |
| ૨ | ૧૯૮૬૧ | ૭ | ૪ | પ્રશ્ન ખંડ-૧ ની પ્રથમ લીટી | પંતમહાલ | પંચમહાલ |
| ૩ | ૨૦૫૭૩ | ૧૫ | ૭ | જવાબ ખંડ-૧ ની પ્રથમ લીટી | જીલ્લા સિવિલ હોસ્પિટલ | જીલ્લા હોસ્પિટલ |
| ૪ | ૧૯૭૪૮ | ૨૦ | ૯ | પ્રશ્ન ખંડ-૩ ની પ્રથમ લીટી | ઉક્ત કામ ક્યા સુધીમાં | ઉક્ત કામ ક્યાં સુધીમાં |
| ૫ | ૨૦૫૩૦ | ૨૨ | ૧૦ | જવાબ ખંડ-૪ ની પાંચમી લીટી | વર્ગ-૩ ની નસીંગ | વર્ગ-૩ ની નર્સીંગ |
| ૬ | ૨૦૪૧૩ | ૨૯ | ૧૨ | પ્રશ્ન ખંડ-૨ ની બીજી લીટી | કેટલા વિદ્યાથીઓને | કેટલા વિદ્યાર્થીઓને |
| | | | | જવાબ ખંડ-૩ ની પ્રથમ લીટી | સ્થિતિએ વિદ્યાથીદીઠ ફી | સ્થિતિએ વિદ્યાર્થીદીઠ ફી |
| ૭ | ૨૦૦૧૩ | ૩૦ | ૧૨ | સભ્યશ્રીનું નામ | શ્રી જીજ્ઞેશકુમાર સેવક | શ્રી જિગ્નેશકુમાર સેવક |
| ૮ | ૧૯૮૧૭ | ૪૬ | ૧૮ | સભ્યશ્રીનું નામ | શ્રી કેસરસિંહ સોલંકી | શ્રી કેસરીસિંહ સોલંકી |
| ૯ | ૨૦૬૨૭ | ૪૯ | ૧૯ | જવાબ ખંડ-૧ ની દસમી લીટી | સ્તરેથી અવાનવાર થતી | સ્તરેથી અવારનવાર થતી |
| | | | | જવાબ ખંડ-૨ ની પ્રથમ લીટી | આ અંગે અવાનવાર થતી | આ અંગે અવારનવાર થતી |
| ૧૦ | ૨૦૮૫૧ | ૫૪ | ૨૧ | પ્રશ્ન ખંડ-૧ ની બીજી લીટી | રાજ્યમાં ખાનગી શાળાઓ | રાજ્યમાં ખાનગી પ્રાથમિક શાળાઓ |
| | | | | ખંડ-૨ ની પ્રથમ લીટી | તે અંગે કેટલી | તે પૈકી કેટલી |
| ૧૧ | ૨૦૪૨૯ | ૬૧ | ૨૩ | પ્રશ્ન ખંડ-૧ ની બીજી લીટી | રામપુર-કાળામાતા નોન પ્લાન | રામપુર-કાળકામાતા નોન પ્લાન |
| ૧૨ | ૨૦૯૪૫ | ૮૨ | ૩૨ | પ્રશ્નના અનુસંધાનની બીજી લીટી | ૧૫૮૩૨ અગ્રતા-૫૨ | ૧૫૮૩૨ (અગ્રતા-૫૨) |
| ૧૩ | ૨૦૪૩૮ | ૮૩ | ૩૨ | પ્રશ્નનું શીર્ષક | "મા વાત્સલ્ય " કાર્ડ | "મા વાત્સલ્ય " યોજનાના કાર્ડ |
| ૧૪ | ૨૦૪૧૫ | ૮૪ | ૩૨ | સભ્યશ્રીનું નામ | શ્રી જીતેન્દ્ર સુખડિયા | શ્રી જીતેન્દ્ર સુખડિઆ |
| ૧૫ | ૨૦૩૯૫ | ૯૬ | ૩૬ | પ્રશ્નનું શીર્ષક | પાટણ જિલ્લામાં૦ "મા" | પાટણ જિલ્લામાં "મા" |
| ૧૬ | ૨૦૦૭૪ | ૧૦૨ | ૩૮ | પ્રશ્નનું શીર્ષક | તાલુકાના દેથલી મુકામે આવેલ આયુર્વેદ કોલેજ બાબત | તાલુકામાં આયુર્વેદિક કોલેજ બાબત |
| ૧૭ | ૨૦૨૧૦ | ૧૦૮ | ૪૦ | પ્રશ્ન ખંડ-૧ ની પ્રથમ લીટી | તા.૩૧/૧૦/૨૦૧૯ની ડાંગ | તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ ડાંગ |

(પાછળ...)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૮ | ૨૦૫૩૯ | ૧૨૬ | ૪૮ | પ્રશ્ન ખંડ-૧ ની છેલ્લી લીટી | તે હકીકત સાચી છે, | તે હકીકત સાચી છે, અને |
| | | | | પ્રશ્ન ખંડ-૨ ની પ્રથમ લીટી | તા.૩૧/૧૦/૨૦૧૯ ની | જો હા, તો તા.૩૧/૧૦/૨૦૧૯ ની |
| ૧૯ | ૧૯૮૨૧ | ૧૩૭ | ૫૩ | પ્રશ્ન ખંડ-૧ ની પ્રથમ લીટી | તા.૩૦/૧૦/૨૦૧૯ ની | તા.૩૧/૧૦/૨૦૧૯ ની |
| ૨૦ | ૨૦૪૩૦ | ૧૫૨ | ૫૭ | પ્રશ્નનું શીર્ષક | ખોલોરીથી વલસાડ ગામને | ખોલોરીથી વાસાવડ ગામને |
| | | | | પ્રશ્ન ખંડ-૧ ની બીજી લીટી | ખોલોરીથી વલસાડ ગામને | ખોલોરીથી વાસાવડ ગામને |
| ૨૧ | ૨૦૪૧૪ | ૧૫૭ | ૫૯ | પ્રશ્ન ખંડ-૧ ની બીજી લીટી | શાળાઓના વિદ્યાથીઓ માટે | શાળાઓના વિદ્યાર્થીઓ માટે |
| | | | | પ્રશ્ન ખંડ-૨ ની બીજી લીટી | કેટલા વિદ્યાથીઓને | કેટલા વિદ્યાર્થીઓને |
| | | | | પ્રશ્ન ખંડ-૩ ની પ્રથમ લીટી | વિદ્યાથીદીઠ કેટલી | વિદ્યાર્થીદીઠ કેટલી |
| | | | | જવાબ ખંડ-૩ ની પ્રથમ લીટી | સ્થિતિએ વિદ્યાથીદીઠ ફી | સ્થિતિએ વિદ્યાર્થીદીઠ ફી |
| ૨૨ | ૨૦૮૩૯ | ૧૭૦ | ૬૩ | સભ્યશ્રીનું નામ | શ્રી જીજ્ઞેશકુમાર સેવક | શ્રી જિગ્નેશકુમાર સેવક |
| ૨૩ | ૨૦૧૫૭ | ૧૭૫ | ૬૫ | જવાબ ખંડ-૧ માં | કૂલ:૦૮ | કુલ:૦૮ |
| ૨૪ | ૨૦૮૫૪ | ૧૮૩ | ૬૮ | જવાબ ખંડ-૩ ની પાંચમી લીટી | તા.૩૧/૦૮૨૦૧૯ | તા.૩૧/૦૮/૨૦૧૯ |
| ૨૫ | ૨૦૬૮૭ | ૧૮૮ | ૭૦ | સભ્યશ્રીનું નામ | શ્રી લિલત વસોયા | શ્રી લલિત વસોયા |
| ૨૬ | ૨૦૬૯૮ | ૨૦૭ | ૭૮ | પ્રશ્નનું શીર્ષક | સરકારી શાળાઓ | સરકારી પ્રાથમિક શાળાઓ |
| ૨૭ | ૨૦૪૫૨ | ૨૧૬ | ૮૨ | સભ્યશ્રીનું નામ | શ્રી જીતેન્દ્ર સુખડિયા | શ્રી જીતેન્દ્ર સુખડિઆ |
| | | | | પ્રશ્ન ખંડ-૨ ની પ્રથમ લીટી | ઉક્ત પડતર | ઉક્ત સ્થિતિએ પડતર |
| ૨૮ | ૨૦૫૨૨ | ૨૧૭ | ૮૨ | પ્રશ્ન ખંડ-૧ ની બીજી લીટી | ઓદ્યોગિક એકમોના | ઔદ્યોગિક એકમોના |
| ૨૯ | ૨૦૦૬૭ | ૨૩૬ | ૮૯ | પ્રશ્ન ખંડ-૧ ની પ્રથમ લીટી | છેલ્લા બે વર્ષમાં | છેલ્લા બે વર્ષમાં વર્ષવાર |
| | | | | પ્રશ્ન ખંડ-૧ ની ત્રીજી લીટી | સ્વાઈન ફ્લુ(સીઝનલ ફ્લુ) | સ્વાઈન ફ્લુ |
| ૩૦ | ૨૦૮૮૧ | ૨૪૫ | ૯૨ | પ્રશ્નનું શીર્ષક | ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના બાબત | ભારત-પ્રધાનમંત્રી યોજના બાબત |
| ૩૧ | ૨૦૯૩૭ | ૨૭૦ | ૧૦૩ | પ્રશ્ન ખંડ-૩ ની ત્રીજી લીટી | પેમેન્ટ કરવામાં આવે છે, અને | પેમેન્ટ કરવામાં આવેલ છે, અને |
| ૩૨ | ૨૦૮૭૧ | ૨૯૨ | ૧૧૨ | પ્રશ્નનું શીર્ષક | નવા પંચાયત | નવા ગ્રામ પંચાયત |
| ૩૩ | ૨૦૮૭૭ | ૩૦૨ | ૧૧૫ | પ્રશ્ન ખંડ-૧ ની બીજી લીટી | બે વર્ષમાં કેટલા લોકોને "માં" | બે વર્ષમાં "માં" |
| ૩૪ | ૨૦૯૭૬ | ૩૧૪ | ૧૨૧ | પ્રશ્ન ખંડ-૩ ની પ્રથમ લીટી | ઉક્ત ઉતપન્ન થયેલ | ઉક્ત ઉત્પન્ન થયેલ |
| ૩૫ | ૨૦૮૯૯ | ૩૨૧ | ૧૨૪ | સભ્યશ્રીનું નામ | શ્રી કે.એચ.બલર | શ્રી કાંતિભાઈ બલર |
| ૩૬ | ૨૦૮૪૨ | ૩૨૨ | ૧૨૪ | પ્રશ્ન ખંડ-૧ ની પ્રથમ લીટી | તા.૩૧/૧૨/૨૦૧૮ની સ્થિતિએ | તા.૩૧/૧૦/૨૦૧૯ની સ્થિતિએ |
| ૩૭ | ૨૦૯૯૫ | ૩૨૫ | ૧૨૫ | પ્રશ્ન ખંડ-૧ ની બીજી લીટી | પામી રહેવા જંગલ | પામી રહેલા જંગલ |
| | | | | પ્રશ્ન ખંડ-૩ ની બીજી લીટી | હેઠળ ઉધવારવામાં આવ્યો? | હેઠળ ઉધારવામાં આવ્યો? |
| ૩૮ | ૨૦૫૦૭ | ૩૨૭ | ૧૨૮ | જવાબ ખંડ-૧ ના કોલમની ત્રીજી લીટી | અંજરબ્રીજ | અંડરબ્રીજ |

************